

સાધુ સુંદર સિંગ

# વધસ્તંભ એજ સ્વર્ગ

સાધુ સુંદરસિંગનું
જીવન તથા તેમનાં લખાણ

2BGV2

World Christian Books No.13

# THE CROSS IS HEAVEN

**The Life and Writings**
**of**
**Sadhu Sundar Singh**

Edited by
**A.J.Appasamy**

Gujarati edition translated and printed by permission of
**WORLD CHRISTIAN BOOKS**

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

Photo of Sunder Singh by Henry Ferger

1995

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

વર્લ્ડ ક્રિશ્ચિયન બૂક્સ નં. ૧૩

# વધસ્તંભ એ જ સ્વર્ગ

## સાધુ સુંદરસિંગનું જીવન તથા તેમનાં લખાણ

અંગ્રેજીમાં સંપાદક :
એ.જે.આપાસામી,ડી. ફિલ., ડી. ડી.
કોઈમ્બતુરના બિશપ

ગુજરાતીમાં ભાષાંતરકાર :
વ. શ્રી. એસ. જે. ફ્રેન્ક, બી.એ.

૧૯૯૫





રેવ.હરજીતસિંહ રૂપસિંહ ઠાકોર

મૃત્યુ ૩૦-૧-૩૪

રાહેલબાઈ હરજીતસિંહ ઠાકોર

મૃત્યુ ૭-૧-૧૯૭૪

બ્રધરન મિશનના ખ્રિસ્તના અદના સેવકો વર્ષો પહેલાં કાળાપાણી જેવી સજા આપવા સરકારી માણસોને જયાં મોકલવામાં આવતા હતા એવા ગણાતા વ્યારા વિભાગના આદિવાસી પ્રદેશમાં આદિવાસીઓ મધ્યે કામ કરી કિકાકુઈ મંડળીના આદ્યસ્થાપક થઈ પ્રાણાર્પણ કરનાર ખ્રિસ્તના વિશ્વાસુ સેવક રેવ. હરજીત સિંહ રૂપસિંહ ઠાકોર અને તેમના પત્ની જેઓ જિંદગીભર શિક્ષિકા અને નિવૃત્તિ બાદ બાઈબલ વુમનની સેવા બજાવી. આદિવાસીઓ મધ્યે વ્યારા વિભાગ અને અંકલેશ્વરના ગામડે ગામડે ફરી પંદર પંદર દિવસના કેમ્પ કરી સ્ત્રીઓને આરોગ્યનું, અક્ષરજ્ઞાનનું ધાર્મિક શિક્ષણ આપી, રાત્રી દરમ્યાન જાહેર સભાઓ ભરી, મેજીક લેન્ટન દ્વારા ખ્રિસ્તનો સંદેશો લોકો સુધી પહોંચાડનાર રાહેલબાઈ હરજીતસિંહ ઠાકોર જેમના વિષે વી.ટી.કોલેજના તે વખતના એક મિશનેરીની સાક્ષી હતી કે ''તમારા સુવાર્તિકો કરતાં મારી બાઈબલ વુમનનું કામ જુઓ તે ઘણુ પ્રશંસનીય છે.''

# બે બોલ

ગુજરાતમાંની જુદી જુદી પાંચમંડળીઓના સહકાર થી ચાલતી ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીની સાહિત્ય પ્રકાશન સંસ્થાએ છેલ્લા એક દશકામાં જે અપ્રાપ્ય પુસ્તકો હતાં તેને ફરીથી છપાવી પ્રભુના લોકો તથા સુવાર્તાના કાર્યની મોટી સેવા કરી છે. વધસ્તંભ એ જ સ્વર્ગ જે સૌપ્રથમ ઈ.સ. ૧૯૬૭માં પ્રથમ છપાઈને બહાર પડેલું પુસ્તક જેને ઈ.સ. ૧૯૭૧ તથા ઈ.સ. ૧૯૭૪માં પુનઃમુદ્રણ કરી લગભગ ૬ હજાર નકલો વેચાઈ ગઈ તેને આજે ૨૧ વર્ષ પછીથી ફરીથી છપાવવામાં આવ્યું છે.

આ પુસ્તકના વાચનથી પ્રભુના લોકોને ૨૦મી સદીના મહાન સુવાર્તિક સાધુ સુંદરસિંગનું જીવન વૃત્તાંત મળી રહેશે અને પ્રભુને ખાતર તેમણે જે દુઃખો સહન કર્યા તેમાંથી નવું બળ તથા ઉત્તેજન મળશે અને તેમનાં લખાણોની મારફતે ખ્રિસ્તી જીવનમાં વૃધ્ધિ પામશે એવી મારી વાંચકોને માટે શુભ આશા તથા પ્રાર્થના છે.

આ પુસ્તકના પ્રકાશન માટે પુષ્પાબહેન ઠાકોર તરફથી રૂ.૫૦૦૦/નું જે ઉમદા દાન તેમનાં મરહૂમ માતા પિતાની સ્નેહ સ્મૂતિમાં મળ્યું તેની આભાર સાથે નોંધ લઉં છું.

ઈમાનુએલ સી. ક્રિસ્ટી
સેક્રેટરી
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

બાળદિન, ૧૯૯૫
અમદાવાદ

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ........................................ VI-XXX

પ્રકરણ

૧ લું વધસ્તંભનો સ્વામી ........................ ૧

૨ જું વધસ્તંભદ્વારા તારણ ........................ ૯

૩ જું વધસ્તંભ એ જ સ્વર્ગ છે ........................ ૧૬

૪ થું વધસ્તંભના ધુરંધરો ........................ ૨૬

૫ મું એક તત્વવેત્તા અને એક સંત ........................ ૩૨

૬ ઠ્ઠું એક શોધક અને જીવંત ખ્રિસ્ત ........................ ૪૧

૭ મું ઈશ્વર અને પોતા વિષેનું જ્ઞાન ........................ ૪૯

૭ મું પ્રકીર્ણ ........................ ૫૫



**મુદ્રક : સ્કીનડોટ પ્રિન્ટર્સ**

સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ફોન : (R)-469734

પ્રથમાવૃતિ ૧૯૬૭ પ્રત, ૨૦૦૦

રીપ્રિન્ટેડ ૧૯૭૧ પ્રત, ૨૦૦૦

રીપ્રિન્ટેડ ૧૯૭૪ પ્રત, ૨૦૦૦

રીપ્રિન્ટેડ ૧૯૯૫ પ્રત, ૨૦૦૦

**મૂળ કીમત : રૂા. ૨૦ /-**

# પ્રસ્તાવના

વિશ્વ મંડળીને સુંદરસિંગનું જીવન વૃત્તાંત અને શિક્ષણ અતિ કીમતી છે. જેમાં દુનિયાની વિવિધ દેશજાતિઓ પોતાનાં ખાસ પ્રદાનો કરી શકે, તેવી વિશ્વ મંડળીના સંદર્ભમાં આજે આપણે વિચારીએ છીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા જયારે સાર્વજનિક મહત્વની છે તેવે વખતે, જુદી જુદી પ્રજાઓનું વલણ, આ સુવાર્તાનાં વિવિધ પાસાંઓ પર ભાર મૂકવા પર રહે છે. જુદા જુદા દેશોમાં અત્યારે ખ્રિસ્તી ધર્મના જુદા જુદા અર્થ તારવવામાં આવે છે, તે સર્વનું સંકલન કરવું હિતાવહ છે. એ બધા અર્થો, પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા કેવી સમૃદ્ધ છે, તેનો નિર્દેશ કરે છે.

સુંદરસિંગને તેની બાલ્યાવસ્થાથી જ, જીવન અને સંસ્કારની દિશામાં, જે કંઈ શ્રેષ્ઠ, ભારત આપી શકે તેવું શિક્ષણ મળ્યું હતું. ૧૮૮૯ના સપ્ટેમ્બર માસની ત્રીજી તારીખે પંજાબના રામપુર નામના ગામમાં તેનો જન્મ થયો હતો. તેનો બાપ પૈસેટકે સુખી હતો, ને ઘઉંની ખેતી માટેની વિશાળ જમીનનો તે માલિક હતો. સુખચેનમાં તેનો ઉછેર થયો હતો. શીખધર્મ, જે મૂળે તો હિંદુધર્મ અને ઈસ્લામમાં જે શ્રેષ્ઠ તેનું મિશ્રણ છે, તે ધર્મ તેનાં માબાપ પાળતાં હતાં. શીખ સંપ્રદાય, મૂર્તિપૂજા અને ન્યાતજાત વિના કેવળ એક ઈશ્વરને ભજવાનું શીખવતો હતો. પણ સુંદરસિંગના કુટુંબમાં શીખધર્મ જેટલો જ હિંદુ ધર્મ અગત્યનું સ્થાન ભોગવતો હતો. તેની મા અતિ ધાર્મિક સ્ત્રી હતી, અને સુંદરસિંગને બચપણથી જ ઈશ્વરની ભક્તિ કરવાનું, ને તેના એકલાની જ આરાધના કરવાનું શીખવવામાં આવ્યું હતું. સવારમાં વહેલી ઊઠીને તે ગીતાનો અને બીજા ધાર્મિક પુસ્તકોનો પાઠ કરતી. જમ્યા અગાઉ સુંદર, ઈશ્વરની પ્રાર્થના કરે તેનો તે આગ્રહ સેવતી. શરૂઆતના એ દિવસોમાં પોતાથી બને તે બધું ધાર્મિક શિક્ષણ તે પોતે તેને આપતી. તે તેને શીખવતી કે તારે સાધુ, એટલે જે પવિત્ર માણસ દુનિયાનો ત્યાગ કરી સંપૂર્ણ રીતે ઈશ્વરની પાછળ ચાલે છે, એવો સાધુ થવું જોઈએ.

પાછલાં વર્ષોમાં સુંદરસિંગ વારંવાર એમ કહેતો, કે મારી માએ મને સાધુ બનાવ્યો પણ પવિત્ર આત્માએ મને ખ્રિસ્તી કર્યો.

તે મોટો થયો, ત્યારે વધુ આધ્યાત્મિક શિક્ષણ અર્થે, સુંદરસિંગને તેની માએ એક હિંદુ પંડિત અને હિંદુ સાધુને હવાલે સોંપ્યો. તેના હિંદુ શિક્ષકોએ, તેને ભગવત ગીતા શીખવી, ને સાત વર્ષની નાની ઉંમરે તો આખી ભગવત ગીતા તેને મોઢે થઈ ગઈ, વળી તેમણે તેને હિંદુ તત્વજ્ઞાનના કેટલાક જરૂરી ને મૂળભૂત સિદ્ધાંતો શીખવ્યા-ખાસ કરીને ઈશ્વર એ જ એ એકમાત્ર સત્ય છે. ને આપણે બધા તેનામાં એકરૂપ છીએ. આ પ્રકારના શિક્ષણથી અસંતુષ્ટ થઈને, જે શાંતિ માટે સુંદરસિંગ ઝંખતો હતો, તે કેમ મેળવવી એ જાણવા તે દેબાણ કરતો, ત્યારે તેઓ એમ કહીને આ પ્રશ્ન ટાળવાનો પ્રયત્ન કરતા, કે તું મોટો થશે ત્યારે એ બધું સમજશે; પણ તે કહેતો "જે છોકરો ભૂખ્યો છે, તેને તે મોટો થાય ત્યાં સુધી રોટલીની રાહ જોવાનું તમે કેવી રીતે કહી શકો? તેની ક્ષુધા સંતોષવા તેને તો રોટલીની તાત્કાલિક જરૂર છે." તેના શિક્ષકો તેને જે ધાર્મિક શિક્ષણ આપતા હતા, તેના શ્રવણ ઉપરાંત જુદા જુદા ધર્મોનાં ધાર્મિક પુસ્તકોનો તે રાતદિવસ અભ્યાસ કરતો હતો, અને તે માટે ઘણી વાર તે મધરાત સુધી વાંચ્યા કરતો. તેનો બાપ તેને ઠપકો આપતાં કહેતો, "આ શું ગાંડપણ લઈ બેઠો છે? આટલું બધું, ને મોડે સુધી વાંચવાથી તું તારી તબિયત અને દૃષ્ટિને નુકસાન પહોંચાડીશ. તારી ઉંમરના છોકરાઓ તો રમતગમતમાં પોતાનો સમય વિતાવે છે, અને આ રીતનો અભ્યાસ કરતા નથી." રામપુરમાં અમેરિકન પ્રેસ્બિટેરીયન મિશનની શાળા હતી, તેમાં સુંદરને દાખલ કર્યો, પરંતુ ઈસુ ખ્રિસ્તનો ધર્મ પરદેશી ધર્મ માનીને, સુંદરસિંગ તેને ધિક્કારતો. જયારે તેને ખ્રિસ્તનું સંદર્શન થયું, ને તે ખ્રિસ્તનો શિષ્ય બન્યો ત્યારે તે તેની ધાર્મિક પરાકાષ્ઠાએ પહોંચ્યો. તેના બદલાણની કથા તેના પોતાના

જ શબ્દોમાં સાંભળીએ :

હિંદુ તત્ત્વજ્ઞાનમાં મને કશું જડયું નહિ. કેવળ ઈસુ ખ્રિસ્ત, જેને હું ધિક્કારતો હતો, તેનામાં જ મને શાંતિની પ્રાપ્તિ થઈ. હું આત્મિક રીતે અંધ હતો, પણ લાંબા વખતથી હું જેની શોધમાં હતો, તે મને ખ્રિસ્તમાં મળી આવ્યું. મેં જયારે પવિત્રશાસ્ત્રને અગ્નિમાં બાળ્યું ને મારા બાપે ત્યારે પૂછેલું કે ''આવું મૂર્ખાઈભર્યું કામ તું શા માટે કરે છે?'' એ ૧૯૦૪ ના ડિસેમ્બરની ૧૬મી તારીખનો દિવસ હું કદી ભૂલવાનો નથી. મેં ત્યારે જવાબ આપેલો કે ''પશ્ચિમનો આ ધર્મ ખોટો છે, આપણે તેનો વિનાશ કરવો જ જોઈએ.'' આથી મેં પવિત્રશાસ્ત્ર બાળ્યું, ને મનમાં માની લીધું, કે મેં મારી ફરજ અદા કરી છે, ત્રીજે દહાડે મને જીવતા ખ્રિસ્તનું પરાક્રમ જોવા મળ્યું. તે ત્રીજા દિવસે હું આપઘાત કરવાના નિશ્ચયમાં હતો, કારણ કે મારા હૃદયમાં જરાએ શાંતિ નહોતી. હું સવારે વહેલો જાગી ઊઠયો. શિયાળો ચાલતો હતો, ને મેં ઠંડે પાણીએ સ્નાન કરી લીધું. પછી હું પ્રાર્થના કરવા લાગ્યો, પણ ખ્રિસ્તીધર્મના ખ્રિસ્તની નહિ, કારણ કે ખ્રિસ્તી ધર્મને તો હું ધિક્કારતો હતો. પણ એક નાસ્તિકની પેઠે મેં પ્રાર્થના કરી, કારણ કે ઈશ્વર પરની શ્રધ્ધા તો હું ગુમાવી બેઠો હતો. મે કહ્યું ''જો ઈશ્વર હોય, તો તેણે મને તારણનો માર્ગ બતાવવો જોઈએ, નહિ તો હું આત્મહત્યા કરીશ'' વહેલી પરોઢના ૩ થી ૪॥ સુધી હું પ્રાર્થનામાં લાગુ હતો. લગભગ ૫ વાગે મારું મસ્તક રેલના પાટા પર મૂકીને હું આપઘાત કરવાનો હતો, એટલે શુમારે અર્ધા કલાકની જંવાર હતી. તેટલામાં તો મેં જેની કદી કલ્પના કરી નહોતી, તેવી કંઈક ઘટના બની ગઈ. ઓરડીમાં અજાયબ જેવો પ્રકાશ પથરાઈ ગયો, ને ઓરડીમાં મેં એક ગૌરવવાન પ્રતિમાને ઊભેલી જોઈ. મેં ધાર્યું કે કદાચ એ બુદ્ધ, કૃષ્ણ કે બીજો કોઈ સંતપુરુષ, જેની હું ભક્તિ કરતો હતો, તે હશે, ને એવી ભક્તિ કરવા હું તત્પર પણ હતો. ત્યાં તો આ શબ્દો સાંભળીને હું દિગ્મૂઢ થઈ ગયો : ''કયાં સુધી તું મારી સતાવણી કરીશ? હું તારે

માટે મરી ગયો; તારે જ માટે મેં મારો પ્રાણ આપી દીધો.'' હું કશું સમજી શકયો નહિ, એકે હરફ ઉચ્ચારી શકયો નહિ. પછી જીવતો ખ્રિસ્ત, જેને હું પાલેસ્ટાઈનમાં થઈ ગયેલા એક મહાપુરુષ તરીકે ગણતો હતો ને જે અત્યારે મરણ પામેલો હતો, તેના શરીર પરના ઘા જોયા. પણ તે તો મને જીવતો જાગતો દેખાયો-જીવંત ખ્રિસ્ત, અવસાન પામેલો નેસ્તનાબૂદ થયેલો, એવો નહિ. હું તેનું ભજન કરવા હવે ઉત્સુક બન્યો મેં તેનું પ્રેમાળ મુખ દીઠું. ત્રણેક દિવસ પર તો મેં પવિત્રશાસ્ત્રને બાળ્યું હતું, છતાં તે ગુસ્સામાં નહોતો. મારું બદલાણ થઈ ગયું ત્યાં જ મેં જીવતા ખ્રિસ્તને જગતના તારણહારને ઓળખ્યો, અને મારું હૃદય આનંદ અને શાંતિથી એવું તો ભરાઈ ગયું જેનું વર્ણન હું કરી શકતો નથી. જયારે હું ઊઠીને ઊભો થયો, ત્યારે તો તે અંતર્ધાન થઈ ગયો હતો. આ વર્તમાન મારા બાપને કહેવા હું દોડી ગયો. તે આ બધું માની શકયા નહિ. ''માત્ર પરમ દહાડે તો તેં પવિત્રશાસ્ત્ર બાળ્યું હતું. હવે તું ખ્રિસ્તી બની ગયો છે, તે કેમ મનાય?'' ''કારણ કે હવે મેં તેનું પરાક્રમ જોયું છે, તે જીવતો ખ્રિસ્ત છે. કેવળ કલ્પનામાં જ મેં તેને દીઠો નહોતો, કારણ કે સંદર્શન અગાઉ તો હું તેને ધિકકારતો હતો, ને તેની ભક્તિ કરતો નહોતો. જો તે બુદ્ધ હોત તો તમે તેને કદાચ કલ્પનાતીત કહી શકત, કારણ કે, હું બુદ્ધની ભક્તિ કરતો હતો. વળી તે સ્વપ્ન પણ નહોતું. ઠંડા પાણીના સ્નાન બાદ કોઈને સ્વપ્ન આવતું નથી. જીવતો ખ્રિસ્ત તે તો નરી સત્ય હકીકત છે.''

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જે સંદર્શન સુંદરસિંગને થયું હતું તે ખ્રિસ્તનો અનુયાયી થવાનો તેણે જે સંકલ્પ કર્યો હતો, તે બાબતની તેનાં સગાંવહાલાંઓએ પ્રથમ તો કંઈ ગંભીર નોંધ લીધી નહિ. તેમને એમ લાગ્યું કે જો તે ખ્રિસ્તી બની જશે તો એ બીના કુટુંબ માટે ભારે અપમાનજનક થઈ પડશે. તેથી ખ્રિસ્તી થવાનો વિચાર પડતો મૂકવા તેમણે તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો. જયારે તેમના પ્રેમાળ ને નમ્ર શબ્દો, અને દલીલો નિષ્ફળ નીવડયાં, ત્યારે તેમણે તેને ક્રૂર અને કઠોર

પ્રકારની ધમકીઓ આપવા માંડી, પોતે શીખ ધર્મનો ખરેખર ત્યાગ કર્યો છે. તેની પ્રતીતિ કરાવવા શીખ તરીકે લાંબા સમયથી જે લાંબા વાળ તે રાખતો હતો તે તેણે કપાવી નાખ્યા; પછી તેઓએ તેને ઘરમાંથી કાઢી મૂકયો. પણ તેણે ઘર છોડયું, તે અગાઉ તેઓએ તેના ખોરાકમાં ઝેર ભેળવ્યું હતું. આશ્રય માટે જયારે તે એક ખ્રિસ્તી મિત્રને ઘેર પહોંચ્યો, ત્યારે તેને અપાયેલા ઝેરની અસર થઈ ચૂકી હતી, ને તે લગભગ મરવાની અણી પર આવી ગયો હતો. જે દાકતર તેને તપાસવા બોલાવવામાં આવ્યો હતો, તેણે દવા આપવાની સાફ ના પાડી, કારણ કે તે એમ બોલ્યો કે જો આ છોકરો મરી જશે, તો દોષનો ટોપલો મારે શિર આવશે. પણ સુંદરને તો ચોકકસ ખાતરી હતી, કે હું સાજોસમો થઈ જઈશ, અને બન્યું પણ એમ જ. દાક્તરે જયારે આ જોયું ત્યારે તેને એટલી બધી અસર થઈ, કે બે વર્ષ પછી તે પોતે ખ્રિસ્તી થયો ને સુવાર્તાનો ધર્મસેવક બન્યો.

મિશનરી સાહેબોએ સુંદરસિંગને, લુધિયાનામાં અમેરિકન પ્રેસ્બિટેરીયન મિશન તરફથી ચાલતી માધ્યમિક શાળામાં અભ્યાસ કરવા મોકલી આપ્યો, તે વખતે તેની ઉંમર કેવળ ૧૫ વર્ષની હોવાથી, તેને બાપ્તિસ્માનો સંસ્કાર આપી શકાયો નહિ, અને હિંદમાં કાયદાની એવી જોગવાઈ હતી, કે કોઈ પણ અન્યધર્મી કિશોર ૧૬ વર્ષનો ન થાય ત્યાં સુધી તેનું બાપ્તિસ્મા થઈ શકે નહિ.

૧૯૦૫ના સપ્ટેમ્બરની બીજી તારીખે સુંદરસિંગને, સીમલાના રેવ. જે. રેડમેન નામના, સી.એમ.એસ.ના મિશનરી સાહેબ તરફ ઓળખપત્ર સાથે મોકલી આપવામાં આવ્યો. શ્રી રેડમેને આ કિશોરને બહુ કાળજીપૂર્વક તપાસ્યો. ખ્રિસ્તના જીવન અને શિક્ષણ વિષેના સુંદરને મળેલા જ્ઞાનથી તેઓ ઘણા પ્રભાવિત થયા. તેમને ખાતરી થઈ, કે સુંદર ખરેખરો આસ્તિક હતો, અને તેને ખ્રિસ્તનો પોતાના તારણહાર તરીકેનો અંગત અનુભવ કયારનોએ થઈ ચૂકયો હતો. છોકરાએ તેમને કહ્યું કે મને બાપ્તિસ્મા નહિ આપો તોપણ હું જઈને સુવાર્તા

પ્રચાર કરીશ. ખ્રિસ્તનું નામ પ્રગટ કરવાની આટલી બધી મજબૂત ધગશ તેનામાં હતી. ૧૯૦૫ના સપ્ટેમ્બરની ત્રીજી તારીખે, તેને ૧૬ વર્ષ પૂરાં થતાં જ, સીમલામાં સેંટ થોમસ ચર્ચમાં શ્રી. રેડમેને સુંદરને બાપ્તિસ્મા આપ્યું.

ઘણાં વર્ષોથી સુંદરસિંગે, તેની મા તેનેહંમેશાં પ્રોત્સાહન આપતી તે મુજબ સાધુ થવાનો વિચાર કરી રાખ્યો હતો. હવે બાપ્તિસ્મા લીધા બાદ તેણે ખ્રિસ્તી સાધુ બનવાનો નિશ્ચય કર્યો, ને ૧૯૦૫ ના ઑક્ટોબરની છઠ્ઠી તારીખે, એટલે બાપ્તિસ્મા લીધા પછીના પૂરા ૩૩ દિવસ બાદ, તેણે એ પ્રકારના જીવનની શરૂઆત કરી. તેણે મનમાં નક્કી કર્યું કે ખ્રિસ્તની સુવાર્તા પ્રચારાર્થે, હું એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કરીશ, અને આ કામને માટે હું કોઈની પાસેથી નાણાં લઈશ નહિ. જો કોઈ આમંત્રણ આપશે, તો તેના ઘેર ઊતરીશ, નહિ તો કોઈ ઝાડ નીચે કે પહાડની ગુફામાં વાસો કરીશ. તેની ધર્મસેવાની શરૂઆતના દિવસોમાં તે આદર્શને વિશ્વાસુપણે વળગી રહ્યો. ખાસ કરીને અજાણ્યાં સ્થળોએ તેને ઘણી વાર ભૂખ્યા રહેવું પડતું, ને પર્વતોની બખોલમાં પડી રહેવું પડતું. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ, તે પોતાનો સુતરાઉ કાપડનો પાતળો પીળો ઝભ્ભો પહેરી રાખતો. એજ લેબાસમાં તેણે દુનિયાના દેશોની મુસાફરી કરી.

ઓગસ્ટ ૧૯૦૬ થી નવેમ્બર ૧૯૦૭ સુધી સુંદરસિંગે, એસ. ઈ. સ્ટોકસ નામનો એક અમેરિકન શ્રીમંત જુવાન, જે પ્રભુ ઈસુ અને સંત ફ્રાન્સિસ ઑફ આસિસી જેવાના જીવનમાં દષ્ટિગોચર થતા, એક ભિક્ષુ મઠવાસીના આદર્શોની અસર નીચે આવ્યો હતો, તેના સાથ સહકારમાં રહીને કામ કર્યુ. બંને જણ પ્લેગ, કોઢ, કોલેરા, અને દુષ્કાળ જેવા પ્રસંગોમાં સાથે સેવાનું કામ કર્યુ. તે વખતના સુંદરસિંગના જીવનનું ટૂંકું, છતાં રસિક ચિત્ર સ્ટોકસે નીચે પ્રમાણે આપ્યું છે. :-

"જોકે સુંદરસિંગ હજી કિશોરાવસ્થા વટાવી ગયેલા છોકરા કરતાં કંઈ વિશેષ નથી, છતાં તેણે પોતાના સ્વામી માટે ભૂખ, ઠંડી મંદવાડ અને કેદ સુદ્ધાં સહન કર્યાં છે. આંતર પ્રદેશમાં સેંકડો ગાઉ સુધીનો પ્રવાસ અમે ખેડયો હતો, અને ઘણા અનારોગ્ય પ્રદેશમાં થઈને અમારે પસાર થવું પડયું હતું. સુંદરસિંગ પર દરરોજ તાવના હુમલા થતા હતા, ને તે ઉપરાંત તે તીવ્ર અજીરણના દર્દથી પીડાતો હતો. છેવટે એક રાત્રે અમે જયારે એકલા ધીમેધીમે આગળ ધપતા હતા, ત્યારે સુંદરસિંગની સ્થિતિ એટલી બધી બગડી, કે તે આગળ ચાલી શકયો નહિ, અને મૂર્છા ખાઈને રસ્તા પર ઢળી પડયો. અમારો રસ્તો પહાડોમાં થઈને જતો હતો, અને તેની એક બાજુએ કાંઠા જેવું હતું. હું તેને ત્યાં ખેંચી ગયો. અને તે કાંઠા પર તેના પગ કરતાં માથું ઊંચું રહે, એ રીતે તેને ગોઠવ્યો. તાવના હુમલા પહેલાં આવતી ઠંડીથી તે ધ્રૂજતો હતો, ને તેના પેટમાં થતા દર્દને લીધે તેનો ચહેરો ખેંચાઈ ને વ્યગ્ર દેખાતો હતો. મને પુષ્કળ ચિંતા થતી, કારણ કે અમે એકલા અટૂલા, પગે ચાલતા વટેમાર્ગુ હતા, અને હવામાન અતિશય ઠંડું હતું. તેના કાન આગળ નીચા નમી, તેને કેમ છે એમ મેં પૂછયું. હું જાણતો હતો કે ફરિયાદ કરવી, તે તેના સ્વભાવમાં નહોતું, પણ તેણે જે જવાબ આપ્યો તે માટે હું જરાએ તૈયાર નહોતો. તેણે આંખો ઉઘાડી, ને ફિકકું હસ્યો, પછી ભાગ્યે જ સંભળાય એવા ધીમા અવાજે તે બોલ્યો, "હું બહુ સુખી છું. તેના નામની ખાતર સહેવું તે કેટલું બધું મધુર છે!"

૧૯૦૯ થી ૧૯૧૧ સુધી સી. એફ. એન્ડ્રુઝ, જે તે વખતે દિલ્હીમાં સેંટ સ્ટીવન કોલેજમાં અધ્યાપક હતા, તે ઉનાળાની રજાઓમાં સીમલા ટેકરીઓ પર આવેલા કોટગઢમાં હવા ખાવા જતા. ત્યાં તે સુંદરસિંગ સાથે નિકટવર્તી ને ઘાડા પરિચયમાં આવ્યા, કેમ કે સુંદરસિંગ પણ તેના સુવાર્તા પ્રચારના અવિરત પ્રવાસમાં, વચ્ચે વચ્ચે થોડો આરામ લેવા, ઉનાળામાં ત્યાં જતો હતો. તેમની મૈત્રી વિકસી, અને સુંદરસિંગના જીવનનાં અંત સુધી તે ટકી

રહી. સુંદર અને તેના કાર્યનાં, ખાસ કરીને જયારે તે કીર્તિને વર્યો નહોતો ત્યારનાં તેનાં શરૂઆતનાં વર્ષોના પ્રસંગોનાં કેટલાંક રસિક દશ્યો દીનબંધુ એન્ડ્રુઝે આપણને આપ્યાં છે. ૧૯૦૭માં, કોટગઢના નાનકડા ખ્રિસ્તી મંદિરમાં લાહોરના બિશપ લેફ્રોયે સુંદરસિંગના સ્થિરીકરણની ગંભીર ક્રિયા કરી તે પ્રસંગનું વર્ણન એન્ડ્રુઝે કર્યું છે. રવિવારે સવારે તે ગ્રામ્ય મંડળીના સભાસદો, બિશપનું સ્વાગત કરવા સૂર્યના ખુલ્લા પ્રકાશમાં ઊભા રહ્યા હતા. વરસાદ પડવો બંધ થયો હતો ને હવા સ્વચ્છ ને ખુશનુમા હતી. ભજનસેવામાં ધ્યાન ખેંચે તેવી શાંતિ પથરાઈ હતી. દઢીકરણ માટેના તમામ ઉમેદવારો સફેદ વસ્ત્રમાં સજજ થઈને આવ્યા હતા, ને હાથ મૂકવાથી મળતા પવિત્ર આત્માના દાનનો સ્વીકાર કરવા-એક પછી એક તેઓ આગળ આવ્યા. સૌથી છેલ્લો વારો સુંદરસિંગનો આવ્યો. ભજનસેવા બાદ જયારે બિશપ સાહેબે તેની સાથે હસ્તધૂનન કર્યું, અને ઈશ્વરનો આશીર્વાદ તેની ઉપર ઊતરી આવે, એવી શુભેચ્છા દર્શાવી, ત્યારે તેનો ચહેરો નિશ્ચલ શ્રદ્ધાથી, અને યૌવનના તેજોમય તરવરાટથી દેદીપ્યમાન દેખાતો હતો.

શરૂઆતનાં વર્ષોમાં સુંદરસિંગે તેની સેવાની શરૂઆત કેવી રીતે કરી તેનાં કેટલાંક ઉદાહરણો હું અત્રે આપું છું. એક રાત્રે કોટગઢમાં તે પ્રાર્થનામાંથી ઊભો થયો, અને એકલો બહાર જવા તૈયાર થયો. રાત્રીના એ પ્રસંગે જંગલમાં થઈને એકલા જવામાં ઘણાં જોખમો હતાં. પરોઢિયું થાય, ત્યાં સુધી થોભી જવા મિત્રોએ તેને સમજાવ્યો. સુંદરસિંગે તેમની શિખામણને કશી દાદ આપી નહિ, અને રાતના તે જ સમયે નીકળવાનો આગ્રહ રાખ્યો. થોડા દિવસની ગેરહાજરી બાદ જયારે તે પાછો આવ્યો, ત્યારે તેણે કહ્યું કે જે માણસને હું મળવા ગયો હતો, તે ઘણા દિવસથી માંદો હતો, ને તેને મારી સેવાની ઘણી જરૂર હતી. પવિત્ર આત્માની હાકલને ત્વરિત માનીને પરિણામની પરવા કર્યા સિવાય, ચાલી નીકળવું એ ખ્રિસ્તી તરીકેના સુંદરસિંગના સમગ્ર

જીવનનું લક્ષણ હતું.

સત્ર દરમિયાન તે દિલ્હીમાંની સેંટ સ્ટીવન કોલેજમાં જતો અને કંઈક સમય ત્યાં ગાળતો. છાત્રાલયના ખ્રિસ્તી યુવકો સાથે તે મોડી રાત સુધી વાતો કરતો બેસતો. તે પણ તેમના જેવો જ જુવાન હતો, ને તેના દિલેર જુસ્સાએ તેમના પર ઘણી અસર કરી તેમાંનો એક વિદ્યાર્થી જે ક્રિકેટનો ઉસ્તાદ ખેલાડી, ને કસરતબાજ પણ હતો તેણે સરકારી નોકરીનાં પ્રલોભનો જતાં કરી, પ્રત્યક્ષ ખ્રિસ્તી સેવાનું કામ સ્વીકાર્યું. બીજા એક વિદ્યાર્થીએ ચર્ચ ઓફ ક્રાઈસ્ટનો ધર્મસેવક થવાનું, ને પ્રાર્થના ને સેવામય જીવન જીવવાનું નકકી કર્યું. કોલેજનો એક હરિજન કર્મચારી માંદો પડયો હતો, સાધારણ રીતે વિદ્યાર્થીઓએ તેના પર કંઈ ધ્યાન આપ્યું ન હોત કારણ કે તે 'અસ્પૃશ્ય' હતો પણ એક વિદ્યાર્થી જે સાધુના ઘણા બધા સંસર્ગમાં આવ્યો હતો, તેની સાથે હરિજનના મહોલ્લામાં રહ્યો, અને માંદગીમાં તેની માવજત કરી.

દીનબંધુ એન્ડ્રુઝ એ વાતની સ્પષ્ટતા કરે છે કે ગ્રામ્ય પ્રદેશના એક શીખ છોકરા તરીકે, સુંદરસિંગ આપોઆપ જ આધ્યાત્મિક કે દૈવી અસરોમાં માનતો થયો હતો. તેના પોતાના સ્વભાવે, તેમ જ જે પ્રાર્થના અને ચિંતનમાં તે મગ્ન રહેતો હતો, તેની લાંબી અસરોએ, તેની શરૂઆતની માન્યતાઓને સમર્થન આપ્યું. પોતાના ભક્તોનું, સતાવણી અને મરણથી સંરક્ષણ કરવા માટે ઈશ્વર હરહંમેશ ચમત્કાર કરતો હતો, એવી શ્રદ્ધા રાખવી, તેને માટે સહેલું હતું. બીજા શબ્દોમાં કહીએ તો તે હંમેશાં, સ્વપ્ન,. દર્શન અને ચમત્કારોની ભૂમિમા વસતો હતો, અને ઘણી વખતે, જે વિચારો તેને આવતા, ને દર્શનો થતાં તે અને બાહ્ય જગતમાં જે બનાવો બનતા હતા, તે બંને વચ્ચેનો ભેદ તે પારખી શકતો નહોતો. તેની માન્યતાનો ઝોક એવો હતો કે તેનાં સ્વપ્નો અને સંદર્શનો કેવળ તેના મગજ કે મનમાં જ નહિ, પણ તેના જીવનમાં ખરેખાત બન્યાં હતાં.

૧૯૦૯માં બિશપ લેફ્રોયએ, સુંદરસિંગને દીક્ષિત ધર્મસેવક બનાવવાના હેતુથી, ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કરવા, લાહોરની સેંટ જોનની ઈશ્વરવિદ્યાશાળામાં મોકલ્યો. સુંદરસિંગ બિશપ લેફ્રોયને ખરા અંતઃકરણથી ચાહતો હતો, ને તેમના તરફના સદ્દભાવને લીધે, તે ત્યાં જવા કબૂલ થયો. પણ ઈશ્વરવિદ્યાશાળાના જીવનમાં તે સમરસ થઈ શકયો નહિ. ત્યાંની તેની જિંદગી, તેને બૌદ્ધિક વ્યવસાયના સંશોધન માટે અતિ ભરપૂર એવી, અને પ્રાર્થના દ્વારા ખ્રિસ્તના ચરણ પાસે બેસવા માટેનો પૂરતો સમય ગાળવા માટે અવરોધક જેવી લાગી. તેને ખાતરી થઈ ચૂકી હતી, કે ગમે તેટલાં વિદ્વતાભર્યાં પુસ્તકોના અભ્યાસકરતાં, ખ્રિસ્તીધર્મના સ્થાપક અને અધિકારી પાસે પ્રાર્થનામય રાહદ્વારા જવાથી, તે ધર્મ વિષે પોતે ઘણું શીખી શકશે. પોતાને ખ્રિસ્તનું જે દર્શન થયું હતું તેનો પાસ તેના સહાધ્યાયીઓને લાગ્યો નહોતો, અને સેવા ને સ્વાર્પણના જે આદર્શ પ્રમાણે તે ચાલવા ઈચ્છતો હતો, તે તેઓ જેમ જોઈએ તેમ સમજયા નહોતા. એન્ડ્રુઝ કહે છે, કે સુંદરસિંગ પિંજરમાં પુરાયેલા જંગલના પક્ષી જેવો હતો. કોટગઢનું મુક્ત અને આનંદી વાતાવરણ અહીં નહોતું, ને તે સાથે ત્યાંની ટેકરીઓની શાંતિ અને એકાંતનો અભાવ હતો, અને તે તેથી તદ્દન સુખી નહોતો. જયારે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે સુંદરસિંગ કોઈ પણ ખ્રિસ્તી દેવળમાં ઉપદેશ કરવા, ને ત્યાં પવિત્ર પ્રભુભોજનનો સંસ્કાર લેવા મુક્ત હશે કે કેમ, ત્યારે બિશપ સાહેબે તેને સ્પષ્ટ જણાવ્યું કે તે એ પ્રમાણે કરી શકતો નથી. કેવળ એંગ્લિકન સંગતવાળા મંદિરોમાં જ તે ધર્મસેવાનું કામ કરી શકશે. સુંદરસિંગ ને લાગ્યું, કે ખ્રિસ્તી મંડળીના સાર્વજનિક પ્રકાર અનુસાર, એ બરાબર નથી. તેથી ઊંડા મંથન ને પ્રાર્થના બાદ, જ્યાં તેણે આઠ માસ કરતાં ઓછો સમય ગાળ્યો હતો, તે ઈશ્વરવિદ્યાશાળાને તિલાંજલી આપી દીધી.

સેંટ જોનની ઈશ્વરવિદ્યાશાળાના પોતાના જીવન સંબંધી

પાછળથી તેણે નીચે મુજબ વર્ણન કર્યું છે. :-

''બેશક, ઘણી ઉપયોગી ને રસિક બાબતો હું ત્યાં શીખ્યો, પણ તે બધી આત્મિક રીતે ઝાઝી લાભદાયી નહોતી. ત્યાં જુદા પંથો, ઈસુ ખ્રિસ્ત વિષે, અને બીજી ઘણી રસિક બાબતો વિષે ચર્ચા ચાલતી હતી. પણ ખરૂં અને વાસ્તવિક સત્ય, જે આ તમામ વસ્તુઓનું હાર્દ હોવું જોઈએ તે તો મને સ્વામીના ચરણ પાસે બેસવાથી જ પ્રાપ્ત થયું. જ્યારે કલાકો સુધી પ્રાર્થના દ્વારા હું તેના ચરણ પાસે બેસતો, ત્યારે મને પ્રકાશ લાધતો, અને મારી પોતાની ભાષામાં પણ હું વર્ણવી ન શકું એટલી બધી બાબતો, ઈશ્વરે મને શીખવી. પ્રાર્થના દ્વારા સ્વામીના ચરણ પાસે બેસો, એ જ આ દુનિયામાં સૌથી મોટી ઈશ્વર વિદ્યાની પાઠશાળા છે. આપણે ઈશ્વરવિદ્યા સંબંધી જાણીએ છીએ પણ ઈશ્વર પોતે જ તે વિદ્યાનું મૂળ છે. જે સત્ય સમજતાં તમને વર્ષો લાગ્યાં હોય, તે થોડી પળોમાં જ તે તમને સમજાવી દે છે. જે કંઈ હું શીખ્યો છું, તે બધું તેના ચરણ પાસે બેસીને જ.''

૧૯૧૨થી સુંદરસિંગ નિયમિત રીતે તિબેટની મુલાકાત લેવા લાગ્યો. તેને જાણવા મળ્યું હતું કે સુવાર્તાનો ઉપદેશ કરવાની ત્યાં મનાઈ હતી, અને ખ્રિસ્તી પ્રચારકોની ત્યાં સતાવણી અને શહીદ થવાની શકયતા હતી. આની તેના પર તાત્કાલિક અસર થઈ. પણ તેને માલૂમ પડયું કે એપ્રિલ, મે અને જૂન માસ દરમિયાન જ તે તિબેટમાં મુસાફરી કરી શકે તેમ હતું. બાકીના મહિનાઓમાં ત્યાં બરફ પડતો હતો. તેથી તેણે એવું નક્કી કર્યું, કે વર્ષના બાકીના મહિનાઓમાં, તે હિંદના ઉચ્ચપ્રદેશોમાં પોતાનું કામ કરશે, ને બાકીના ત્રણ માસમાં તે તિબેટ, અને હિમાલયમાં નેપાલ જેવાં રાજ્યો, જ્યાં પણ સુવાર્તા પ્રચાર કરવા દેવાતો નહોતો ત્યાં રહી સુવાર્તાનું કામ કરશે. આ પ્રમાણે લાગલગાટ આઠ વર્ષ સુધી તેણે તિબેટની મુલાકાત લીધી હતી. સદ્દભાગ્યે, આ બધી સુવાર્તિક મુસાફરીના તેના પોતાના અહેવાલો મોજૂદ છે. જે મૂળ ઉર્દુમાં

લખાયેલા, ને પાછળથી 'નૂર અફશાન' નામના ખ્રિસ્તી અખબારમાં પ્રસિદ્ધ થયેલા, સતાવણી ને શહાદતની દરેક શકયતા ઉપરાંત, (શહીદ થવાની તો સુંદરસિંગ આતુરતાથી ઈચ્છા રાખતો ) ત્યાં જવામાં, આબોહવા, લૂટારાઓ અને સાંકડા ચઢણવાળા રસ્તાઓ વગેરેને લઈને ઘણાં સંકટો અને જોખમો હતાં. આપણો તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં ઊતરી આવ્યો, અને આપણા ઉદ્ધારને માટે વધસ્તંભનું કષ્ટ વેઠયું, તેને માટે મારે દુઃખ સહન કરવું જ જોઈએ એમ સુંદરસિંગને લાગતું.

ટી. નશીબઅલી નામના, એક તિબેટ નિવાસી સાથીદાર સાથે સુંદરસિંગ સને ૧૯૧૨ના માર્ચ ની ૯મી તારીખે 'પુ' માંથી નીકળી ૧૫,૪૦૦ ફીટ ઊંચે આવેલા શીપ્કે નામના સ્થળે જવા નીકળ્યો. રસ્તો બરફ પડવાને કારણે બંધ થઈ ગયો હતો તેથી તેઓ ત્યાં જઈ શકયા નહિ. તેને બદલે તેઓ તાશિગંગ, જ્યાં બૌદ્ધ ધર્મીઓનો મુખ્ય લામા રહેતો હતો, ત્યાં ગયા. ડામાડોળ થતા, અને જેમાં તેમને તમ્મર આવતા હતા, એવા એક નાના તરાપામાં બેસીને તેમને સતલજ નદી પાર જવાનું હતું. સુંદરસિંગ ભારે હિંમતબાજ હતો, ને તે પેલા જોખમકારક તરાપા પર બેસીને સહેલાઈથી સામે પાર જઈ શકયો. પછી પહાડો પર દઢતાથી ચઢતાં ચઢતાં તેમને આશરે ૫ માઈલ પગે ચાલવાનું હતું. પવન એટલો ઠંડો હતો કે તેમનાં મોં અને હાથ બરફ જેવાં ઠરી ગયાં અને તેઓ એક શબ્દ પણ ઉચ્ચારી શકયા નહિ. મુખ્ય લામાએ તેમનો ઉમળકાભેર સત્કાર કર્યો, ને સુંદરસિંગનું સાંભળવા માટે લોકોને ભેગા થવા આમંત્રણ આપ્યું. સુંદરસિંગે બોધ કર્યો ને નશીબઅલીએ તેનું ભાષાંતર કર્યું, ભાષણ ત્રણ કલાક ચાલ્યું હતું.

પણ બધા જ લામાઓ કંઈ આવા મૈત્રિભર્યા નહોતા. સુંદરસિંગ જણાવે છે કે એક પ્રસંગે, તેને સરકારી હુકમનો અનાદર કરીને, સુવાર્તાનો ઉપદેશ કરવા માટે એક અવડ કૂવામાં ફેંકી દેવામાં આવેલો,

જ્યાં તેને ઘણું કષ્ટ પડયું હતું. આ બનાવ કદાચ ૧૯૧૨ માં બન્યો હોવો જોઈએ.

''તિબેટમાં સુવાર્તા પ્રગટ કરવા માટે, જે દિવસે મને એક ઊંડા કૂવામાં ફેંકી દેવામાં આવ્યો તે દિવસ મને વારંવાર યાદ આવે છે. ત્રણ દિવસ અન્ન પાણી વિના હું તે કૂવામાં રહ્યો. કૂવાનો દરવાજો બંધ હતો, ને તેને તાળું વાસ્યું હતું. કૂવામાં મુડદાં અને હાડકાં સિવાય કશું નહોતું તે જીવતા નર્ક જેવું હતું. ત્યાં મારું પરીક્ષણ થયું. ''શું તારો ખ્રિસ્ત તને આ કેદખાનામાંથી ઉગારવાનો છે?'' પણ મને યાદ આવે છે કે આ સતાવણીના કાળમાં અજાયબ જેવી શાંતિ અને આનંદ મને પ્રાપ્ત થયાં, જો કે ત્યારે મારો હાથ ભાંગી ગયો હતો. અને કૂવામાંથી માથું ફાટી જાય તેવી દુર્ગંધ આવતી હતી. આ નર્ક મને સ્વર્ગ સમાન જણાયું. જીવંત ખ્રિસ્તની હાજરીનો મને અનુભવ થયો. તેના વચન પ્રમાણે તે હંમેશાં આપણી સાથે જ છે. મેં એવું કદી ધાર્યું નહોતું કે આવી શાંતિ સાથે મને વધસ્તંભનું દુઃખ પણ હોય, પણ ત્યાં મને એવો અનુભવ થયો. પછી એક બહુ અજાયબ જેવો બનાવ બન્યો. હું એમ ધારતો હતો, કે હવે મારું આવી બન્યું છે. ને મારે હવે સ્વર્ગે જવું પડશે ને તે જ વખતે કોઈએ બારણું ઉઘાડયું. હું કોઈને જોઈ શકયો નહિ. પછી મને જણાયું કે કોઈ ચમત્કારિક શક્તિએ મને મુક્ત કર્યો છે. કોઈને કદાચ એમ લાગશે કે આ તો સ્વપ્ન હતું અથવા કોઈ માણસે મને કૂવામાંથી મુક્ત કર્યો હશે, પણ જેણે મને મુક્ત કર્યો, જે મારા હાથને અડયો, ને મારો હાથ શીઘ્ર સાજોસમો થઈ ગયો, તે કોઈ દુન્યવી માણસ નહોતો. દુન્યવી માણસ એવું કરી શકે નહિ, કેવળ ઈશ્વરી શક્તિ જ તે કરી શકે. હવે હું ઉપદેશ કરૂં છું, ખ્રિસ્ત વિષે જે લખ્યું છે તે વાંચીને જ નહિ, પણ હું તેને મારા પોતાના અનુભવ પરથી ઓળખું છું માટે. તે જીવંત ત્રાતા છે. જો ઈસુ ખ્રિસ્ત જીવંત ખ્રિસ્ત ન હોત તો હું સુવાર્તા પ્રગટ કરતો જ ન હોત.''

૧૯૨૨ના નવેમ્બરની ૧૨મી તારીખે, સુંદરસિંગ કલકત્તા

શહેરમાં હેરિસન રોડ પર ઉપદેશ કરતો હતો. બાર હિંદુ પંડિતો ત્યાં થઈને જતા હતા, તેમણે આ જાહેર ઉપદેશ સાંભળ્યો. તેમાંનો એક બૂમ પાડી ઊઠયો, કે ખ્રિસ્ત એ ખરેખર નિષ્કલંક અવતાર (પવિત્ર અવતારી પુરુષ) છે. અને અમને, તેના નમ્ર સેવકોને ચેલા થવાનું પસંદ છે. બનારસમાં રહીને, તેમણે તેમના પવિત્ર વેદનો અભ્યાસ કર્યો હતો. અને ઘણા લાંબા સમય સુધી ખ્રિસ્તી ધર્મ કે હિંદુ ધર્મ એ બેમાંથી કોણ તારણનો રસ્તો ચિંધે છે, તે શોધી કાઢવા મથ્યા હતા. આ પંડિતોમાંના ૪ જણ જાહેરમાં, બજારમાં એ પ્રમાણે બોલ્યા કે અંતરથી તો અમે ખ્રિસ્તી છીએ. ત્રણ દિવસ પછી તેઓ ફરી સુંદરસિંગને મળ્યા, અને ત્રણ કલાક સુધી તેની સાથે ધર્મના વિષય પર ચર્ચા કરી. સુંદરસિંગને ખાતરી હતી, કે વખત જતાં એ લોકો ખ્રિસ્તી થશે. ત્રણ વર્ષ બાદ, ૧૯૧૫માં તેણે લખ્યું કે તેમાંના કેટલાકે એ પ્રમાણે કર્યું હતું.

કેટલાંક વર્ષોથી સુંદરસિંગને એવી ઇચ્છા થઈ આવી હતી, કે મારે પણ મારા સ્વામી ને ત્રાતાએ જેમ કર્યું હતું, તેમ ૪૦ દિવસના ઉપવાસ કરવા જોઈએ. તેથી ૧૯૧૩ના જાન્યુઆરીના અંતભાગમાં તે રૂશીકેશ ગયો. તેની નજીકમાં તપોવન નામનું અરણ્ય છે. જ્યાં હિંદભરના અસંખ્ય હિંદુ સંન્યાસીઓ વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરવામાં તલ્લીન રહે છે. તપોવનની પેલી પાર કજલીવન નામનું બીજું એક અરણ્ય છે. આ કજલીવનનું જંગલ એવું ઘાડું છે, કે સાધારણ રીતે ત્યાં કેવળ વાંસ કાપનારાઓ જ જાય છે. સુંદરસિંગે એકાંતવાસ માટે આ જંગલનો આશ્રય લીધો. આ ઘાડા જંગલમાં હિંસક પ્રાણીઓ રહેતાં હતાં, પણ તેમનો ડર સુંદરસિંગને લાગતો હોય તેવું જણાતું નથી. કેટલાક દિવસના ઉપવાસ પછી તે એટલો બધો નિર્ગત થઈ ગયો કે તેને સૂઈ રહેવું પડયું. તે હરવા ફરવા માટે છેક અશક્ત થઈ ગયો. વાંસ કાપનારા ઓમાંથી બે જણે તેને આ સ્થિતિમાં પડેલો જોઈને, તેને કામળી પર મૂકયો, અને વાંસની ઝોળીમાં ઘાલીને તેને ઋશીકેશ લઈ

ગયા. રૂશીકેશથી તેને પ્રથમ આગગાડીમાં ને પછી ગાડામાં બેસાડીને આનફિલ્ડ નામના ગામડે લઈગયા, જ્યાં કેટલાક ખ્રિસ્તી ભાઈઓએ તેની સારવાર કરી, અને સંભાળ લીધી. ઉપવાસને કારણે તે એટલો બધો નિર્બળ થઈ ગયો હતો કે તેને બેઠો કરવા કોઈ ને કોઈની મદદની જરૂર પડતી, પહેલા દિવસે તો તે બિલકુલ બોલી શકયો નહોતો. કેવળ બીજા દિવસથી તે બોલવા લાગ્યો. પહેલાં તેને દૂધ, પછી સુપ, અને સાબુદાણા આપવામાં આવ્યાં, ને આઠ કે દશ દિવસ પછી જ રોટલી આપવામાં આવી. પોતાના ઉપવાસ વિષે સુંદરસિંગે કરેલું નીચેનું નિવેદન રસિક અને અગત્યનું છે.:-

''કેટલાંક વર્ષોની સેવા બાદ, મને એવી પ્રેરણા થઈ આવી, કે મારે કોઈ જંગલમાં જવું જોઈએ, જ્યાં કોઈ પણ પ્રકારની ખલેલ વિના હું ૪૦ દિવસના ઉપવાસ કરી શકું, અને ભૂતકાળના મારા કામ પર ઈશ્વરી આશીર્વાદ આવે, ને ભવિષ્ય માટે જોઈતું પરાક્રમ મને પ્રાપ્ત થાય, માટે તેની યાચના કરી શકું. પ્રથમ જ્યારે મેં ઉપવાસની શરૂઆત કરી, ત્યારે કેટલાક દિવસ સુધી મને ભારે મુશીબતો નડી. પાછળથી તો કશી મુશ્કેલી નડી નહિ, પણ મારું લોહી એટલી હદે સુકાઈ ગયું, કે મારી દષ્ટિ અને બોલવાની શક્તિ તદ્દન હણાઈ ગઈ. હું કશું સાંભળી શકતો નહોતો, ને નિર્બળતાને કારણે હું પડખું પણ ફેરવી શકતો નહોતો. પણ નિશંક રીતે મારી બૌદ્ધિક શક્તિઓ એવી તીવ્ર અને તેજ બની ગઈ, કે જેથી મને એ બાબતની વાસ્તવિકતાની સાબિતી મળી આવી, કે આત્મા એ એક એવી વસ્તુ કે તત્ત્વ છે, જેનું અસ્તિત્વ શરીર મરણ પામ્યા છતાં, મરી જતું નથી, પણ તે જીવ્યા જ કરે છે. તે સ્થિતિમાં, મને ઈશ્વરના સાનિધ્યનું અને આત્માની ભરપૂરતાનું ભાન થયું, જેનું શબ્દો દ્વારા વર્ણન થઈ શકે તેમ નથી. વળી તે જ સ્થિતિમાં મને ખ્રિસ્તનું મહિમાવાન સ્વરૂપે દર્શન થયું, જેમાંથી મારામાં એવી શ્રદ્ધા જન્મી કે હવે તે મને જરૂર તેની સેવા માટે, કેટલોક વખત, જીવતા રાખશે.''

તેના ઉપવાસની મુદતના સંબંધમાં ઘણો વાદવિવાદ ચાલ્યો છે. ઉપવાસની મુદત બાબતમાં આપણે કેવળ કેટલીક અટકળ કરી શકીએ, કારણ કે તે બાબતની સાચી જરૂરી માહિતી ઉપલબ્ધ નથી. અમારી પાસેની તમામ માહિતીની સંભાળપૂર્વક વિચારણા કર્યા બાદ મને એવું કહેવાનું મન થાય છે, કે તેણે કદાચ ૨૩ દિવસના ઉપવાસ ખેંચી કાઢ્યા હશે. ઉપવાસની મુદતની લંબાઈ ગમે તેટલી હોય છતાં ઉપવાસથી તેના આત્મિક જીવનને નવો વળાંક મળ્યો. તેની સાબિતીમાં અમારી પાસ જોઈએ તેટલા સાક્ષી પુરાવા છે. તેની કેટલીક આશંકાઓ અને મુશ્કેલીઓનાં વાદળ વિખરાઈ ગયાં, અને સેવાની નવી મુદત માટે, તે બહુ ઉત્કૃષ્ટ રીતે બળવાન બન્યો.

૧૯૧૪ના જૂન માસમાં તે સુવાર્તા પ્રચાર માટે નેપાળ રાજ્યમાં ગયો. તેણે સાંભળ્યું હતું કે શ્રી. બુદ્ધિસિંગ નામના એક નેપાળી ખ્રિસ્તીએ, એક નાનું દવાખાનું નેપાળમાં કાઢયું હતું અને જે માંદાઓ ત્યાં શારીરિક ચિકિત્સા માટે આવતાં, તેમને તે ઉપદેશ આપતો હતો. તેને ૨૪ કલાકની નોટીસ આપીને રાજ્યમાંથી કાઢી મૂકવામાં આવ્યો, અને ખ્રિસ્તીઓને રાજ્યમાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવતા સખ્ત હુકમો, અધિકારીએ કાઢ્યા. જો કોઈ ખ્રિસ્તી રાજ્યમાં પ્રવેશે, તો તેને ૬ માસની સખ્ત કેદની સજા ફટકારવામાં આવતી. જ્યારે સુંદરસિંગે આ સાંભળ્યું, ત્યારે તે ઘણો નિરાશ થયો. પણ પ્રાર્થના કર્યા બાદ, જ્યારે તેણે પવિત્રશાસ્ત્ર ઉઘાડયુ ત્યારે આ વાત તેના વાંચવામાં આવી, 'જુઓ, તારી આગળ મેં બારણું ઉઘાડું મૂકયું છે, તેને કોઈ બંધ કરી શકે તેમ નથી'' (પ્રકટીકરણ ૩ : ૮). પછી તેનું હૃદય આનંદથી ભરાઈ ગયું, ને તે 'યુદ્ધે ખ્રિસ્તી યોદ્ધા, ચાલી અગ્રે થાઓ' એ ગીત લલકારવા લાગ્યો. તેણે પોતાના અહેવાલમાં જવાવ્યું છે કે નેપાળમાં તેની ધરપકડ થઈ ને તેને કેદમાં પૂરવામાં આવ્યો :-

'તેઓએ મારાં તમામ વસ્ત્રો ઉતારી લીધાં, અને મારા હાથ પગ હેડમાં ઠોકયા, અને પુષ્કળ જળો લાવીને મારી પાસે મૂકી,

બહારથી તેઓએ મારા પર ગંદવાડ ફેંકયો, અને મને ગાળો ભાંડી, બે કે ત્રણ કલાક સુધી મને મારું દુઃખ ખરેખર અસહ્ય જણાયું, પણ પાછળથી મારા સ્વામીએ, તેની પવિત્ર હાજરીથી મારી કેદને સ્વર્ગમાં ફેરવી નાખી. મારું હૃદય અમર્યાદિત આનંદથી નાચી ઊઠયું. જ્યારે હું આનંદ સહિત ગાતો હતો, ત્યારે ઘણા માણસો બારણા આગળ સાંભળવા એકઠા થયા. અને હું તેમને ફરી સુવાર્તા સંભળાવવા લાગ્યો. પછી તેઓએ મને છોડી મૂકયો. પેલી જળોએ એટલી હદે મારું લોહી ચૂસી લીધું હતું કે બીજે દિવસે ચાલતાં ચાલતાં, મને આંખે અંધારા આવવા લાગ્યાં. તેના નામની ખાતર, ઈશ્વરે મને દુઃખ સહન કરવાનું માન આપ્યું, માટે તેની સ્તુતિ થાઓ !'

સાધુ તરીકે સુંદરસિંગને જ્યારે લોકોનાં ઘરોમાં આવકાર આશ્રય મળતો નહિ ત્યારે તેને ઘણીવાર ગુફાઓમાં યા તો ખંડિયેર ઘરોમાં સૂઈ રહેવું પડતું. આનો ધ્યાન ખેંચે તેવો અનુભવ નીચે પ્રમાણે છે. :-

વરસાદ ધોધમાર પડતો હતો અને રાતના સમે હું દોઈવાલા ગામે આવી પહોંચ્યો, અને કોઈએ મને પડી રહેવા પૂરતો આશ્રય આપ્યો નહિ, એટલે હું એક તદ્દન ભંગાર ઘર જ્યાં પુષ્કળ ગંદકી હતી ત્યાં જઈને સૂતો, કારણ કે તેના કરતાં વધુ સારી જગા મળે તેમ નહોતું, મારી પાસે એક જ કામળો હતો, અને હું તદ્દન પલળી ગયો હતો. અર્ધા કામળા પર સૂઈને, બાકીનો અર્ધો જેમ તેમ ઓઢીને, હું ઊંઘી ગયો. સવારમાં હું જાગ્યો ત્યારે એક મોટો સાપ મારા પડખામાં કામળાની અંદર પડેલો મેં દીઠો. આ જોઈને મેં મોટેથી ચીસ પાડી, પણ પાછળથી મારું હદય કૃતજ્ઞતાથી ભરાઈ ગયું, ને મેં દિલાસો મેળવ્યો, કે પ્રભુએ મને આખી રાત આ ઝેરી જાનવરથી બચાવ્યો હતો, માટે તે હજી પણ તેનું મોં બંધ રાખશે. તેથી હું ઊઠયો ને ધીમેથી કામળો ઉઠાવ્યો, અને પેલો સાપ એક ખૂણામાં ગુંચળું વળીને પડી રહ્યો. આપણો વહાલો સ્વામી, તેના વચન પ્રમાણે આપણા હરેક પ્રકારના જોખમમાંથી

બચાવવા રોજ બરોજ આપણી સાથે છે, એમાં જરાયે સંશય લાવવા જેવું નથી.

'નૂર અફશાત' (ઓગસ્ટ ૧૦, ૧૯૧૫) અખબારે સાધુ સુંદરસિંગ કેવા પ્રકારનું કામ કરતો હતો, અને તેને કેવી મુશીબતોનો સામનો કરવો પડતો હતો તેને લગતો તેના એક ખબરપત્રીનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો :-

''જંગલ ખાતાને લગતું મારું થોડું કામ પતાવીને, હું પહાડ પરથી નીચે ઊતરતો હતો, ત્યારે એક સાધુ મારી નજરે પડયો, જે દમબદમ હાંફતો હાંફતો ઉપર ચઢતો હતો. તેના ખભે કામળો ભેરવેલો હતો, અને એક હાથમાં હિંદી અને ઉર્દુ પુસ્તકો હતાં. મધ્યાનનો તાપ અને કઠણ આરોહણને લીધે, તેને પાણીની પેઠે પરસેવાના રેલા ચાલતા હતા... થોડી વારે તે એક ગામમાં પહોંચ્યો, પરસેવો લૂછી નાંખ્યો, અને લાકડાના એક કકડા પર બેસીને ગાવા લાગ્યો :- 'અમો જે હતા પાપમાં તો પડેલા, ગળાબૂડ ને ગર્ક તેમાં થયેલા, મૂકી સ્વર્ગ, અવનિ પરે ખ્રિસ્ત આવ્યો, ખરી રીત ઉદ્ધારની સાથ લાવ્યો.''

આર્ય સમાજનો હું ચુસ્ત અનુયાયી હોઈને (જો કે મેં બાપ્તિસ્મા લીધું નથી, છતાં સ્વામીજીના અજાયબ જેવા જીવને મને આર્ય સમાજમાંથી ખેંચી લાવીને, ખ્રિસ્ત જે જીવનનો ઝરો છે તેની પાસે મને આણ્યો છે) મેં આ સાંભળ્યું ત્યારે મને કાળઝાળ ક્રોધ ચઢયો, અને જ્યારે તે ઉપદેશ કરતો હતો ત્યારે મહામુશ્કેલીએ મેં મારા ગુસ્સાને કાબૂમાં રાખ્યો. દરમિયાનમાં શ્રોતાજનોમાંથી એક જણ ઝનૂનથી ઊભો થયો. એક ફટકો મારી, સ્વામીજીને તેણે નીચે ગબડાવી દીધો, ને સ્વામીજી ઊંધે મસ્તકે જમીન પર પડયો. એક હાથમાં તેને સખ્ત ઈજા થઈ અને તેનું મોં લોહીથી ખરડાઈ ગયું. પણ તે બહાદુર જવાંમર્દે એકે શબ્દ ઉચ્ચાર્યો નહિ, તે ઊભો થયો ને પોતાની પાઘડીનો એક છેડો ફાડી હાથને પાટો બાંધ્યો, આનંદથી ગાવા લાગ્યો અને અમારા

કલ્યાણાર્થે પ્રાર્થના કરવા લાગ્યો. લગભગ અર્ધા કલાક સુધી તેના લમણામાંથી લોહી ટપકતું રહ્યું. રક્તના રેલા સાથે મળી તેની આંખમાંથી આંસુઓ મોતીની પેઠે જમીન પર પડતાં હતાં. આવા મહાનુભાવનું રક્ત અને આંસુ શું નિષ્ફળ જાય એવું બને ખરૂં? કદી નહિ.''

સુંદરસિંગે જણાવ્યું છે, કે હિમાલય પહાડ પરની તેની સુવાર્તિક મુસાફરીઓ દરમિયાન, કૈલાસ નજીકની એક ગુફામાં, તે એક વૃદ્ધ ખ્રિસ્તી મહર્ષિને સને ૧૯૧૨, ૧૯૧૬ અને ૧૯૧૭માં એમ ત્રણ જુદા જુદા પ્રસંગોએ મળેલો. આ વૃદ્ધ સંત આખો વખત પ્રાર્થના ને શાસ્ત્રવાચનમાં ગાળતો. તે ત્રણસો વર્ષની ઉંમરનો હોવાનો દાવો કરતો હતો. સુંદરસિંગ તેના ચરણ પાસે બેસીને આ મહર્ષિ, જે આત્મિક શિક્ષણ આપતો હતો, તે ઘણા પૂજ્યભાવે સાંભળતો. આ મહર્ષિએ વળી તેને એમ પણ કહેલું કે એવા હજારો હિંદુ સંન્યાસીઓ છે જે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે, તેઓ બધા એક ગુપ્ત સંન્યાસી મંડળીના સભ્યો છે, ભજન ભક્તિ માટે તેઓ નિયમિત એકઠા મળે છે, અને હિંદના જુદા જુદા ભાગોમાં સુવાર્તા પ્રગટ કરે છે. આના સંદર્ભમાં ત્રણ શક્યતાઓ છે. (૧) કાંતો સુંદરસિંગે આ વાત ઉપજાવી કાઢી હોય. સુંદરસિંગના ચારિત્ર્ય વિષે હું જે કંઈ જાણું છું તે પરથી હું કહી શકું છું કે ઉપજાવી કાઢવા જેવો તે અપ્રમાણિક નહોતો. (૨) સુંદરસિંગે આ મહર્ષિને દર્શન કે સ્વપ્નમાં જોયો હોય. સુંદરસિંગ આનો ભારપૂર્વક ઇન્કાર કરતો. (૩) કૈલાસ પહાડ નજીક સુંદરસિંગને આવો એક મહર્ષિ, જે પોતે ઘણો વૃદ્ધ હોવાનો દાવો કરતો હતો, તે ખરેખર મળેલો અને સુંદરસિંગે આ હકીકત વગર ટીકાએ કે પડકારે સ્વીકારી લીધી, અને બહાર તેનો પ્રચાર કર્યો હશે. જાથુ પ્રાર્થના, ને વિનંતીઓમાં અને શાસ્ત્રાભ્યાસમાં નિમગ્ન રહેનાર, એવા એક વૃદ્ધ સંતને તે ખરેખર મળ્યો હોવાની વાત પર શંકા લાવવાનું કંઈ કારણ નથી.

૧૯૧૭ થી સુંદરસિંગની ખ્યાતિની અસર દિગંતમાં ફેલાવા લાગી, ને તેના આમંત્રણનો વરસાદ વરસવા લાગ્યો. ૧૯૧૭માં તેણે પશ્ચિમ હિંદની મુલાકાત લીધી. ત્યાર પછીના વર્ષે, આખા દક્ષિણ હિંદ, અને લંકાનો પ્રવાસ ખેડયો. ત્યાર પછીના વર્ષે તેણે ઈંગ્લાંડ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયાની સફર કરી. ૧૯૨૨માં સ્વિત્ઝરલેન્ડ, જર્મની, હોલાન્ડ, નોર્વે અને ડેન્માર્કનાં અગત્યના સ્થળોએ સુવાર્તા પ્રગટ કરી.

દુનિયાના બીજા વિવિધ ભાગો, જેવા કે દક્ષિણ અમેરિકા, મધ્ય આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ જેવા ભાગોમાંથી પત્રો આવવા લાગ્યા, અને તે પ્રદેશોની પણ મુલાકાત લેવાનો તેને આગ્રહ કરવામાં આવ્યો. યુવાવસ્થાથી જ હિંદના તમામ ભાગોમાં સુવાર્તા પ્રગટ કરવા અદમ્ય ઈચ્છા તો તેને હતી જ, પણ તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો, કે તેને પોતાને પંજાબના ગામડાના એક સાદા ગ્રામ્ય કિશોરને-દેશજાતિઓને સાક્ષીરૂપ થવા સારુ આ રીતે, આખી દુનિયામાંથી આમંત્રણો મળશે!

૧૯૧૯થી ૧૯૨૨ સુધી હું ઓકસફર્ડમાં રહીને Ph.D. (તત્ત્વજ્ઞાનના ડૉકટર) ની ઉપાધિ મેળવવા માટેનો અભ્યાસ કરતો હતો. એક હિંદી ખ્રિસ્તી નેતાએ, હિંદીઓને આવી અસરકારક રીતે સુવાર્તા પ્રગટ કરવાનું શરૂ કર્યું હતુ. અને હિંદના શ્રેષ્ઠ આધ્યાત્મિક આદર્શોવાળાઓનો બાપ્તિસ્મા દ્વારા ખ્રિસ્તમાં મેળવતો હતો, એ સાંભળીને મારા મન પર જબરજસ્ત અસર થઈ. ૧૯૨૦ના ફેબ્રુઆરીમાં ઈંગ્લાંડના કિનારે ઊતર્યા બાદ, સુંદરસિંગે બર્મિંગ્હામ પાસેના વૂડબ્રૂક સેટલમેન્ટમાંના કવેકરપંથના તેના કેટલાક મિત્રો સાથે એક અઠવાડિયું ગાળ્યું. ત્યાંથી તે ઓકસફર્ડ નજીકના કાઉલી ગામે આવ્યો, અને ઉચ્ચ ઍંગ્લો-કેથલિક જીવન અને ભજનપદ્ધતિવાળી સુવાર્તિક સંત યોહાનની મંડળીના ઘરમાં રહ્યો. સુંદરસિંગની આ ખાસ લાક્ષણિકતા હતી. દરેક મંડળી કે સંપ્રદાયના ખ્રિસ્તીઓ સાથે તે છૂટથી ભળતો, અને તેઓ બધા તેને હાર્દિક

આવકાર આપતા. બની શકે તેટલો સમય મેં ઓકસફર્ડમાં તેની સાથે ગાળ્યો અને જ્યારેમને ફુરસદ હોય ત્યારે હું તેની પાછળ લંડન, પેરિસ, જીનીવા અને લોસાનમાં પણ ગયો હતો. અતિ વિશાળ મંડળીઓમાં આપેલાં તેનાં કેટલાંક ભાષણો મેં સાંભળ્યાં છે. તે ઉપરાંત લોકોનાં નાનાં નાનાં જૂથ આગળ પ્રવચન કરતો પણ મેં તેને સાંભળ્યો છે. જ્યાં તે તેમના ઘણા બધા પ્રશ્નોનો ઊંડી સૂઝ સમજપૂર્વક, અને સમયસૂચકતાથી જવાબ આપતો.

પશ્ચિમના દેશોમાં સુંદર સિંગના આવા પ્રચંડ આકર્ષણ પાછળનું રહસ્ય શું હશે ? પ્રથમ તો તેનો ચિત્તાકર્ષક દેખાવ. તે ઊંચો અને મજબૂત બાંધાનો હતો. નારંગી રંગનો (પીળો) ખુલતો સળંગ ઝભ્ભો તે પહેરતો, અને તેજ રંગનો ખેશ ખભા આસપાસ વિંટાળતો, વળી તેજ રંગનો શીખ લોકો પહેરેછે, તેવો સફાઈ અને ચાતુરીપૂર્વક માથે બાંધેલો સાફો. ખુલ્લા પગ ને તે પર પહેરેલી સાદી ચાખડી. તેનો ગંભીર અને પ્રતિભાસંપન્ન ચહેરો, લાગલો જ ધ્યાન ખેંચતો ને લોકાને વિચારમગ્ન બનાવી દેતો, કે શું પ્રભુ ઈસુ ખ્રિસ્ત પણ તેના પૃથ્વી પરના દેહધારી જીવનકાળમાં આવો દેખાતો હશે ? તિબેટમાંના સુંદરસિંગના શૌર્યભર્યા મિશનરી શ્રમની ગાથાએ, અપૂર્વ અસર ઉપજાવી. જે પુરુષો અને સ્ત્રીઓ મિશનક્ષેત્રનાં કાર્યમાં આખી જિંદગીપર્યંત રસ ધરાવતાં હતાં, તેઓ આ હિંદી ખ્રિસ્તીને જોઈ ને ગાંડાઘેલાં બની ગયાં. અને તેમને એમ લાગ્યું કે મિશનરી કાર્ય માટેની તેમની વર્ષોની તપશ્ચર્યાનું ફળ, તેમને નિશ્ચે મજરે મળ્યું છે, અને એળે ગયું નથી.

દુનિયાના જુદા જુદા ભાગોમાં સુંદરસિંગે કરેલી સુવાર્તિક મુસાફરીઓનાં આત્મિક પરિણામોનો અંદાજ બાંધવો મુશ્કેલ છે. જે અંતેવાસી મિત્રો, નિકટતાના સંબંધે તેની સાથે ફરતા હતા, તેમણે જણાવ્યું છે કે કેટલાક આત્માઓનાં બદલાણ થયાં હતાં, ઘણા ખબરપત્રીઓ તેની સાથે પત્રવ્યવહાર ચલાવતા, અને તેમાંના કેટલાક

તો પશ્ચિમની તેની યાત્રા પછી, ઘણાં વર્ષ તેનાં ભાષણોથી તેમને જે પુષ્કળ આશીર્વાદ મળ્યો હતો, તે વિષે પત્રો લખતા. નિષ્ઠાવાન ખ્રિસ્તીઓને તેના સંપર્કમાં આવવાથી ઘણું નવું આત્મિક બળ પ્રાપ્ત થયું હતું. આખી દુનિયામાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું નામ પ્રગટ કરવા માટે મિશન ક્ષેત્રના મિત્રોને વધારે નિષ્ઠાથી કામ કરવાનું પ્રોત્સાહન મળ્યું હતું.

પશ્ચિમની તેની મુલાકાતના પરિપાક રૂપે, ખ્રિસ્તી સંદેશાનાં તેનાં ત્રણ પુસ્તકો અંગ્રેજીમાં પ્રગટ થયાં. કેનન બી. એચ. સ્ટ્રીટર અને મેં મળીને 'સાધુ' એ શીર્ષક હેઠળ અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું, જેનો પુષ્કળ પ્રચાર થયો અને બીજી ઘણી ભાષાઓમાં તેનો અનુવાદ થયો. કેનન બી. એચ. સ્ટ્રીટર, ઓકસફર્ડમાં ઈશ્વરવિદ્યાના એક પ્રતિષ્ઠિત પંડિત હતા. તેઓ જ્યારે સુંદરસિંગના સંપર્કમાં આવ્યા, ત્યારે તેમને ખાતરી થઈ કે સુંદરસિંગ એક આધ્યાત્મિક વિદ્વાન છે, જેણે ૨૦ મી સદીમાં પણ જૂના જમાનાના સંતોની પેઠે સેવા અને ભક્તિમય જીવન જીવી જાણ્યું છે. ઊપસાલાના આર્ચ બિશપ ડૉ. નાથાન સોડરબ્લોમે સુંદરસિંગ વિષે સ્વીડીશ ભાષામાં એક પુસ્તક લખ્યું; અને જર્મનીમાં, મારબર્ગના પ્રોફે. એફ. હીલરે સુંદરસિંગના જીવન અને શિક્ષણ વિષે એક પુસ્તક જર્મન ભાષ્મા લખ્યું, જેનું ''સુંદરસિંગની સુવાર્તા'' એ શીર્ષક હેઠળ અંગ્રેજીમાં ભાષાંતર થયું છે. ઈશ્વરવિદ્યાના વિદ્વાન જાણકારોમાં ઘણાં વર્તુળોમાં આ ત્રણ પુસ્તકોએ સુંદરસિંગને જાણીતો કર્યો, અને તેની અસર દઢ રીતે વધુ વિસ્તૃત બની.

સુંદરસિંગે, જ્યારે કેનન સ્ટ્રીટર અને મને તેના 'સાધુ' નામના પુસ્તકમાં રજૂ કરાયેલી સામગ્રી પૂરી પાડી, ત્યારે તેણે અમને જણાવેલું કે પાછલા કેટલાંક વર્ષોથી તેને સમાધિનો અનુભવ થતો હતો. તેના જીવનમાં આ એક નવી ઘટના હતી, (અત્યાર સુધી જનતાને તેની જાણ નહોતી) અને તેણે તેવા અનુભવ અને શિક્ષણ ને

નવું મહત્વ આપ્યું. આવી મૂર્છા કે સમાધિ તેને વારંવાર થતી, અને ઘણીવાર તો મહિનામાં દશ વખત પણ થઈ આવતી. આ સમાધિ વખતે તેને જે દર્શનો થતાં, તે દરેકમાં ખ્રિસ્ત, સૌદર્યથી ઓપતો, અને તેના તરફ હંમેશાં મધુર અને પ્રેમાળ હાસ્ય કરતો હોય એમ કેન્દ્રસ્થાને રહેતો. ખ્રિસ્તના રાજ્યાસનની આસપાસ અસંખ્ય સંતો અને દૂતોનો સમુદાય રહેતો. આ દર્શનોમાં સુંદરસિંગ પેલા આત્મિક સંતો સાથે વાતચીત કરતો, ને તેને મૂંઝવતા કોયડાઓ તે તેમની આગળ રજૂ કરતો, ને તેમનો તુરત ઉકેલ આવી જતો. સુંદરસિંગ કહેતો, કે જેનો મેં ઉપયોગ કર્યો છે તેવા ઘણાખરા વિચારવિમર્શ અને દષ્ટાંતો, હું સમાધિસ્થ અવસ્થામાં હોઉં ત્યારે મને આપવામાં આવેલા. પુનરૂત્થાન, ન્યાયકાળ, સ્વર્ગ અને નરક એ તેના દર્શનોના મુખ્ય વિષયો હતા. વળી તેને એવી પણ ખાતરી થઈ ચૂકી હતી, કે સાધારણ ને સ્વાભાવિક જીવન કરતા, સમાધિકાળમાં જે વિચાર તેને આવતા તે વધારે સ્પષ્ટ ને પ્રગલ્ભ હતા. જ્યારે તે સમાધિમાં હોય ત્યારે બાહ્ય જગતનું કશું ભાન તેને રહેતું નહિ. ખોરાક લેવાનું પણ તે ભૂલી જતો; વખત કેમ અને કેટલો પસાર થયો તેનું પણ તેને કશું ભાન રહેતું નહિ. એક વખતે તો તે આવી સમાધિની સ્થિતિમાં એવો તો ગરક થઈ ગયો હતો, કે એક સભામાં તેને બોલવાનું હતું ત્યાં તે જઈ શક્યો નહોતો.

યુરોપ ખંડથી સુવાર્તિક મુસાફરીઓ કરીને, ૧૯૨૨માં સુંદરસિંગ જ્યારે હિંદમાં પાછો ફર્યો, ત્યારે તેની શારીરિક તબિયત ધીમે, પણ રૂઢ રીતે લથડવા માંડી હતી. ૧૯૦૫થી સતત ૧૭ વર્ષ સુધી એકધારુ સુવાર્તા પ્રચારનું કામ તેણે ભારે શ્રમ પૂર્વક કર્યું હતું તેની ધર્મસેવાનાં શરૂઆતનાં વર્ષોમાં તો તેને ભૂખ્યા પણ રહેવું પડતું હતું, કારણ કે પૈસો ટકો તે પાસે રાખતો નહોતો, અને આમંત્રણ મળે તો જ જમવા જતો. ઘણા પ્રસંગો એવા પણ આવતા, જ્યારે તેને ગુફામાં કે વૃક્ષની નીચે આરામ લેવો પડતો. પણ જ્યારે તેનું નામ જાહેરમાં પ્રકાશમાં આવવા લાગ્યું, તેમ તેમ તે જ્યાં જતો ત્યાં તેને આવકાર

મળતો, ને ખાવાપીવા વિષે કે રાતવાસા માટે કશી મુશ્કેલી નડતી નહિ. પરંતુ બીજી તરફ જોતાં તે મોટા વિસ્તારમાં પથરાયેલાં શહેરોમાં સતત ભાષણો આપતો, અને લોકોને જૂથમાં, અને વ્યક્તિગત રીતે મુલાકાતો આપતો હોવાથી, પ્રસિદ્ધિના પ્રચંડ દબાણ હેઠળ તે જીવતો હતો. જે બેહદ કામ તે કરતો હતો, તેના ભારણ નીચે તેનું મજબૂત શરીર પણ ભાંગી પડવા લાગ્યું. ૧૯૨૨ પછી તો તે વારંવાર બીમાર પડતો હતો. તેના પર હૃદયરોગના ઘણા હુમલા થયા, એક વખત તેણે પ્રવાસ શરૂ કર્યો, પણ મગજના રક્તસ્ત્રાવને લીધે તેને પાછા આવવું પડયું. તેને આંખની તકલીફ ઊભી થઈ. અને શસ્ત્રક્રિયા કરાવવી પડી. આવા અસ્થિર સ્વાસ્થ્ય સાથે દુનિયાના અન્ય ભાગોનાં આમંત્રણો તે સ્વીકારી શકયો નહિ. હિંદુસ્તાનમાં પણ તેને ઘણી સાવચેતી રાખવી પડતી, અને તેની શારીરિક તંદુરસ્તી ખમી શકે, એવાં જ આમંત્રણો તે સ્વીકારતો. હિંદનાં જુદાં જુદાં શહેરોની તેણે અવારનવાર જરૂર મુલાકાત લીધી ને હિમાલયમાં પણ મુસાફરી કરી, પણ હિંદનો કિનારો તે હવે પછી કદી છોડી શક્યો નહિ.

તેના આરોગ્યમાં પડેલા આ ભંગાણનું, એક મહત્વનું પરિણામ નીપજયું. જ્યારે તેને એમ માલૂમ પડયું કે હવે મારા પ્રભુ અને તારનારની સુવાર્તા પ્રગટ કરવા સારુ હું વિસ્તૃત પ્રવાસ ખેડી શકું તેમ નથી, ત્યારે તેણે પુસ્તકો લખવાનો નિશ્ચય કર્યો. આ પુસ્તકોનો બહોળો પ્રચાર થયો, તે પુસ્તકોનું ૪૦ ભાષામાં ભાષાંતર થયું. જ્યારે તેના ડેનિશ પ્રકાશકે સુંદરસિંગને જણાવ્યું કે એકલી ડેનિશ ભાષામાં જ તેનાં પુસ્તકોની ૧, ૬૨ ૦૦૦ પ્રતો ખપી ગઈ હતી, ત્યારે તેને એ જાણીને આનંદ થયો કે તેના લિખિત સંદેશાઓ રાતદિવસ તેમનું કાર્ય કરતા હતા.

તેના જીવન અને રહેણીકરણીમાં પણ બીજું એક પરિવર્તન થયું. તેનો પિતા પોતે મરણ પામે, તે પહેલાં થોડા પૈસા સુંદરસિંગ માટે મૂકી જવા માગતો હતો, એ માટે કે તે વૃદ્ધાવસ્થામાં એકાદ ઘર વેચાતું

લઈ, તેમાં સુખચેનથી રહી શકે. સુંદરસિંગે વિરોધ ઉઠાવ્યો કે તે પોતે વૃદ્ધ થતાં સુધી જીવવાનો નથી, ઈશ્વર તેની સંભાળ લેશે, અને તેને રહેવા માટે ઘરની કશી જરૂર નથી, સુંદરસિંગનો આવો વિરોધ છતાં, તેનો પિતા તેને માટે થોડી રકમ મૂકતો ગયો. અત્રે એ જાણવું રસપ્રદ થઈ પડશે કે તેનો બાપ જેણે પહેલાં સુંદરસિંગના ખ્રિસ્તી થવામાં ભારે અંતરાય નાખેલો તે ખ્રિસ્તનો અનુયાયી થયો, જોકે તેણે બાપ્તિસ્મા લીધું હોય તેમ તો જણાતું નથી. વળી પુસ્તક પ્રકાશનના પુરસ્કારમાંથી પણ મોટી રકમો તેને મળવા લાગી, તેથી સુબાથુમાં જે બંગલો અગાઉ મિશનરીઓ વાપરતા હતા, તે તેણે ખરીદી લીધો. તે એક આજન્મ સુવાર્તિક હતો, અને પોતાના તારણના શુભ સમાચારના બીજાઓ પણ સહભાગીદાર બને, એવી તમન્ના તેનામાં ઘણી પ્રબળ હતી, તે કહેતો કે હસ્તલેખો લખવામાં કેટલીક વાર તો હું બાર કલાક દરરોજ ગાળતો.

તિબેટની મુલાકાત લેવાની તેની ઇચ્છા હજી પણ પ્રબળ હતી. ૧૯૧૯ની દક્ષિણ હિંદની તેની મોટી મુસાફરી પછી, તે તિબેટમાં ગયો, અને તેની ધર્મસેવાનાં શરૂઆતમાં વર્ષોમાં બન્યું હતું તેમ, તેને ઘણાં ,સંકટોમાંથી પસાર થવું પડયું. ૧૯૨૧ની તેની ઈંગ્લાંડ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની મુસાફરી બાદ, તે ફરી તિબેટમાં ગયો, અને ફરી તેને સંકટ અને સાહસનો સામનો કરવો પડયો તોપણ ૧૯૨૨ પછી જુદા જુદા પ્રસંગોએ તિબેટમાં જવા નીકળ્યો પણ ઘણે દૂર સુધી તે જઈ શકયો નહિ. ૧૯૨૯ના એપ્રિલની ૧૬મી તારીખે તે ફરી એક વાર તિબેટ જવા નીકળ્યો. તેની તબિયત ઘણી નંખાઈ ગઈ હતી, છતાં તિબેટમાં જઈને સુવાર્તા પ્રચાર કરવાની તેની ધગશ એટલી તીવ્ર હતી કે તે ઇચ્છાને તેણે આધીન થવું પડયું. પણ તેની કશી ખબરઅંતર ત્યાંથી આવી નહિ. તેનો પત્તો મેળવવા તેના મિત્રોએ જે પ્રયત્નો કર્યા તે સઘળા એળે ગયા. આપણે માત્ર એટલું જ અનુમાન કરી શકીએ કે તેની હરહંમેશની ઇચ્છા મુજબ તે તેના પ્રભુના આનંદમાં ઊંઘી

ગયો. કદાપિ તે કોઈ ઉન્નત શિખર પરના રસ્તા પરથી લપસી પડયો હોય ને મરણ પામ્યો હોય; કદાચ જંગલમાં હિંસક પ્રાણીઓએ તેના પર હુમલો કર્યો હોય; કદાચ કોલેરા કે બીજા કોઈ રોગચાળામાં તે અવસાન પામ્યો હોય; કદાચ સુવાર્તા પ્રગટ કરવા માટે તે શહીદ થયો હોય. સૌથી વિચિત્ર બાબત તો એ છે કે તેના અંત વિષેની જરા જેટલી પણ માહિતી આપણને સાંપડતી નથી.

આ સાથેનાં 'પુષ્પ ગુચ્છ' સંગ્રહ માં આપેલા ફકરાઓ અપ્રસિદ્ધ અપૂર્ણ લખાણોમાંથી, તેમ જ સામયિકોના લેખોમાંથી પસંદ કરવામાં આવ્યા છે. સુંદરસિંગ હમેશાં એકની એક વાતની પુનરૂક્તિ કર્યા કરતો. તે એમ કહેતો કે 'મારા મોં પર સર્વ હકક સ્વાધીન નથી.' અને તેથી તેનાં પોતાનાં પુસ્તકોમાં જે વસ્તુ અપ્રાપ્ય છે, તેમાંની કેટલીક વસ્તુ, જાહેર જનતા આગળ રજૂ કરવા માટે મેં અહીં એવાં મૂળ સાધનોનો જ ઉપયોગ કર્યો છે.

## પ્રકરણ ૧

# વધસ્તંભનો સ્વામી

## વધસ્તંભનો ઈશ્વર એજ પ્રેમનો ઈશ્વર છે

૧૯૨૧માં હિમાલય પહાડ પર જંગલમાં દવ લાગ્યો. આસપાસના લોકોનો મોટોભાગ, જ્યારે આ દાવાનળ ઓલવવાના કામમાં રોકયેલો હતો, ત્યારે કેટલાક માણસો ત્યાં ઊભેલા, અને એકીટશે એક ઝાડ તરફ જોતા મારા જોવામાં આવ્યા. મેં તેમને પૂછયું ''તમે ત્યાં શું અનિમિષ જોઈ રહ્યા છો?'' પ્રત્યુત્તરમાં તેમણે, તે વૃક્ષ, જેની ડાળીઓ દાવાગ્નિએ ઝડપી લીધી હતી, તે પર બચ્ચાં સાથેના એક માળા તરફ આંગળી ચીંધી. તેનાંપર એક પક્ષી, ભારે સંકટમાં હોય એ રીતે ગભરાટમાં આમતેમ ઊડતું હતું. તેઓએ કહ્યું કે ''અમે એ બચ્ચાંને બચાવી શકીએ તો કેવું સારું! પણ ભડભડ બળતી આગને કારણે, અમે નજીક જઈશકતા નથી.'' થોડીક ક્ષણોપછી આગે પેલા માળાને ઝડપી લીધો, અને મે વિચાર્યું કે 'હવે, પેલી માદા ઊડી જશે, પણ તેમ કરવાને બદલે, મારી ભારે અજાયબી વચ્ચે, મે તેને નીચે ઊડી આવીને, બચ્ચાંપર પાંખો પ્રસારતી જોઈ. ક્ષણ માત્રમાં તે બિચારી માદા પણ બચ્ચાં સાથે બળીને ભડથું થઈ ગઈ. મેંમારી જિંદગીમાં અગાઉ આવું કદી જોયું નહોતું, ને જેઓ પાસે ઊભા હતા તેમને મેં કહ્યું, ''આ અજબ જેવા પ્રેમને જોઈને આપણને આશ્ચર્ય થતું નથી? જેણે આવો નિઃસ્વાર્થ પ્રેમ, તેનાં ઉત્પન્ન કરાયેલા પ્રાણીઓમાં મૂક્યો છે, તેનો પોતાનો પ્રેમ આના કરતા કેવો અજબ હશે, તેનો વિચાર કરો. એ જ અગાધ ને નિઃસ્વાર્થ પ્રેમને લીધે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત સ્વર્ગમાંથી આ પૃથ્વી પર માનવદેહ ધારણ કરી ઊતરી આવ્યો, એ માટે કે પોતાનું પ્રાણાર્પણ કરી, આપણે જેઓ પાપમાં મરતા હતા, તેમને તે બચાવે.''

## ઈશ્વર માણસને નરકમાં મોકલતો નથી

ઉત્તર હિંદુસ્તાનમાં, એક વખત, હું એક બહુ ધાર્મિક વૃત્તિવાળા માણસ સાથે વાતચીતકરતો હતો, એજ ઘરમાં એક યુવાન હતો, જે પેલા મારા મિત્રના દીકરા સાથે એકાદ અઠવાડિયું ગાળવા આવ્યો હતો. અમારી વચ્ચેની વાતચીત સાંભળીને તરત જ, જાણે તેને ઘણો ઉદ્વેગ થતો હોય તેમ મને લાગ્યું. તે જુવાન એક અઠવાડિયું રહેવા માટે આવ્યો હતો, પણ થોડી જ પળમાં તેણે રેલવે ટાઈમ ટેબલ જોવા માગ્યું. મારા મિત્રે તેને પૂછયું, "કેમ શું થયું? તમે તો અઠવાડિયા માટે આવ્યા છો, અને તમારી ઓરડી પણ તૈયાર છે." પેલા જુવાનને એ ખુલાસો કરવાનું પણ મુશ્કેલ જણાયું કે થોડીક ક્ષણ માટેની પણ આત્મિક વાતચીત હું સહન કરી શકતો નથી, અને તેથી એકાદ અઠવાડિયું જો હું રહું તો તે મારે માટે નરક સમું નીવડશે. પંદર મિનિટ પછી તે ચાલ્યો ગયો. ઈશ્વર પ્રેમ છે, તે પોતાનાં બાળકોને નરકમાં પીડા પામતાં કેમ જોઈ શકે? ઈશ્વર પાપીઓને નરકમાં મોકલતો નથી. આપણાં પાપ મોકલે છે. ઈશ્વર ઈચ્છે છે કે દરેક જણ સ્વર્ગમાં જાય, પણ પાપીઓને ત્યાં જવું ગમતું નથી. પેલો જુવાન દૂતો સાથે સ્વર્ગમાં રહી શકે તેમ નહોતું. અમારી સાથે તે પંદર મિનિટ પણ રહી શકયો નહી, અને કદાચ સ્વર્ગમાં તે પંદર સેંકન્ડ પણ રહી શકયો ન હોત.

## હું તેને ઓળખું છું

એક બૌધ સાધુએ મને એક ૧૩ વર્ષની નાની છોકરી વિષે વાત કરતાં કહ્યું કે તેણે મને એમ કહ્યું કે 'હું ખ્રિસ્તી છું" ખ્રિસ્ત વિશે તું શું જાણે છે.?" "હું તેના વિષે ઘણું જાણતી નથી, પણ એક વાત હું જાણું છું કે હું તેને ઓળખું છું." "મૂર્ખ છોડી, તું તો અભણ છે." પણ તેણે જવાબ આપ્યો, "મારાં માબાપને હું ઓળખું છું. હું તેમના પર પ્રેમ રાખું છું ને તેઓ મારા પર પ્રેમ મ રાખે છે, પણ પ્રભુ ઈસુ

ખ્રિસ્ત તો મારામાં રહે છે; ઈસુ ખ્રિસ્ત મને જીવન આપે છે, જે જગત આપી શકતું નથી કે લઈ શકતું પણ નથી.'' તેથી તેને એક ઓરડીમાં પૂરી દેવામાં આવી ને ખોરાક બંધ કર્યો ; અને ૨૪ કલાક પછી પેલા સાધુએ તેને પૂછયું 'હવે કેમ છે? ' તે ગાતી હતી; તેના હૃદયમાં આનંદ હતો; તેને થાક લાગ્યો નહોતો. તેને બે દિવસ, ત્રણ દિવસ કેદમાં ગોંધી રાખવામાં આવી. ને ત્રીજે દહાડે જ્યારે ઓરડીનું બારણું ખોલ્યું ત્યારે પણ તે ગાતી માલૂમ પડી, અને આ અભણ છોડી અજાયબ જેવા આનંદ અને શાંતિથી ભરપૂર જણાઈ, પેલા લામાએ કબૂલ કર્યું કે 'તું મારો શિક્ષક છે, હું વૃદ્ધ છું. તું તો કેવળ ૧૩ વર્ષની છે, પણ હું તારો શિષ્ય છું. મારામાં જે નથી તે તારામાં છે. પ્રભુ ઈસુખ્રિસ્તને પ્રાપ્ત કરવાનો આધાર ઉંમર કે જ્ઞાન પર નથી. આ નાની બાળા ઉપદેશ કરી શકતી નહોતી, પણ પેલા સાધુને જે મળ્યું નહોતું તેવું કંઈક તેને મળ્યું હતું.

## જુઓ, હું સર્વકાળ તમારી સાથે છું

એક પ્રસંગે તિબેટમાં હું ત્રણ દિવસ સુધીઉપદેશ કરતો હતો. લોકો બધા મારી વિરૂદ્ધ હતા, કારણ કે બૌધધર્મીઓ ને ખ્રિસ્ત વિષે સાંભળવાનું ગમતું નથી. મને ગામમાંથી હાંકી કાઢવામાં આવ્યો. મેં ત્રણ દિવસથી કંઈ ખાધું નહોતું; રાત્રી પુષ્કળ ઠંડી હતી. આ જગા ૧૩૦૦૦ ફૂટ ઊંચે આવેલી હતી, આખી રાત હું ભૂખ્યો, તરસ્યો ને ટાઢે ઠુંઠવાતો પડી રહ્યો. મદદ કરનાર કોઈ નહોતું, શેતાને મારું પરીક્ષણ કરવા માડયું ''ઘેર તો તું એશઆરામમાં હતો, હવે ખ્રિસ્ત તને મદદ કરવાનો નથી.'' હું પ્રાર્થના કરવા લાગ્યો, ને શબ્દો સંભળાયા 'જાગૃત રહો અને પ્રાર્થના કરો.' મને અજાયબ જેવી શાંતિ મળી, એવી શાંતિ કે જે જગત આપી કે લઈ શકતું નથી. ગુફામાંથી બહાર આવી, મેં એક ઝાડનાં થોડાં પાંદડાં ખાધાં; એ પાંદડાં ઘણાં ચવડ અને રસકસ વિનાનાં હતાં, પણ મને યાદ છે કે ઈશ્વરી હાજરીને લીધે મને બધું નવીન જણાયું, પેલાં પાંદડાં મને સ્વાદિષ્ટ લાગ્યાં. આ

પ્રમાણે ખાણાની મોજ મેં કદી મારે ઘેર માણી નહોતી; પછી હું શેતાનને એમ કહી શકયો કે ''ખ્રિસ્ત હ્યાં છે.'' તેણે વચન આપ્યું છે કે ''હું સદા સર્વકાળ તમારી સાથે છું ''મને તેનો અનુભવ થયો છે તે જીવતો ખ્રિસ્ત છે. ઘણા એમ કહે છે કે ''ખ્રિસ્ત એ તો કેવળ એક મહાપુરુષ છે, પ્રબોધક છે; તે તમને મદદ કરશે નહિ.'' તે હંમેશાં આપણી સાથે છે. કોઈ મહાપુરુષ એવું નહિ કહે કે ''હું સર્વકાળ તમારી સાથે છું'' કેવળ ખ્રિસ્ત જ એમ કહી શકે છે કે 'હું સર્વકાળ, હા જગતના અંત સુધી તમારી સાથે છું'.

## ખ્રિસ્તને ઓળખવા માટે તમારે પ્રાર્થના કરવી જોઈએ

એક વખતે, મારા પિતાશ્રીએ મને એક પ્રશ્ન પૂછયો ''આટલાં વર્ષોથી હું તારું જીવન જોતો આવ્યો છું, ને ઘર આંગણે તેં ગાળેલાં વર્ષો સાથે હું તેને સરખાવું છું. પહેલાં તું કદી સુખી જણાતો નહોતો હવે હું તને દુઃખ સહન કરતો જોઉં છું છતાં તું હંમેશાં આનંદી દેખાય છે, તેનું શું કારણ?'' મેં કહ્યું, 'મારામાં કંઈ સારું છે તેથી એવું નથી, પરંતું એજ જીવંત ખ્રિસ્ત જેને હું પહેલાં ધિક્કારતો હતો, તેને હું હવે ઓળખું છું, અને મને તેનામાં શાંતિ મળી છે. આથી મારા બાપા પર ઘણી અસર થઈ, અને તે ખ્રિસ્તી ધર્મ વિષે વિચાર કરવા લાગ્યા. તેમણે કહ્યું 'હું' ખ્રિસ્તને કેવી રીતે ઓળખું? મેં જવાબ આપ્યો, ''જો તમે ખ્રિસ્ત વિષે જાણવા માગતા હો, તો પવિત્રશાસ્ત્ર વાંચો, પણ જો તમે તેને ઓળખવા ઈચ્છતા હો, તો તમારે પ્રાર્થના કરવી જોઈએ, કારણ કે કેવળ વાંચવું એટલું જ બસ નથી. ઘણા વિધર્મીઓ અને નાસ્તિકો શાસ્ત્ર વાંચે છે, પણ તેઓ તેને કદી ઓળખતા નથી. પ્રાર્થના જ એક એવી ચાવી છે, ને ખરી ચાવી છે, જે તમારે માટે સત્યનું દ્વાર ખોલી નાખશે.'' તેઓ એ પ્રમાણે કરવા લાગ્યા, અને કેટલાક વખત પછી તેમને એમ કહેતાં સાંભળીને મને આનંદ થયો કે ''મને તારો ત્રાતા મળ્યો છે, તે હવે મારો તારણહાર છે.''

## આપણને કેવળ રોટલીની નહિ, પણ જીવતી રોટલીની જરૂર છે.

હિંદમાં હું એક ઈશ્વરભક્તને ઓળખું છું, જેણે મનેપોતાનો અનુભવ કહ્યો. એક ભિખારી તેને ત્યાં હમેશાં ટુકડા રોટલી માટે આવતો, ને રોટલી મળે કે તરત ચાલ્યો જતો. એક દિવસે ઈશ્વરભક્ત પાસે પેલા ભિખારીને આપવાનું કશું નહોતું, ને તેથી ઘરનાં માણસો કંઈ ખાવાનું લઈ આવે, ત્યાં સુધી તેને થોડીવાર બેસીને વાત કરવાનું કહ્યું. એકાદ કલાકમાં તો પેલા ભિક્ષુકને ખાતરી થઈ ગઈ, અને તે પ્રાર્થના કરવા લાગ્યો. તેનું સંપૂર્ણ બદલાણ થઈ ગયું. તેને ઈશ્વરની હાજરીનું ભાન થયું ને તે આનંદથી ભરપૂર થઈ ગયો. ''આટલા બધા દિવસ સુધી હું તમારે ત્યાં ટુકડા રોટલી માટે આવ્યો છું. અને રોટલી સિવાય બીજું કંઈક વધારે, તમારે મને આપવાનું છે. તેનો મેં આજ સુધી વિચાર કર્યો નહોતો.'' પેલા પ્રાર્થનાવાદી ઈશ્વરભક્તે તેને કહ્યું ''તેમાં મારો કંઈ દોષ નથી, દોષ તારો છે. તું કેવળ રોટલા માટે આવતો, ને તે મળતો એટલે લાગલો જ ચાલ્યો જતો; પણ હવે તને મરી સાથે વખત ગાળવાનો મોકો મળ્યો, અને હું તારી સાથે વાત કરી શક્યો.'' આપણા તારનારનું પણ એવું જ છે. ઘણા એવા છે, જેઓ આપણા સ્વર્ગીય પિતા પાસે જઈ ને ઓલી પેલી વસ્તુ માગે છે. આપણા પ્રભુએ આપણને પ્રાર્થના કરતાં શીખવ્યું છે, ''તારી ઇચ્છા પૂરી થાઓ,'' પણ આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે તેથી ઊલટું જ માગીએ છીએ, 'મારી ઇચ્છા પૂર્ણ થાઓ.' જોકે શબ્દોમાં હોઠ દ્વારા આપણે એ પ્રમાણે બોલતા નથી, પણ આપણાં કૃત્યો વડે આપણે તે સાબિત કરીએ છીએ. માગેલી વસ્તુઓ મળે છે કે તરત આપણે ઈશ્વર પાસેથી દોડી જઈએ છીએ. ને તેથી જ ઘણી વખતે આપણને જે બધું જોઈએ છે તે ઈશ્વર આપતો નથી.

## ગરીબ છતાં, તેની આંખો તારા જેવી પ્રકાશિત હતી

૧૯૨૦માં જ્યારે હું ઈંગ્લાંડમાં હતો ત્યારે મૃત્યુશયા પર

પડેલા એક માણસની મુલાકાત લેવાનું મને કહેવામાં આવ્યું. મને ફૂરસદ નહોતી, એટલે પ્રથમ તો મેં ના પાડી, પણ એક ઈશ્વરભક્તે મને કહ્યું ''તમારે તેને મળવું જોઈએ; એથી તમને લાભ થશે.'' હું ગયો. તે એક ઘણો ગરીબ માણસ હતો, તેને એક જ દીકરી હતી. જે તેની સારસંભાળ લેતી હતી, આખા શરીરે તેને પીડા થતી હતી, અને ઘણાં વર્ષોથી તે એજ પીડા ભોગવતો હતો. તેનું શરીર ઘણું કૃશ હતું, ને તે કેવળ હાડકાંનું માળખું -હાડપિંજર હતો. મેં જ્યારે તેની આંખો તરફ દૃષ્ટિપાત કર્યો, ત્યારે તે પ્રકાશિત તારા જેવી દેખાઈ. તેણે મને કહ્યું ''તમે મને સુંદેશો આપવા આવ્યા છો, પણ મારે તમને સંદેશો આપવાનો છે. જાઓ, જઈને તે સંદેશો આપો. લોકોને એ વાતનું ભાન હોતું નથી કે દુ:ખમાં પણ સાચું સુખ હોઈ શકે છે. હું ઈશ્વરની સ્તુતિ કરું છું કે લાંબા વખતથી પીડા ભોગવ્યા છતાં મને એવો અજાયબ જેવો આનંદ મળ્યો છે, જે રાજાને તેના મહેલમાં પણ મળી શકે નહિ.'' તે પુષ્કળ નબળો હતો, પણ તેનું મોં દૂતના મોં જેવું તેજસ્વી હતું, અને તેની આંખોમાં સ્વર્ગ હતું. તેણે કહ્યું, ''થોડી પળો બાદ લોકો જાણશે કે હું મરણ પામ્યો છું, કૃપા કરીને તેમને કહેજો કે હું મરી જવાનો નથી, હું જીવવાનો છું.'' હું ગયો, અને તેના આ આનંદનો સંદેશો બીજાઓને આપ્યો. સંદેશો પહોંચાડયા પછી, મેં સાંભળ્યું કે તે મરણ પામ્યો છે. મરણ પહેલાં તેને કેવો અજાયબ જેવો આનંદ હતો; તે બીજાઓને કહેતો ''સ્વર્ગ ના દૂતો સાથે હું મારા તારનારને મળવા જવાનો છું; હું મારા ત્રાતા સાથે રહેવાનો છું '' લોકો આ સમજી શકતા નથી, અને ઘણાં સંસારમાં રચ્યાપચ્યા રહેતા માણસો, આ ગરીબ માણસ જેવો આનંદ મેળવી શકતા નથી.

## શાંતિ એ કલ્પનાની નહિ, પણ ખ્રિસ્તની ભેટ છે

ઈશ્વરનું વચન વાંચ્યા બાદ, હું પ્રાર્થનામાં સમય ગાળું છું, ને

તે પછી મને જે અજાયબ જેવા વાતાવરણનો અનુભવ થાય છે, તેને હું પૃથ્વી પરનું સ્વર્ગ કહું છું, માનસશાસ્ત્રીઓ મને આ અનુભવ વિષે પૂછે છે. એકે મને કહ્યું, ''તમને એક પ્રકારની શાંતિ મળે છે; તે સ્વભાવની બાબત છે, અથવા તો તમારી કલ્પના અને મનનનું પરિણામ છે.'' મેં તેને જવાબ આપ્યો, ''વારુ હું તમને પ્રત્યુત્તર આપું તે પહેલાં મારે તમને એક પ્રશ્ન પૂછવો છે. એક માણસ હતો, તે જન્મનો આંધળો હતો, તેને શિયાળાની ઠંડીમાં સૂર્યના તાપમાં બેસાડવામાં આવ્યો. તેઓએ તેને પૂછયું, ''હવે તમને કેવી લાગણી થાય છે?'' ''મને ગરમી લાગે છે.'' હા, જરૂર, કારણ કે સૂર્ય પ્રકાશે છે.'' ''અરે ના, ના, એ ગરમી તો મારી પોતાની કલ્પનાનું પરિણામ છે; બહાર તો કાંઈ નથી, અગ્નિનો ગોળો આકાશમાં લટકતો દેખાતો નથી. નીચે થાંભલા કેઆધાર વિના સૂર્ય ઊભો રહે એ હું માની શકતો નથી. ગરમી તો મારા શરીરમાં અને રૂધિરાભિસરણમાં છે.'' પેલો આંધળો સૂર્યના અસ્તિત્વમાં માની શકયો નહિ, પેલા માનસશાસ્ત્રીને મેં પૂછયું, ''આ આંધળા વિષે તમે શું ધારો છો?'' તેણે જવાબ આપ્યો, તે તો મૂર્ખ હતો.''જવાબમાં મેં તેને પરખાવ્યું, અને તમે વિધ્વાન મૂર્ખ છો. મનનનો મને અનુભવ છે, અને કલાકોની કલ્પના મને એ પ્રકારનો અનુભવ કરાવી શકતી નથી. પણ હું ધારતો નહોતો તે વખતે ખ્રિસ્તે મને તે અનુભવ આપ્યો, અને તમે કહો છો કે 'તે તમારી કલ્પનાનું પરિણામ છે.' જ્યારે આપણે ઈશ્વર આગળ શાંત રહીએ છીએ, ત્યારે ન્યાયીપણના સૂર્ય પાસેથી આપણને ગરમી ને પ્રકાશ મળે છે તે આપણી કલ્પનાશક્તિ કે મનનનું પરિણામ નથી, પણ તે નરી વાસ્તવિકતા છે. મારી ખાતરી છે, કે જેઓ દરરોજ પ્રાર્થનામાં સમય ગાળે છે.તેમને એ સાચું જણાશે.

# આત્મિક કોઢ મટયો

એક વખતે, એક ધર્મસેવક સાથે હું એક કોઢિયાને મળવા ગયો. મારા મિત્રે તેને કહ્યું, ''અફસોસ ! તમને પીડા પામતા જોઈને મને દુઃખ થાય છે !'' પેલા કોઢિયાનો જવાબ સાંભળીને મને આશ્ચર્ય થયું; ''સાહેબ, તમને દુઃખ લાગે છે, પણ હૃદયમાં જ અપૂર્વ શાંતિ છે તેને લીધે હું ઈશ્વરની સ્તુતિ કરું છું, ને હું કોઢિયો છું, તે માટે હું ઈશ્વરનો આભાર માનું છું'' પોતાના કોઢ બદલ, તેને ઈશ્વરનો આભાર માનતો જોઈને, મને ઘણું આશ્ચર્ય થયું, પણ તેણે આગળ ચલાવ્યું; જો હું સાજોસમો હોત તો હું કદાચ ચોર કે ખૂની બનત પણ આ કોઢ દ્વારા મને પાપરૂપી કોઢનું ભાન થયું. હવે આ શારીરિક કોઢ મટી જાય, તેની મને ચિંતા નથી. મારો આત્મિક કોઢ મટયો છે, અને મને હવે ઈસુ ખ્રિસ્તમાં આનંદ મળે છે.'' આ માણસમાં અવર્ણનીય આનંદ હતો. મેં તેની આંખોમાં આંસુ જોયાં; તેના મોંમાં શબ્દો નહોતા, માત્ર આંસુની ભાષા હતી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત દરિદ્રીઓને અને જેઓ પોતાને દરિદ્રી સમજે છે તેમને સુવાર્તા પ્રગટ કરવા માટે આવ્યો. હું વિચારવા લાગ્યો કે પેલો ધર્મસેવક આ ગરીબ કોઢિયા જેટલો સુખી નથી, અને બીજા ઘણાં તવંગર અને તંદુરસ્ત માણસો પણ તેના જેટલા સુખી હોતા નથી, અનુભવ પુરવાર કરે છે કે પુસ્તકોમાં નહિ, પણ જીવંત ખ્રિસ્તમાં ગરીબો માટે સંદેશો છે.

-----

## પ્રકરણ ૨

# વધસ્તંભ દ્વારા તારણ

## ખ્રિસ્ત મારું જીવન છે

ખ્રિસ્ત મારો તારનાર છે. તે મારું જીવન છે. પૃથ્વી પર ને સ્વર્ગમાં તે એકલો જ મારું સર્વસ્વ છે. રેતાળ પ્રદેશમાં એક વાર મુસાફરી કરતાં કરતાં મને થાક અને તરસ લાગ્યાં. ઘણે દૂર સરોવરનું દશ્ય જોઈને મને આનંદ થયો, અને મને લાગ્યું કે હવે મારી તૃષા છીપશે. લાંબા વખત સુધી હું તે તરફ ચાલ્યો, પણ હું ત્યાં પહોંચી શકયો નહિ. પછી મને માલૂમ પડયું કે એ તો મૃગજળ હતું. સૂર્યના કિરણના વક્રીભવનથી ઉત્પન્ન થયેલ કેવળ પાણીનો -આભાસ હતો. વસ્તુતઃ ત્યાં પાણી નહોતું. એ જ રીતે જીવનના પાણીની શોધમાં હું દુનિયામાં આમતેમ આથડતો હતો. આ દુનિયાનાં વાનાં જેવાં કે પૈસા, સત્તા, માન અને વૈભવ સરોવર જેવાં દેખાતાં હતાં, જેનું પાણી પીને હું મારી આત્મિક તરસ છિપાવવા માગતો હતો. પણ મારા હૃદયની તૃષા છિપાવવા મને પાણીનું એક બુંદ પણ કદી મળ્યું નહિ. હું તરસે મારવા પડયો હતો. જ્યારે મારી આત્મિક આંખો ઉઘડી ગઈ, ત્યારે જ તેની વિંધાયેલી કૂખમાંથી જીવતા જળની નદીઓ વહેતી મેં દીઠી. મેં તે પાણી પીધું, ને સંતોષ અનુભવ્યો. તૃષા અદશ્ય થઈ ગઈ. તે દિવસથી માંડી ને મેં હમેશાં તે જીવનનું પાણી પીધું છે, અને દુનિયાના રેતાળ પ્રદેશમાં મને કદી તરસ લાગી નથી. મારું અંતકરણ તેની સ્તુતિથી ભરપૂર છે.

તેની હાજરી મને સર્વ સમજણ કરતાં અધિક એવી શાંતિ આપે છે; પછી ભલેને હું ગમે તેવા સંજોગોમાં મુકાયો હોઉં! સતાવણીમાં મને શાંતિ, આનંદ અને પ્રસન્નતા પ્રાપ્ત થયાં છે. તેનો વધસ્તંભ ઊંચકીને તેની પાછળ ચાલવું એ એટલું બધું મધુર અને મૂલ્યવાન છે

કે સ્વર્ગમાં જો મને વધસ્તંભ ઊંચકવાનું ન મળે, તો તેના મિશનરી તરીકે જરૂર પડે તો મને નરકમાં પણ મોકલવા હું તેને વીનવીશ, એ માટે કે ત્યાં કંઈ નહિ તો તેનો વધસ્તંભ ઊંચકવાનું મને પ્રાપ્ત થાય. તેની હાજરીથી નરક પણ સ્વર્ગમાં પલટાઈ જશે. જેવી રીતે કોઈ મૂંગો માણસ મીઠાઈની મીઠપનું વર્ણન કરી શકતો નથી, તેમ ઉદ્ધાર પામેલો પાપી મનુષ્ય પણ તેના હૃદયમાં રહેલી ખ્રિસ્તની હાજરીની મધુરતાનું વર્ણન કરી શકતો નથી. સમુદ્ર ખારો હોય છે, ને માછલી તેનું આખું જીવન તેમાં રહે છે, પણ તેનામાં જીવન હોવાથી તે કદી ખારી બનતી નથી. તે જ રીતે જો આપણને ખ્રિસ્તમાંથી જીવન મળે, તો દુનિયામાં રહેવા છતાં, આપણે દુન્યવી થઈ જઈશું નહિ. કેવળ અહીં જ નહિ, પણ સ્વર્ગમાં પણ આપણે પોતાને તેનામાં જોઈશું,

હવે મને પૈસો, સત્તા કે માનની તૃષ્ણા નથી. તેમ જ સ્વર્ગ માટેની ઇચ્છા પણ નથી. પરંતુ મને તો જેણે મારા હૃદયને સ્વર્ગ બનાવ્યું છે, તેની જરૂર છે. તેના અગાધ પ્રેમે બીજાં બધાં વાનાંનાં પ્રેમને નસાડી મૂકયો છે, ઘણા ખ્રિસ્તીઓ આ કીમતી ને જીવનદાયી હાજરીનો અનુભવ કરી શકતા નથી, કારણ કે તેમને માટે ખ્રિસ્ત કાં તો તેમના મગજ કે બાઇબલમાં રહે છે; તેમનાં અંતઃકરણમાં નહિ. માણસ તેનું હૃદય ખ્રિસ્તને સોંપી દે ત્યારે જ તે તેને મળે. અંતઃ કરણ જ રાજાઓના રાજા માટેની ગાદી છે. સ્વર્ગનું મુખ્ય શહેર તે હૃદય છે, જ્યાં આ રાજા રાજ્ય કરે છે.

## જે વધસ્તંભને ઊંચકે છે તેને વધસ્તંભ ઊંચકશે

મારા જેવા એક નાલાયક કિંકરને; મારી યુવાવસ્થાના દિવસોમાં તેણે પોતાની પાસે બોલાવ્યો અને તેની સેવામાં મારી યૌવનની શક્તિનો ઉપયોગ કરવા ઉત્તેજિત કર્યો, માટે હું ઈશ્વરની સ્તુતિ કરું છું. હું ખ્રિસ્તી થયો તે પહેલાં પણ મારી એ પ્રાર્થના હતી કે

ઈશ્વર મને સત્યનો માર્ગ જણાવે, અને હું પોતે તેમાં ચાલીને બીજાઓને પણ હું તે માર્ગ પ્રગટ કરી શકું; તેથી જે રસ્તો સત્ય તથા જીવન છે, તે મને પ્રગટ થયો, અને મને એવું માર્ગદર્શન મળ્યું કે મારે સાધુ બનીને બીજાઓને સુવાર્તા પ્રગટ કરવી, જોકે તેમ કરતાં, ભૂખ, કેદ, તાપ અને હરેક પ્રકારની મુશ્કેલીઓ આવી પડે તે વેઠવા મારે તૈયાર રહેવુ, અને બન્યું છે પણ એમ જ. તેમ છતાં તેના નામની સ્તુતિ ને ગૌરવ અર્થે કહેવું જોઈએ કે દશ વર્ષના અનુભવ પછી હું આજે કહી શકું છું, કે જે કોઈ વધસ્તંભને રાજીખુશીથી ઊંચકે છે, તેને વધસ્તંભ ઊંચો કરશે, ને તેના ઈચ્છિત ધ્યેયે પહોંચાડશે. તેથી આ ધન્ય વધસ્તંભ આપણે ન છોડીએ, પણ પોતાના સ્વત્વનો નકાર કરીને પોતાનો વધસ્તંભ દરરોજ ઊંચકી, આપણા સ્વામીની પાછળ ચાલીએ.

## એક અજબ ઘટના

કૈલાસ છોડીને, જ્યારે હું વસ્તીવાળા પ્રદેશમાં આવ્યો, અને સૌથી નજીકના ગામનો રસ્તો કયો, એમ ત્યાંના રહીશોને મેં પૂછયું, ત્યારે હું ખ્રિસ્તી છું એ જાણીને દુશ્મનાવટથી તેઓએ મને જંગલનો ભયંકર માર્ગ બતાવ્યો; હું ત્યાંનો તદ્દન અજાણ્યો હોવાથી મેં તેમની સૂચના માની, અને તે બાજુ વળ્યો. ચાલતાં ચાલતાં રાત પડી, પણ કોઈ ગામડું દૃષ્ટિગોચર થયું નહિ અને હું એક નદીને કાંઠે આવી પહોંચ્યો, ત્યારે સૂર્ય અસ્ત થવા પર હતો. ચારે બાજુથી હિંસક પ્રાણીઓના અવાજ મારે કાને અથડાવા લાગ્યા. મેં નદી ઓળંગવાનો પ્રયત્ન કર્યો, પણ હું તેમ કરી શકયો નહિ. ને તેથી છેવટે, મારા બધા પાસા આજે અવળા પડતા હતા, ને મારો અંત હવે પાસે છે, એવી લાગણી સાથે હું નિરાશ થઈને બેઠો. મારી આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં.

તે જ વખતે મેં આંખો ઊંચી કરીને નદીના સામે કાંઠે જોયું, તો મેં એક માણસને તાપણા આગળ બેસીને તાપતો જોયો. તેણે મને કહ્યું,

''ગભરાશો નહિ, હું તમારી મદદે આવું છું.'' તેને, ઊઠીને મારી પાસે આવતો જોઈને મને ઘણો આનંદ થયો, ને જરાપણ ડગ્યા કે ડર્યા વિના ઝડપથી વહેતા નદીના પ્રવાહમાં ઊતરીને, તેને નીકળી આવતો જોઈને, હું ઘણો અજાયબ થયો. તેણે મને કહ્યું ''માર ખભા પર બેસી જાઓ અને બીશો નહિ.'' પછી મને ઊંચકીને તે મૃદુતાથી પાર લઈ ગયો. પણ આમાં આશ્ચર્ય પામવા જેવું તો એ હતું કે જ્યારે હું પોતાને સામે પાર લઈ જવા અશક્ત હતો, ત્યારે તે આટલો બધો ભાર ઊંચકીને, કંઈ પણ ગભરાટ વિના ઊતરી આવ્યો. મેં મારા મનમાં નક્કી કર્યું કે, '' તે આ સ્થળનો રહેવાસી હોવાથી, તેને તરવાનો મહાવરો છે. તેથી હવે તેની સાથે બેસીને હું તેને સુવાર્તા સંભળાવીશ, અને તેનો આભાર પણ માનીશ. પણ પાછા વળીને મેં જોયું તો એકદમ પેલું તાપણું ને માણસ બંને અદ્દશ્ય થઈ ગયેલાં જણાયાં, અને મારી બીકની કોઈ અવધિ રહી નહિ, ને હું અજાયબ થવા લાગ્યો કે આ શું હશે ? ખરેખર આપણો પ્રભુ ગઈ કાલે, આજે અને સદા સર્વકાળ સુધી તેવો ને તેવો જ છે. તેનામાં કશો વિકાસ કે ફેરફાર થતો નથી, પણ ફેરફાર કેવળ આપણા વિશ્વાસમાં હોય છે.

## તારણ એટલે માફી અને પાપમાંથી મુક્તિ

તારણ એટલે કેવળ પાપની માફી જ નહિ, પણ પાપમાંથી છુટકારો. પાપની માફી મળ્યા પછી પણ આપણે આપણા પાપમાં મરીએ એ તદન સંભવિત છે. ઘણા પાપી એવા છે. જેમનાં પાપ માફ થયાં છે છતાં તેઓ હજી તેમના પાપમાં મરતા હોય છે. ખ્રિસ્ત આપણને પાપમાંથી બચાવે છે; આપણાં પાપ માફ કરે છે એટલું જ નહિ, હિમાલય પહાડ પર એક માણસ હતો, તે એટલી લાંબી મુદત સુધી બીમાર રહ્યો કે છેવટે તે ગાંડો થઈ ગયો. એક દિવસ તેના સગામાંથી કોઈક તેને મળવા ગયું, ને તેની પાસે બેઠું. એકદમ પેલા ગાંડાએ તીક્ષ્ણ ધારવાળી છૂરી લઈને પેલા સગાનું ગળું કાપી નાખ્યું. તેની ધરપકડ

કરવામાં આવી ને પછીથી તેને ફાંસીની સજા થઈ. તેનાં સગાં સંબંધીઓએ અપીલ કરીને તેને માફી બક્ષવાની યાચના કરી, કારણ કે લાંબા મંદવાડને લઈને તેણે મગજની સમતુલના ગુમાવી દીધી હતી, રાજા ભલો માણસ હતો, અને આ વિનંતી તેને વાજબી લાગી, પેલા માણસને છોડી મૂકવોનો તેમણે હુકમ કર્યો. પેલા ગાંડાએ તેના સગાનું ખૂન તા. ૨૦મી એ કર્યું, ને ૨૨મી એ તો તેને ફાંસીની સજા થવાની હતી, તા. ૨૧ મીએ તેને માફી મળી અને ૨૨મીએ તો તે મરણ પામ્યો. તેને પાપની માફી મળી, પણ તેથી તેને શો લાભ? તે મરી ગયો. માંદગીમાંથી તેને સાજાપણું મળે માટે મુક્તિ મળી હતી, તેણે ખૂન કર્યું, પણ તે તો કેવળ તેના રોગનું પરિણામ હતું. તે દર્દમાંથી તેને સાજાપણું મળ્યું નહોતું, તે દર્દથી જ તે મરણ પામ્યો, તે જ રીતે ઘણા એવાં છે, જેમનાં પાપ માફ થાય, છતાંને પણ તેઓ તેમના પાપમાં મરે છે. આપણને આપણાં પાપમાંથી બચાવવા માટે ખ્રિસ્ત આવ્યો છે. જો પાપમાંથી સાજાપણું મળ્યું હોય, તો જ આપણે તારણ પામ્યા છીએ, પરંતુ જો પાપ કરતા જ રહીએ, તો તો પાપમાં જ મરવાના. ઘણા લોકો ભૂલથાય ખાય છે. તેઓ એમ ધારે છે કે પાપ માફ થયું એટલે બસ, બચી ગયા, પણ જો તેમનો પાપી સ્વભાવ સુધર્યો નથી, તો તેઓ તારણ પામતા નથી.

## દુઃખ અને પીડાનું રહસ્ય

દુનિયામાં દુઃખ અને પીડાનો મર્મ એ એક મોટી સમસ્યા છે. જોકે તે પાપને લીધે હોય છે, પણ હમેશાં તે એ પ્રમાણે હોતું નથી, કારણ કે ઘણી વખત ઈશ્વર તે દ્વારા આપણને તેના શાંતિપ્રદ સાંનિધ્યમાં બોલાવે છે. આપણી આત્મિક જિંદગી અને પ્રગતિ માટે વધસ્તંભ અતિ આવશ્યક છે. જો દુઃખ અને દર્દ આપણી સૃષ્ટિના ભલા માટે ન હોત, તો સર્વશક્તિમાન ઈશ્વરે તેમને પૃથ્વી પરથી એકદમ નાબૂદ કરી નાંખ્યાં હોત. પણ તેણે એવું કશું કર્યું નથી, અને કરતો પણ નથી,

કારણ કે તે આપણા હિત માટે અને આશીર્વાદના સાધનરૂપ છે. જમીનમાં વવાયેલા ઘઉંના દાણાનો વિચાર કરો; ખુલ્લી હવામાં સૂર્યના પ્રકાશ અને ગરમીથી તે શોભાયમાન બને છે, તે પહેલાં તેને પૃથ્વીના કાળા પેટાળમાં રહેવું પડયું હતું; ને પછી નિર્મિત સમયે તે ફૂટી નીકળે છે, અને ફળવંત બને છે. આપણી બાબત પણ એવી જ છે.

## પસ્તાવો એ મોટામાં મોટી જરૂરિયાત છે

દેવના રજ્યમાં જેઓ પ્રવેશ કરવા ઈચ્છે છે, તેમને માટે પશ્ચાત્તાપ એ સૌથી મોટી જરૂરિયાત છે (માત્થી ૩; ૨). દેવનું રાજ્ય એ કેવળ ભવિષ્યની વસ્તુ નથી, પણ તેની શરૂઆત તો અહીં પૃથ્વી પરથી થાય છે. એક પાપ, નાનામાં નાનું પાપ, અરે એક ભૂડો વિચાર, આપણી આશાના મિનારાને જમીનદોસ્ત કરવા અને આપણ ને રાજયની બહાર રાખવા પૂરતો છે. રોગ ઉત્પન્ન કરતાં નાનાં જંતુઓની પેઠે, એ કહેવાતાં નાનાં પાપો, અતિ ભયંકર છે, નરી આંખે આપણે આ જંતુઓ જોઈ શકતા નથી, પણ હજારો લોકો તેમના હુમલાનો ભોગ બને છે, અને એ જ રીતે, જે પાપો આપણે જોઈ શકતા નથી, તેમનું પણ એ જ પ્રમાણે છે.

પાપની શક્તિમાંથી છૂટીને, આપણે ઈશ્વરના રાજ્યામાં પ્રવેશ્યા છીએ, તેની સાબિતી આપણને શાંતિના અનુભવથી મળે છે. એક અધ્યાપકે મને પૂછયું, ''તમારા તારણની ખાતરી તમને કેવી રીતે થાય?'' મેં જવાબ આપ્યો, ''કોઈ વસ્તુ મધુર છે, તે જેમ ચાખવાથી ખબર પડે છે, તે જ રીતે મને શાંતિનો અનુભવ થયો છે, તેથી જ હું જાણું છું કે મારું તારણ થયું છે.''

એક માણસ, બરફથી દઝાવાય છે એવું માનવા તૈયાર નહોતા. તેને ચેતવણી મળ્યા છતાં, તેના પગની ચામડી નાશ પામી, ત્યાં સુધી તે ઉઘાડા પગે બરફ પર ચાલ્યો. ઘણા માણસો એવા છે, કે પીડા ન થાય

ત્યાં સુધી તેઓ માનતા નથી કે પાપથી બળી જવાય છે.

ઈશ્વર સાથેના આપણા સંબંધનો પાપ નાશ કરેછે. કોઈ એક માણસે એવી વિનંતી કરી કે મારાં ભાંગી ગયેલાં હાડકાં સાજાં સમાં થાય, તે અગાઉ મને દર્દમાંથી મુક્તિ મળવી જોઈએ. કેવી મૂર્ખાઈ! પાપમાંથી નિષ્પન્ન થયેલ દુ:ખ નિવારી શકાય. તે અગાઉ ઈશ્વર સાથેનો આપણો સંબંધ, પ્રથમ પુન:પ્રસ્થાપિત થવો જોઈએ.

-------------

## પ્રકરણ ૩

# વધસ્તંભ એ જ સ્વર્ગ છે.

### ખરો આનંદ

કેટલીક વાર હું મારા મિત્રોને કહું છું કે બીજાઓને સમજાવવા માટે, કેદખાનું, પીડા, સતાવણી એવા શબ્દોનો હું ઉપયોગ કરું છું ખરો, પણ એ દુઃખ કંઈ ખરેખરું દુઃખ નહોતું. મેં જો ખરેખરું દુઃખ ભોગવ્યું જ હોત, તો હું કદી ગામડાંઓમાં સુવાર્તા પ્રગટ કરવા ગયો ન હોત, ખરી વાત તો એ છે કે જ્યારે જ્યારે વહાલા ત્રાતાને લીધે મારે દુઃખ સહન કરવું પડયું, ત્યારે ત્યારે મને હમેશાં પૃથ્વી પર સ્વર્ગનો અનુભવ થયો. બીજા કોઈ પણ સ્થળેથી અપ્રાપ્ય એવો અજબ આનંદ મને મળતો. એવે વખતે મને તેની સમક્ષતાનું હમેશાં એવું સ્પષ્ટ ભાન થતું, કે મારા મનમાં જરાએ શક રહેતો નહિ. હું ખ્રિસ્તી થયો તે પહેલાં દુઃખ મને ખરેખર દુઃખ જણાતું, કારણ કે તે વખતે મને જરાએ શાંતિ નહોતી, દુઃખ શબ્દના સાચા અર્થમાં, તે દુઃખ ન હતું, જાણે હું નરકમાં હોઉં એવું મને લાગતું. પણ મારા બદલાણ પછી મને જરાએ દુઃખ થયું નહોતું. હું જ્યારે કેદમાં હોઉં ત્યારે મને કેદખાના જેવું લાગતું નહિ પણ પૃથ્વી પરના સ્વર્ગ જેવું લાગતું. સતાવણીમાં ન હોઉં ત્યારે જે આનંદ મને થતો, તે કરતાં વિશેષ આનંદ મને સતાવણીના પ્રસંગોમાં થતો; સ્વાદિષ્ટ ભોજન કે મિષ્ટાન્ન જમતાં મને જે આનંદ થતો, તે કરતાં વિશેષ આનંદ હું ભૂખ્યો હોઉં ત્યારે મને થતો. તેની હાજરીથી જ મને આ આનંદ-આ પૃથ્વી પરનું સ્વર્ગ મળતું, આ આનંદ કોઈ છીનવી લઈ શકે નહિ.

### ઈશ્વરનો ખોળો

નેપાળમાં ઈલોમ જતાં, હું એવાં ઘણાં ગામડાંમાંથી પસાર

થયો, જ્યાં લોકોએ ઈશ્વરનાં વચનો સદયતાથી સાંભળ્યાં. આ પ્રદેશમાં રસ્તા ખૂબ જ ખરાબ છે. મુસાફર, ચઢાણ, ઉતરાણ અને ઝરાઓ ઓળંગીને કંટાળી જાય છે. મુસાફરીનો શ્રમ, કકડીને લાગેલી ભૂખ અને તરસ, વરસાદનાં ભારે ઝાપટાં, અને સાત માઈલના ચઢાણને લઈને જૂન ૭, ૧૯૧૪ નો દિવસ મને હંમેશાં યાદ રહેશે, ભયંકર વાવાઝોડાના એક સપાટાથી હું એક ગુફામાં ફેંકાઈ ગયો. ઈશ્વરની સ્તુતિ થાઓ, કે હું આટલે ઊંચેથી પડયો છતાં મને કશી ઈજા થઈ નહિ. હા, આ ગુફા તે મારે માટે ઈશ્વરનો ખોળો બની ગઈ, જ્યાં કંઈ પણ ઈજા સંભવિત નહોતી, અને પેલું આરોહણ જાણે સ્વર્ગમાં પહોંચવાની સીડી બની ગયું, વાવંટોળ પ્રેમનું મોજું, અને વરસાદનું ઝાપટું, એ કૃપાની વૃષ્ટિ થઈ ગયાં; ભૂખ અને તરસ પુષ્કળતામાં પલટાઈ ગયાં, થાક વિશ્રાન્તિમાં, ને વધસ્તંભ શાંતિમાં પલટાઈ ગયો. ઈસુના વધસ્તંભનાં જે ક્રમિક પગથિયાં હતાં, તેનું દર્શન એક પછી એક મારી દષ્ટિ સમક્ષ ખડું થયું; પ્રથમ તો તે ગેથસેમાને વાડીમાં આખી રાત જાગતો રહ્યો હતો, બીજું તે ભૂખ્યો ને તરસ્યો હતો; ત્રીજું કોરડાનો માર ને કાંટાના મુગટને લીધે તેનું લોહી વહી જતું હતું; ચોથું આ બધી મુશ્કેલી ઉપરાંત તેને પોતાનો વધસ્તંભ ઊંચકીને ચાલવાનું હતું. આ કારણોને લીધે ગલગથાની ટેકરી ચઢતાં ચઢતાં તે પડી ગયો. તારા વધસ્તંભ આગળ તો મારો વધસ્તંભ કંઈ વિસાતમાં નથી, ને હે વહાલા સ્વામી, તારા વધસ્તંભની અપાર અને અનન્ય કૃપા ને પ્રેમને લીધે મને આશીર્વાદો મળ્યા છે, ને મળતા રહેશે !

મારા આત્માની આ શાંતિ જે અવર્ણનીય છે, તે હું મારા અન્ય ભાઈઓ, જેઓ શાંતિવિહોણા છે, અને તે વિષે બિલકુલ અજ્ઞાન છે, તેમને તેનાં દર્શન કરાવી શકું તો કેવું સારું ! પણ તે કેમ બની શકે ? આ તો 'ગુહ્ય માન્ના' છે, તે તો જેને મળ્યું છે, તે જ માણી-સમજી શકે (પ્રકટીકરણ ૨; ૧૭). હું તો મારા અંગત અનુભવ પરથી એટલું જ કહી શકું કે જેઓ વધસ્તંભને ઊંચકે છે તેમને વધસ્તંભ ઊંચકી લે છે. આ દુનિયા, જે દુઃખ અને દર્દથી ભરપૂર છે, તેમાં તે તેમને શાંતિના

ઝરા પાસે દોરી જાય છે, અને જેઓ ખ્રિસ્તનો વધસ્તંભ ઊંચકીને તેની પાછળ ચાલે છે, તેમને સ્વર્ગમાં લઈ જાય છે.

## એક સરકારી અમલદાર અને સુંદરસિંગ વચ્ચેની વાતચીત

**હું** : ખ્રિસ્તની મારફતે, ઈશ્વરે તમામ દેશજાતિઓને અનંતજીવન પામવા માટે આમંત્રી છે, અને આ સુવાર્તા હું તમને આપું એવો તેણે મને હુકમ કર્યો છે. જો તમે તેના નામ પર વિશ્વાસ નહિ કરો, તો એક દિવસ એવો આવશે, જ્યારે હું જેમ આજે તમારી સન્મુખ ઊભો છું, તેમ તમારે તેની આગળ ઊભા રહેવું પડશે, અને તમારી વિરૂદ્ધ સાર્વકાલિક શિક્ષાનું હુકમનામું ફરમાવવામાં આવશે.

**અમલદાર** : જ્યારે એવો વખત આવશે, ત્યારે દેખા જાયેગા; પણ હમણાં તો તને જેલમાં પૂરવામાં આવશે, અને હું જોઉં છું કે તારો ખ્રિસ્ત તને કેવોક છોડાવવા આવે છે !

**હું** : આ કેદથી હું બીતો નથી; જો મને બીક લાગતી હોત તો હું ઉપદેશ કરવા આવ્યો જ ન હોત. આ રીતે મારી સાથે વર્તવામાં આવશે, એ હું જાણતો હતો. મારા ખ્રિસ્તે મને આ બંધનમાંથી મુક્ત કર્યો નથી. પણ તેણે મને પાપ અને શેતાનથી મુક્ત કર્યો છે, અને હવે હું હંમેશ માટે બંધનમુક્ત છું. જોકે તમે મારા પગ હેડમાં ઠોકશો, તોપણ હું તો છૂટો જ છું. જ્યારે એ પ્રમાણે બનશે, ત્યારે મારા પગો હેડમાં નહિ, પણ અચળ ખડક પર ખોડાયેલા હશે, એમ હું માનીશ.

**અમલદાર** : ચૂપ રહે, બકવાટ બંધ કર.

**હું** : જ્યાં સુધી મારામાં જીવન છે, ને મોંમાં જીભ છે, ત્યાં સુધી મારા ખ્રિસ્ત વિષે બોલવાનું હું બંધ કરવાનો નથી. કેદ તો શું, પણ મારો પ્રાણ આપવા હું તૈયાર છું.

**અમલદાર** : (ઈન્સ્પેકટરને) વાદવિવાદ કરવાનો કશો અર્થ નથી; આને લઈ જાઓ અને બંદીખાનામાં પૂરી દો.

**ઈન્સ્પેકટર** : સાહેબ, આ કાફરને કેદમાં પૂરવાથી તો કેદખાનું અભડાશે.

ત્યાં કેદખાનાને પણ પવિત્ર ગણવામાં આવે છે, એ જાણીને મને ભારે અજાયબી થઇ. જો તે જગા પવિત્ર ગણાતી હોય, તો જે ધાર્મિક માણસોને તેમાં પૂર્યા છે, તેમને શા માટે મુક્ત કરાતા નથી? ગમે તેમ હોય, પણ ત્યાર પછી પેલા ઇન્સ્પેકટરે કહ્યું કે આ માણસને દુઃખ કે પીડા થાય એટલા માટે એને કેદખાનામાં નાખવામાં આવે છે, પણ ખ્રિસ્તી તો કેદને આનંદ અને આરામનું સ્થાન ગણે છે, અને તેથી તેને માટે શિક્ષાની કોઈ બીજી યોજના કરી હોય તો વધારે સારું.

**અમલદાર :** આ પ્રદેશમાંથી તેને હાંકી કાઢીએ તે જ વધારે ઈષ્ટ છે, કારણ કે જો તેને કેદમાં ગોંધી રાખીએ, તો સંભવ છે કે બીજા કેદીઓને છ માસ સુધી શિક્ષણ આપીને તેમને ખ્રિસ્તી બનાવી દે, અને અલગ અલગ કેદની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે.

તેથી આ અભિપ્રાય સાથે બધા સંમત થયા અને તેમણે તેને એ સંત્રી સાથે તાબડતોબ તડીપાર કરી દીધો.

## કંટક વૃક્ષોમાંથી ફળ વૃક્ષો

જો આપણે તેનામાં કલમરૂપે મેળવાઈએ તો જ ફળ આપી શકીએ. ઘણા એવા છે, જેમનાં જીવન કાંટાથી ભરપૂર હોય છે, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યાને લીધે, તેઓ ફળદ્રુપ બન્યા છે. એક વખતે પહાડો પર મારા જોવામાં એક વૃક્ષ આવ્યું, તે, કાંટાથી ભરપૂર હતું. જે માણસના હવાલામાં તે હતું તેણે કહ્યું કે 'આ વૃક્ષને હું ફળદ્રુપ બનાવી શકું છું' તે કેમ થઈ શકે? થોડાં વર્ષો બાદ હું તે ઝાડને જોવા ગયો. માળીએ તેને કલમ કરી હતી, અને કાંટાને ઠેકાણે ત્યાં સુંદરફળ આવવા લાગ્યાં હતાં. એ જ રીતે કૃપાળુ પ્રભુ આપણને તેના કબજામાં લે છે, અને આપણને ફળદાયી બનાવે છે. આપણો સ્વામી સર્વને માટે આવ્યો, અને જેમ મેં ઉપર ઉલ્લેખ કરેલા ઝાડની બાબતમાં બન્યું, તેમ તે પાપીઓને સંતો બનાવી શકે છે.

બલુચિસ્તાનમાં એક ડાકુ કે લૂંટારો હતો. તેણે ઘણા માણસોને મારી નાખ્યા હતા, અને જો તમે તેને જોયો હોત, તો તમે પણ એમ

કહેત, કે આવા માણસનું પરિવર્તન થવું તે અશક્ય બાબત છે. તેણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે સાંભળ્યું, અને તેનામાં અજાયબ જેવું પરિવર્તન થયું, અને તેનામાં કેવો ફેરફાર થયો હતો. તે જ્યારે લોકોએ જોયો, ત્યારે તેઓ બોલી ઊઠયા ''આ કેમ બન્યુ? ''પેલા ડાકુએ જવાબ આપ્યો ''ફેરફાર મેં પોતે કર્યો નથી, પણ ઈસુ ખ્રિસ્તે તે ફેરફાર કર્યો છે. તે મારા જીવનમાં આવ્યો, અને તેણે જ આ ફેરફાર કર્યો. જે બદલાણ તેણે મારામાં કર્યું છે, તે દ્વારા તેણે હ્યાં ને હાલ મારા માટે સ્વર્ગ ઊભું કર્યું છે. તે જોઈને હું પોતે પણ અજાયબ થાઉં છું. અગાઉ હું ખૂની હતો, હવે હું ઉપદેશક બન્યો છું.''

એક વખતે એક શિકારી જંગલમાં શિકાર માટે ગયો. ત્યાં તેણે એક ઝાડ પર મધપૂડો જોયો, અને તેથી પોતાની બંદુક જમીન પર મૂકીને, તે જ્યાં મધપૂડો હતો ત્યાં ઝાડ પર ચઢી ગયો, ને મધ ખાવા લાગ્યો. પોતે કેવો જોખમમાં છે, તેનું તેને ભાન નહોતું. ઝાડના થડ પાસે એક વાઘ ઊભો હતો. પેલા માણસે મનમાં વિચાર કર્યો કે ''હું હવે ભારે આફતમાં આવી પડયો છું, પણ ઝાડ પર છું, એટલે કદાપિ હું નાસી છૂટીશ.'' ને તેથી પેલા વાઘનો વિચાર કર્યા વિના, તે નિરાંતે મધ ખાવા લાગ્યો. પેલું ઝાડ એક નદીના કિનારે હતું ને શિકારીએ વિચાર્યું કે જો વાઘ મારા પર તરાપ મારશે, તો હુંનદીમાં કૂદી પડીશ. પણ જ્યારે તેણે નદી તરફ દષ્ટિપાત કર્યો, ત્યારે તેણે એક મગરને મોં વકાસીને પડેલો જોયો. તેણે મનમાં વિચાર્યું કે ''હું હવે ભારે દ્વિધામાં આવી પડયો છું; હવે મારું આવી બન્યું. હું જ્યાં છું, ત્યાં જ મારે રહેવું જોઈએ, કદાચ વાઘ થોડીવારમાં ચાલ્યો જશે, અને મગર પણ.'' પણ બીજાું એક સંકટ તેની નજર સામે ખડું થયું એક કીડો પેલા ઝાડના થડને કોરી ખાતો હતો. થોડી વાર પછી પેલું ઝાડ કકડભૂસ કરતું પડયું, ને પેલો શિકારી મગરના મુખમાં જઈ પડયો !

આપણી સ્થિતિ પણ કંઈક આવી જ છે. આપણે જંગલમાં વસીએ છીએ. એક બાજુ શેતાન તેના શિકારનો કોળિયો કરવા ટાંપી

રહ્યો છે. આપણો આત્મા, આ ખોળિયામાં રહીને, ઝાડ પર જીવે છે, અને આપણે પાપરૂપી મધ આરોગવામાં રત છીએ, અને સાથે સાથે જે આફત માથે ઝઝૂમી રહી છે, તેથી અજ્ઞાન છીએ. જ્યારે આપણે, ખ્રિસ્તમાં હોઈ એ છીએ, ત્યારે આપણે શેતાનથી સલામત છીએ અને કોઈપણ આપણને તેના હાથમાંથી છીનવી લઈ શકશે નહિ.

તમારામાં, એ કેવાં ફળની આશા રાખે છે ? જે ફળ તે જોવા માગે છે તે આપણાં કાર્યો અર્થાત આપણા જીવનરૂપી ફળ છે. હિંદુ ધર્મમાં એવું કહ્યું છે કે તમે સારાં કર્મો કરો એટલે તમે સારા માણસો બનશો; જ્યારે ખ્રિસ્તી ધર્મ આમ કહે છે, " પ્રથમ તમે સારા થાઓ. ને પછી તમે સારાં કૃત્યો કરી શકશો." પ્રભુ ઈસુ ખ્રિસ્ત, અને પવિત્ર આત્મા દ્વારા, તમે સારા થઈ શકશો, ને પછી જ તમે સુકૃત્યો કરી શકશો.

## એક લૂંટારાનું બદલાણ

ભીલેરા નામના એક પહાડી જંગલમાંથી હું એક વાર પસાર થતો હતો, ત્યારે રસ્તાની કોર પર મેં ચાર જણને બેઠેલા દીઠા. તેમાંનો એક, હાથમાં મોટી છરી સાથે, મારા પર કૂદી પડયો. નાસી છૂટવાનો બીજો કોઈ રસ્તો ન હોવાથી, મેં મારી ગરદન તેની આગળ ધરી, એટલે તેણે મને ઘા કરવાનો વિચાર પડતો કર્યો, પણ મારા ખભેથી કામળો ખેંચી લઈને તે ચાલતો થયો. એકાદ ફર્લાંગ હું ગયો હોઈશ, એટલામાં તેણે મને પાછો બોલાવ્યો. મેં ધાર્યું કે હવે મારે બચવાનો કોઈ આરો નથી પણ હું ધારતો હતો, તે કરતાં વાત તદ્દન ઊલટી બની, તેણે જ્યારે મને પૂછયું કે "તું કોણ છે ?" ત્યારે મારા પોતા વિષે, અને કેવા ઉદ્દેશથી હું આ ભાગમાં પ્રવાસ ખેડી રહ્યો છુ, તે તેને જણાવ્યું. અને લાજરસ ને દ્રવ્યવાનની વાત તેને વાંચી સંભળાવી . એ વિચારથી તેના હૃદયને ભારે આંચકો ને આઘાત લાગ્યો, કે પેલો દ્રવ્યવાન માણસ જેણે કદી લૂંટફાટ કરી નહોતી, તે નરકમાં ગયો, તો મારા જેવો એક

લૂંટારો, જેણે સેંકડો વખત લૂંટફાટ ચલાવી હતી, તેના શા હાલહવાલ થશે? પછી તેણે તે જ સ્થળે પસ્તાવો કર્યો, ને મારી ક્ષમા માગી, મારો કામળો તેણે મને પાછો આપ્યો...તેણે મારે માટે સ્વાદિષ્ટ ચા તૈયાર કરી, અને મને સૂકાં ફળ ખાવા આપ્યાં. જાણે ઈશ્વરે મારે માટે 'ખાનારમાંથી ખોરાક અને બળવાનમાંથી મીઠાશ' મેળવી આપ્યાં હોય (ન્યાયાધીશ ૧૪;૧૪) ને ''મારા શત્રુઓના દેખતાં મારે વાસ્તે ભાણું તૈયાર કર્યું હોય'' (ગીત. ૨૩; ૫) એવું મને લાગ્યું! મેં તેની સાથે પ્રાર્થના કરી, પણ તે પુષ્કળ વ્યથિત જણાતો હતો, પછી તેણે પોતાનો ડગલો ઉતાર્યો અને મારી નીચે તે બિછાવ્યો, અને એક બાજુ પર જઈને પોતાની સ્થિતિ પર રોવા લાગ્યો. સવારે હું જ્યારે જાગ્યો ત્યારે તેણે પોતાના ભ્રષ્ટ જીવન વિષેની બધી હકીકત મને કહી, અને એક ગુફામાંનાં હાડકાં તરફ આંગળી કરીને તે બોલ્યો ''આ રહ્યું મારું પાપ'' પછી મને તેની ઘણી દયા આવી, પણ મારા પોતા માટે મેં ઈશ્વરની સ્તુતિ કરી, કે તે મારી સાથે હતો, નહિ તો પેલાં હાડકાંના ઢગલામાં આજે મારાં હાડકાં પણ પડયાં હોત! પછી મેં તેને પેલા મરતા ચોરની વાત કહી, જેને પ્રભુએ કહેલું કે ''આજ તું મારી સાથે પારાદૈશમાં હોઈશ.''મેં ફરી તેની સાથે પ્રાર્થના કરી, અને ઈશ્વર મારા જેવાને પણ બચાવશે,' એ વિચારથી તેના હૃદયનું શાંત્વન થયું. હું તેને બાપ્તિસ્મા આપું એવી ઇચ્છા તેણે દર્શાવી, પરંતુ કોઈ ધર્મસેવકની મારફતે તેનું બાપ્તિસ્મા થવું જોઈએ, એવી મારી શિખામણ પરથી, તે સપાટ પ્રદેશમાં જવા ચાલી નીકળ્યો.

## આનંદ અને શાંતિ અત્યારે જ

પોતાના આત્માના મોક્ષ માટે, જેણે લાંબા વખત સુધી યોગની સાધના કરી હતી, એવો એક હિંદુ સાધુ મને મળ્યો. મેં તેને પૂછયું ''આ યોગની સાધના આપ કેટલા વખતથી કરો છો?'' તેણે જવાબ આપ્યો '૧૩ વર્ષ થી.' તે સાચો સત્ય શોધક હતો, પણ હૃદયમાં તેને કંઈ શાંતિ નહોતી. મેં તેને પૂછયું ''આ બધું કરવાનો શો અર્થ? તમને

તો જરાયે આનંદ નથી.'' તેણે જવાબ આપ્યો ''જ્યારે આપણે મોક્ષ મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આ જીવનમાં કશો રસ કે આનંદ મળતો નથી. પણ આવનાર દુનિયામાં શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવાની હું અપેક્ષા રાખું છું.'' જ્યારે હું હિંદુ હતો, ત્યારે હું પણ એવી જ માન્યતા ધરાવતો હતો, આ દુનિયામાં આપણને કંઈ શાંતિ મળતી નથી, કેવળ પાપ, શોક અને દુઃખ મળે છે. પણ હવે મને અજાયબ જેવી સાબિતી મળી છે, કે આ પૃથ્વી પર પણ તે આપણને આનંદ અને શાંતિ બક્ષે છે.

## શાંતિ કે પ્રેમ ?

ઘણી વાર લોકો મને એમ કહે છે કે ''તમે હમેશાં શાંતિની વાતો કર્યા કરો છો, પણ પ્રેમ વિષે કંઈ બોલતા નથી.'' શાંતિ એ આપણા આત્માનું ધ્યેય છે. આપણે પૈસો મેળવવા પુષ્કળ પરિશ્રમ કરીએ છીએ, અને શાંતિ મળે તેટલા માટે અનેક શારીરિક સુખસાધનો શોધીએ છીએ, પણ ઈશ્વર જે પ્રેમ છે, કેવળ તેનામાંથી જ આપણને ખરી શાંતિ મળે છે. એ શાંતિ તમને મળી હોય, તો તેને તમે ઈશ્વરના પ્રેમથી અલગ પાડી શકો નહિ; તમને તે પ્રેમનો અનુભવ થશે, અને અન્ય માટે પણ પ્રેમ ઉદભવશે. એ શાંતિ તમને તેના પ્રેમ વિષે અન્યને કહેવાની ફરજ પાડશે. પણ જો આપણે પોતે જ ધરાયા ન હોઈએ, તો બીજા જે ભૂખ્યા છે તેમને માટે આપણને ચિંતા કેવી રીતે થશે ? સૌ પ્રથમ આપણને શાંતિ મળવી જોઈએ, એવી શાંતિ કે જે સર્વ સમજણ કરતાં અધિક છે, અને તે પછી જ આપણે ઈશ્વરના અજબ જેવા પ્રેમ વિષે સાક્ષી આપી શકીએ.

## ખ્રિસ્તમાં અજાયબ જેવી શાંતિ

સ્વીડનમાં મને એક માણસ મળ્યો. તેણે ઘણી મુસાફરી કરી હતી, અને તેથી પ્રવાસ કરવા પાછળ તેનો શો હેતુ હતો, તે વિષે મેં તેને પૂછયું. મને આ પ્રમાણે જવાબ મળ્યો : '' જ્યાં હું આનંદ અને

એશઆરામમાં રહી શકું, જ્યાં માંદગી કે શોક ન હોય, જ્યાં ગરમી કે ઠંડી ન હોય એવા દેશની શોધમાં હું હતો, પણ એવો દેશ હજી મને મળ્યો નથી.'' પછી મને પોતાને, કોઈ દેશમાં નહિ પણ ખ્રિસ્તમાં જે શાંતિ મળી હતી, તે વિષે મેં તેને જણાવ્યું, મેં કહ્યું ''આ શાંતિનો પેગામ આપવા હું મુસાફરી કરું છું''

## પ્રભુ સોગણું આપે છે

મારા ધર્મ પરિવર્તન પછી, મારું પરિક્ષણ થયું. પહેલાં તો એવો પ્રશ્ન આવ્યો કે બાપ્તિસ્મા લીધા વિના હું ખ્રિસ્તી તરીકે રહી શકું કે કેમ? મારાં સગાં સંબંધીઓ તરફથી મારી જે સતાવણી થતી હતી, તે જોઈને દૂર જઇને છૂપી રીતે બાપ્તિસ્મા લેવાનો મેં વિચાર કર્યો. પણ મને એ વાતનું ભાન થઈ આવ્યું કે ઉઘાડી રીતે ખ્રિસ્તનો સ્વીકાર કરીને તેની પાછળ ચાલવાથી જોકે મારે મારાં માબાપ અને સર્વસ્વનો ત્યાગ કરવો પડે તેમ હતું; છતાં તેમ કર્યા વિના મને શાંતિ મળનાર નથી, અને પ્રભુએ મને જેની જરૂરી હતી તે તમામ આપ્યું એટલું જ નહિ પણ સોગણું વધારે.

## જીભ બંધ હોય, છતાં જીવન વાસ્તવિકતા પ્રગટ કરે છે.

એક દિવસ પ્રાર્થના અને ચિંતન દરમ્યાન, મને ખ્રિસ્તની હાજરીનું તીવ્ર ભાન થઈ આવ્યું. સ્વર્ગીય આનંદથી મારું હૃદય ઊભરાવા લાગ્યું. મને જણાઈ આવ્યું કે દુ:ખ અને શોકથી ભરપૂર એવા આ ભવસાગરમાં ગુપ્ત અને અખૂટ એવા મહાઆનંદની એક એવી ખીણ છે, જે વિષે દુનિયા કશું જાણતી નથી. કારણ કે જેમને તેનો અનુભવ થયો છે તેઓ પણ તે વિષે યોગ્ય રીતે અને ખાતરીપૂર્વક બોલી શકતા નથી. પડોશના એક ગામડામાં જઈને બીજાઓ સાથે આ આનંદ લૂંટવા હું ઉત્સુક હતો, પણ શારીરિક માંદગીને લઈને મારા શરીર અને આત્મા વચ્ચે તુમુલ દ્વંદ્વ જામ્યું. આત્મા જવા માટે તત્પર હતો, પણ શરીર પાછું પડતું હતું, પણ છેવટે મને જીત મળી, ને માંદલા શરીરને

હું ત્યાં ખેંચી ગયો, અને ખ્રિસ્તની સમક્ષતાએ મારે માટે શું કર્યું હતું, ને તેમને માટે તે શું કરી શકે તે મેં ગામલોકોને જણાવ્યું. તેઓ જાણતા હતા કે હું માંદો છું, અને મારામાં રહેલી આંતરિક શક્તિ કે આકર્ષણથી જ મને તેમની આગળ વાત કરવા પ્રોત્સાહન મળ્યું હતું. આ પ્રમાણે, જોકે ખ્રિસ્તની હાજરીની મારે મન શી કિંમત હતી, તે બધું કહેવાને હું અશક્ત હતો, છતાં પેલો ઊંડો અનુભવ ક્રિયાત્મક સ્વરૂપમાં ફેરવાઈ ગયો, અને લોકોને સહાયભૂત થઈ પડયો. જ્યાં જીભ શાંત હોય છે, ત્યાં જીવન વાસ્તવિકતા પ્રગટ કરે છે.

પ્રકરણ ૪

# વધસ્તંભના ધુરંધરો

## શહીદ કરતારસિંગ

આ જુવાન, પતિયાલાના સુંદર હરનામસિંગનો પુત્ર થાય. જ્યારે તેના બાપે જાણ્યું, કે તેમનો દીકરો ખ્રિસ્તી થવાની અણી પર છે, ત્યારે તેમણે તે અટકાવવા શક્ય તેટલા તમામ પ્રયત્નો કર્યા. પુત્રનો જવાબ આ પ્રમાણે હતો: ''દરેક સ્થળે મેં મુક્તિદાતાની શોધ કરી, પણ કયાંથીએ મને તેની ભાળ લાગી નહિ; અને હવે છેવટે તેનાં વચનોની મારફતે ઈશ્વરે મને જણાવ્યું છે કે તે મુક્તિદાતા તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે ને જેણે મારા ઉદ્ધારને અર્થે પોતાનો પ્રાણ અર્પી દીધો, તેને હું હવે કદી ત્યજી દેવાનો નથી,'' પછી તેના બાપે જે કન્યા સાથે કરતાસિંગનો વિવાહ થયેલો, અને જેના પર તે અત્યંત પ્રેમ કરતો હતો તેને તેડી મંગાવી. આ કુમારી જેનું નામ ભગવાન કુંવાર હતું, તે ફૂટડી અને સુશીલ હતી. તે આવીને આ પ્રમાણે બોલી: ''હે સૌભાગ્યવંતા, તમારા સુખ સગવડ, યૌવન, અને સ્થાન વિષે તમને જરાએ ખ્યાલ નથી? જરા વિચાર તો કરો, નહિ તો પાછળથી પસ્તાવું પડશે.''

કરતારસિંગ: ''મને ઠોકરરૂપ ન થા; સુખસગવડ, યૌવન કે સ્થાન ક્ષણિક છે, પણ ખ્રિસ્તે મને અનંતકાળનું રાજ્ય, અને ઈશ્વરના બાળક થવાનો હક આપ્યો છે. મારી સાથે આ હકકના ભાગીદાર થવાનું શું તું ચાહતી નથી?''

ભગવાન કુંવાર: 'મેં તો મારું હૃદય તમને કયારનુંએ અર્પી દીધું છે; શું તમે તમારું હૃદય મને નહિ સોંપી દો?'

કરતારસિંગ: ''હે ભગવાન કુંવાર! મારી છાતીમાં તો એક જ હૃદય છે, ને તે મેં એક જણને (એટલે ખ્રિસ્તને) કયારનુંએ આપી દીધું છે. તને આપવા માટે મારી પાસે બીજું હૃદય રહ્યું નથી. બહેતર છે કે તું તારું હૃદય મારામાંથી પાછું ખેંચી લે, અને તે ખ્રિસ્તને સમર્પી દે.''

ભગવાન કુંવાર આ સાંભળીને રડતી રડતી ત્યાંથી ચાલી ગઈ, અને બધું, તેના બાપને કહીસંભળાવ્યું, બાપે ક્રોધાવેશમાં કરતારસિંગને બોલાવ્યો, અને તેના લૂગડાંલત્તાં ઉતારીને, અને પોતાની સાથેનો તમામ સંબંધ તોડી નાખીને, તેજ પળથી એટલે ડિસેમ્બર માસની કકડતી ઠંડીમાં અને રાત્રિના સમયે, ઘર છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો. આમાં હવે બાંધછોડ માટે કશો અવકાશ નહોતો. બાપની આજ્ઞા તો તેણે ઉઠાવવી જ રહી. તેથી તેણે પોતાના બધાં વસ્ત્ર ઉતાર્યાં ને બાપનાં પગ આગળ મૂકીને તે બોલ્યો; "આજે આ વસ્ત્રો ઉતારતાં મને સંકોચ કે શરમ લાગતી નથી, કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના ન્યાયીપણાએ, મારી નગ્નતા અને તમામ પાપ ઢાંકી દીધાં છે." પછી બાપના હુકમ અનુસાર, પ્રાર્થના કરતાં કરતાં તેણે ઘર છોડયું.

બે કે ત્રણ દિવસ સુધી તે જંગલમાં રહ્યો, ને જોકે ભૂખ અને તરસથી તે અતિશય પીડાતો હતો, છતાં તેના હૃદયમાં અપૂર્વ શાંતિ હતી. જરા કલ્પના કરો કે જે માણસ રાજમહેલના સુખમાં અને વૈભવમાં ઊછર્યો હતો, તેને માટે આ અનુભવ કેવો હશે! ગરીબાઈ અને મુશ્કેલી એટલે શું, તે તે જાણતો નહતો. હવે જીવન ટકાવવા માટેનાં સાધન વિહોણો તે બની ગયો હતો. ત્રીજે દિવસે તે એક જણ પાસે જઈ પહોંચ્યો, અને તેનું સખ્ત વૈતરૂં કરી, તેને જે મળ્યું, તેમાંથી પોતાને માટે એક પાઘડી ને કોટ ખરીધાં. પછી સાધુનો સ્વાંગ સજી, વધસ્તંભે જડાયેલા ખ્રિસ્તની સુવાર્તાના પ્રચારાર્થે તિબેટમાં જવા ચાલી નીકળ્યો.

રસ્તે જતાં, રેવ. રાબારસાંકીએ તેને બાપ્તિસ્મા આપ્યું, ને રાતદિવસ અભ્યાસ કરીને તે તિબેટની ભાષા શીખી ગયો. પાછળથી સુવાર્તા પ્રગટ કરતાં કરતાં, તે તાશીગંગ નામના તિબેટના એક શહેરમાં આવી પહોંચ્યો, ને ત્યાં તેણે ત્રણ માસ સુધી સુવાર્તાનો ઉપદેશ કર્યો. ગામના બધા લોકો તેના દુશ્મન બની ગયા. એક પ્રસંગે, જ્યારે લોકોએ જોયું કે આ માણસ તો હવે હ્યાંથી ખસવાનો નથી, ત્યારે તેઓએ તેને લૂગડાંના પોટલામાં બાંધીને, વારાફરતી ખભે ચઢાવીને,

જિલ્લા બહાર મૂકી આવ્યા; પણ થોડા દિવસમાં તો તે ફરી ગામમાં પાછો આવ્યો. પછી તો તેમના ધર્મગુરુ લામાએ તેને મોતની સજા ફરમાવી. આ સાંભળીને કરતારસિંગે કહ્યું, ''તમારી ઇચ્છા પ્રમાણે ભલે તમે મને કરો, પણ હું હ્યાંથી જવાનો નથી, કારણ કે મારા પરનો મારા સ્વામીનો પ્રેમ અને તેની પ્રત્યેનો, ભાઈ જેવો મારો પ્રેમ મને તમારે માટે મારું લોહી રેડવાની ફરજ પાડે છે એ માટે કે સત્ય પર તમે વિશ્વાસ કરો અને નાશથી બચી જાઓ. હે લામા! પસ્તાવો કર; ને ખ્રિસ્ત ઈસુ પર વિશ્વાસ કર; નહિ તો એક દિવસ આવી જ સાર્વકાળિક મરણની શિક્ષા તારા પર ફરમાવવામાં આવશે.

પછી તેઓ તેને જ્યાં દેહાંતદંડ આપવાનો હતો, તે ટેકરી પર લઈ ગયા. તેઓ ટેકરી પર ચઢતા હતા ત્યારે તેણે તેમને કહ્યું કે ''આ સ્થળેથી હું હવે નીચે ઊતરવાનો નથી, પણ ત્રીજે દહાડે ઉત્થાન પામીને હું મારા પ્રભુ અને તારનાર પાસે સ્વર્ગમાં ચઢી જઈશ'' ટેકરીના મથાળે પહોંચીને તેઓએ તેને યાક (તિબેટનો બળદ) નામના પ્રાણીના ચામડામાં સીવી લીધો; અને તડકામાં મૂકયો. સૂર્યનો તાપ તેના પર પડયો એટલે ચામડું ધીમે ધીમે સંકોચાઈને તંગ બન્યું. ત્રણ દિવસ સુધી આ વિશ્વાસુ સેવકને આ રીતે તાવવામાં આવ્યો, છતાં તે તો ઈશ્વરની સ્તુતિનાં ગીતો ગાતો, અને પોતાના શત્રુઓના કલ્યાણ માટે પ્રાર્થના કરતો હતો. આવા અસહ્ય વેદનાભર્યા સંજોગોમાં પણ તેને આનંદ કરતો જોઈને, તેઓ અજાયબ થયાં. તેમાંના કેટલાકે કહ્યું કે ''એકાદ-દેવતાનો આત્મા તેને વળગેલો જણાય છે.'' ચોથા દિવસે જ્યારે આ કષ્ટમાંથી છૂટવાનો અને સાર્વકાળિક વિસામામાં પ્રવેશ કરવાનો વખત આવ્યો, ત્યારે પોતાના છેલ્લા શબ્દો તે લખી શકે માટે તેનો એક હાથ મુક્ત રાખવા દેવાની માગણી કરી. તેથી તેઓએ તેનો હાથ છૂટો કર્યો, ને તેમાં પેન્સિલ મૂકી. પછી પોતાની પાસેની એક સુવાર્તાના પૃષ્ઠ પર તેણે નીચેની કવિતા લખી. આ સુવાર્તા હજી પેલા લામાના કારકુનના કબજામાં છે:-

''તેણે મને જીવન આપ્યું, તેણે આપેલી જિંદગી તેની જ હતી. ખરી વાત એ છે કે મેં હજી કોઈ કોઈ રીતે તેનો બદલો વાળ્યો નથી.

તે પ્રિય નામના ગૌરવ માટે જો હજાર વાર હું મારું પોતાનું બલિદાન તેને આપું, તો જ તેનું પૂરેપૂરું ઋણ વાળ્યું કહેવાય.

ઈશ્વર પાસેથી હું એક નહિ, પણ એક લાખ જિંદગીની યાચના કરીશ, એ માટે કે મારા એ **મિત્ર** માટે હું એક લાખ વાર મરી જાઉં.

હું એવી પ્રાર્થના કરું છું કે મારો પ્રેમ પેલી હિંદુ વિધવા, જે તેના મૃત પતિના શબ પાછળ સતી થાય છે, તેના પ્રેમ કરતાં જરાએ ઓછો ન હોય.

જે મરનાર પતિને તે ફરી મળવાની આશા રાખતી નથી તેને માટે જો એ વિધવા સ્ત્રી આટલું બધું કરે છે, તો એક જીવંત ઈશ્વર, જે આ જિંદગીનો પણ સ્વામી છે; તેને માટે મારે શું એથી વિશેષ ન કરવું જોઈએ?

એક હિંદુ વિધવા જે કરે છે તેના કરતાં જરાએ ઓછું કરવું તે મારે માટે શરમજનક છે.''

પછી લોકોને ઉદ્દેશીને તેણે કહ્યું ''શું તમે એક ખ્રિસ્તી માણસનું મરણ જોવા ઊભા છો? આવો, અને તે ધ્યાનપૂર્વક નિહાળો કે ત્યાં એક ખ્રિસ્તી નહિ, પણ મૃત્યુ પોતે મરણ પામે છે! હે પ્રભુ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું, કેમ કે તે તારો જ છે.'' એમ બોલીને તે પ્રભુના શાશ્વત વિસામામાં પ્રવેશ્યો, અને આપણી આગળ તેનો દાખલો મૂકતો ગયો.

એક પ્રસંગે, પતિયાલાના સ્ટેશન પર હું આ શાહેદ વિષે વાત કરતો હતો, ત્યારે મેં એક બુઢ્ઢા આદમીને ચોધાર આંસુએ રડતો જોયો. પાછળથી તપાસ કરતાં મને જણાયું કે તે મરનાર કરતારસિંગનો પિતા

હતો. રડતાં રડતાં તે કહેતો હતો, ''અરેરે! તે આવો ધાર્મિક ને ખ્રિસ્તી દીકરો હતો તેની મને ખબર પડી નહિ, નહિ તો હું તેની સાથે આવું ખરાબ વર્તન ન કરત.'' તેથી તેના ખ્રિસ્તી થવાનું ને શહીદ થવાનું પરિણામ એ આવ્યું કે તેનો બાપ એક ગુપ્ત ખ્રિસ્તી છે, ને જેઓએ તેને મારી નાખ્યો, તેમાંના કેટલાક ખ્રિસ્તી થયા છે.

## શહીદ ગુલ બાદશાહ

અફગાનિસ્તાનમાં, થોડા વખત પર, શહાદતને વરેલા આ ભાઈ વિષે મને રેવ. મિ. ખૌર ઉલ્લાએ વાત કરેલી. ખ્રિસ્તી થયા બાદ જ્યારે તે પોતાનાં સગાંઓ પાસે આવ્યો, ત્યારે પ્રથમ તો ખૂબ વહાલથી પણ પાછળથી તેને બહુ ક્રૂરતાથી ખ્રિસ્તનો નકાર કરવાનું ને કલમા પઢીને પાછા ઇસ્લામમાં આવવાનું કહેવામાં આવ્યું. પણ આ ઈશ્વરભકતે વારંવાર જાહેર કર્યું કે ''હું ખ્રિસ્તી છું અને ખ્રિસ્તનો નકાર કરી જીવવું તે કરતાં મરવું બહેતર છે.'' પછી તેઓ તેને છરીથી કાપવા લાગ્યા, પણ તે તો આનંદથી તેમના કલ્યાણ માટે પ્રાર્થના કરવા લાગ્યો, ને તેઓએ જો કે તેના કાપીને ટુકડે ટુકડા કરી નાખ્યા, છતાં તે મરણપર્યંત વિશ્વાસુ રહ્યો. વાચકો જરા વિચાર કરો ! ખ્રિસ્તની સેવામાં, ને તેની સાક્ષી પૂરતાં પૂરતાં ઘણાઓએ પોતાનાં તન, મન અને ધન અર્પી દીધાં છે, એટલું જ નહિ પણ પોતાના પ્રાણની આહુતિ પણ આપી છે. તમે તેને માટે શું કર્યું છે યા તો શું કરવા તૈયાર છો ? આ બધા શહીદો સાથે, દેવના રાજ્યમાં અત્યારે જ જોડાઈ જવાની તમારે માટે તક છે. નહિ તો:

''એક દિવસ સહસા આવી પડશે, જ્યારે તમારી જિંદગાની પૂરી થશે, અને અત્રે પાછા આવવાની જરાએ આશા રાખશો નહિ.''

## ચોરો માટે એક મિત્રનો પ્રેમ

એકવખત, મારો એક મિત્ર પ્રાર્થના કરતો હતો, તેવામાં ત્રણ

ચોર તેના ઘરમાં પેઠા, અને કેટલીક વસ્તુઓની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા. તેણે તેમના હકકમાં પ્રાર્થના કરી, તેમની પાછળ દોટ મૂકી તેમને પાછા બોલાવ્યા, ને કહ્યું ''તમે કેટલીક વસ્તુઓ લેવાનું ભૂલી ગયા છો. તમને જે જોઈએ તે બધું લઈ જાઓ.'' પેટી પટારા ઉઘાડીને, તેમને જે કંઈ મળ્યું, તે તમામ તેમને સુપ્રત કરી દીધું. પછી તેણે તેમને માટે ભોજન તૈયાર કર્યું, ને કહ્યું ''ભાઈઓ, તમે ભૂખ્યા હશો એટલે જમીને જાઓ.'' છેલ્લે એક બાઈબલ તેમના હાથમાં મૂકતાં તેણે કહ્યું ''આ લેતા જાઓ, કારણ કે બીજા બધા કરતાં આની તમને વિશેષ જરૂર છે.'' આ ત્રણમાંનો એક ચોર પાછળથી ખ્રિસ્તી થયો, અને બાકીના બે પણ ત્યાર પછી નવું જીવન જીવવા લાગ્યા. કેદખાનું જે ન કરી શકે, તે પ્રાર્થના કરી શકે છે.

## બીજો ગાલ ધરો

એક વાર એક ધર્મોપદેશક સાથે, હું મુખ્ય બજારમાં થઈને જતો હતો, ત્યારે હું એક મોલવી પાસે ગયો. તેણે બોધનો બહુ કટ્ટર વિરોધ કર્યો, છતાં ઊભો રહીને સાંભળતો હતો. તેને એટલો બધો ગુસ્સો ચઢયો, કે મને એક તમાચો ચોઢી દીધો, જે પરથી મેં બીજો ગાલ પણ તેની આંગળ ધર્યો. તેને ઘણી શરમ લાગી, ને શાંત ઊભો રહ્યો. મધરાતે, તેણે એક માણસને પેલા ઉપદેશકને ત્યાં મોકલ્યો ને કહેવડાવ્યું કે ''મહેરબાની કરીને પેલા સાધુ સાથે મારો મિલાપ કરાવો, મારે મારા અપરાધ માટે તેમની માફી માગવી છે, મને ઊંઘ આવતી નથી.'' તે વખતે હું ત્યાંથી થોડે દૂર હતો; એટલે સવાર પડતાં સુધી ઉપદેશક મારી તપાસ કરી ભાળ મેળવી શકયા નહિ. તેમણે જણાવ્યું ''મોલવી સાહેબ તમને તેમની સાથે જમવા બોલાવે છે.'' ઈશ્વરની સ્તુતિ થાઓ કે તેણે મોલવીના હૃદયનું સંપૂર્ણ બદલાણ કર્યું. આપણે આશા રાખીએ કે તે ખ્રિસ્તનો જીવંત સાક્ષી બને.

## પ્રકરણ ૫

# એક તત્ત્વવેત્તા અને એક સંત

ઘણાં વર્ષ ઉપર એક સંત થઈ ગયો, જે પોતાના રોજિન્દા કર્તવ્યનો ક્રમ પૂરો કર્યા બાદ, પ્રાર્થના અને ચિંતન માટે જંગલમાંની એક ગુફાએ જતો, અને ત્યાં કલાકો સુધી બીજાઓના હકકમાં મધ્યસ્થીની પ્રાર્થના કરતો. સંજોગવસાત્ એક દિવસ, ત્યાં એક તત્ત્વવેતા આવી ચઢયો, અને પેલા સંતને ઘૂંટણીએ પડેલો જોઈને વિસ્મય પામ્યો અને થોડી પળ ત્યાં થોભ્યો. પછી પેલી ગુફાના પ્રવેશદ્વાર સુધી જઈને તેણે બારણે ટકોરા માર્યા, પણ પેલો સંત તો એવો ધ્યાનમગ્ન હતો, કે ટકોરાનો પ્રત્યુત્તર વાળ્યો નહિ. પેલો તત્ત્વવેત્તા ત્યાં આશરે અર્ધો કલાક થોભ્યો, ને પછી જવાની તૈયારીમાં જ હતો, એટલામાં પેલો સંત ઊઠયો, ને તેને અંદર બોલાવ્યો. થોડી પળ સુધી બંને અબોલ રહ્યા. છેવટે પેલા તત્ત્વજ્ઞાનીએ શાંતિનો ભંગ કરી સંતને કહ્યું "શું આપને ખબર છે, કે આ ગુફા 'લૂંટારાની ગુફા' તરીકે નામચીન છે?

**સંત :** હાજી, હું તે સારી પેઠે જાણું છું. આ ગુફા ચોરોનું મિલનસ્થાન છે, પણ મારે માટે તો તે આશ્રયરૂપ છે, કારણ કે રોજનું મારું કાર્ય પતાવ્યા બાદ, મને પ્રાર્થના અને મનનની ઇચ્છા થાય છે, ત્યારે શહેરના ધાંધલ ને ધમાલભર્યા વાતાવરણમાં અને ઘણા બધા લોકોની વચ્ચે, મને એટલાં બધાં વિઘ્નો અને અડચણો નડે છે કે મારી ભક્તિમાં ખલેલ પડે છે, અને મારી ચિતવૃત્તિને એવી વ્યગ્ર બનાવી મૂકે છે, કે જેથી મને પોતાને, યાતો બીજાઓને આ આધ્યાત્મિક કસરતથી કશો સાચો લાભ થતો નથી, ને તેથી, ઘોંઘાટભર્યા શહેરી જીવનનાં અવરોધો અને આકર્ષણોમાંથી નિવૃત્તિ મેળવવા હું આ શાંત સ્થળે આવું છું. ઈશ્વરના મધુર સાંનિધ્યમાં આરામ કરું છું ને પવિત્રતાની શોભાએ હું તેનું ભજન કરું

છું. ત્યાં હું મારો સમય પ્રાર્થનામાં ગાળું છું, ને બીજાઓના હકકમાં મધ્યસ્થી પણ કરું છું.

ચોર અને લૂંટારાઓ અહીં આવે છે, પણ તેઓ મને કદી ઉપદ્રવ કરતા નથી, તેમાંના એકે એકવાર મને કહ્યું કે "જુઓ, પૂજ્ય સંત, અમે કંઈ આંધળા ને મૂર્ખ નથી. જેઓ દંભી કૂતરા છે, તેમને અમે લૂંટીએ છીએ, કારણ કે ભલે તેઓ પોતે ચોર કે લૂંટારા ન હોય, પણ લોકોને બીજી અનેક રીતે છેતરવામાં, તેઓ અમારા કરતાં જરાએ પાછળ પડે તેવા નથી." તેવાનાં નામઠામ હું પ્રગટ કરવાનો નથી, તેમજ સરકારને પણ હું બાતમી આપનાર નથી, કારણ કે હું જાણું છું, કે પાર્થિવ અને ક્ષણભંગુર સરકાર બહુ બહુ તો તેમને થોડી શારીરિક શિક્ષા કરી શકે, જેથી તેઓ સુધરતા નથી, પણ ઊલટા તેમનાં અંતઃકરણ વધારે વજ્ર જેવા કઠણ થાય છે. પણ મારો ઈશ્વર જે એકલો જ તેમના અંતઃકરણનું બદલાણ કરી તેમને નવું જીવન બક્ષી શકે છે, તેના સાનિધ્યમાં જઈને હું તેમને માટે મધ્યસ્થી કરું છું. ને એ રીતે તેમાંના કેટલાક ખરેખર નવી જિંદગી પામ્યા છે, અને સારા નાગરિક બન્યા છે, અને જાતે બીજા ઘણાઓને આધ્યાત્મિક રીતે સહાયભૂત થયા છે. તેથી ઈશ્વરકૃપાએ, મારું આ આધ્યાત્મિકકાર્ય, જેવી રીતે મોટા સમૂહોમાં થાય છે એજ રીતે ત્યાં ગુપ્તવાસમાં પણ ચાલે છે.

આ શાંત ઈશ્વરનો અવાજ સાંભળવા માટે, આપણે પણ શાંતિથી તેની વાટ જોવી જોઈએ, એ અતિ આવશ્યક છે. ઈશ્વર પોતે મૌન રહીને કામ કરે છે. તેજ રીતે મનુષ્ય, કે જે ઈશ્વરની પ્રતિકૃતિ છે, ને તેના સ્વરૂપ પ્રમાણે ઉત્પન કરાયેલ છે, તે પણ મૌન દ્વારા વિચારે છે, લાગણીવશ થાય છે, સ્મરે છે અને ઈચ્છે છે, અને અનેક પ્રકારે કાર્ય કરે છે. દાખલા તરીકે, વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક અને યાંત્રિક શોધખોળો ને સંશોધન ચુપચાપ થયાં છે. ટૂંકમાં, બધી મહાન વસ્તુઓનું મૂળ મૌનમાં જ હતું, અને હજુ પણ તેમનો ઉદ્દભવ મૌનમાં જ થાય છે. માણસને જ્યારે પોતાની આસપાસ

રહેતા માણસોની સહાયની જરૂર પડે છે, યાતો તે અન્યને મદદ કરવા ઈચ્છે છે ત્યારે તે પોતાના વિચારો અને યોજનાઓ, બીજાઓને શબ્દો દ્વારા પ્રગટ કરે છે. કોઈ પણ વસ્તુનું સર્જન કરવા માટે ઈશ્વરને માણસની મદદની જરૂર પડતી નથી, તેથી તે શાંત કે મૂક રીતે સઘળું ઉત્પન્ન કરે છે, અને તદન સ્વતંત્ર રીતે આખી સૃષ્ટિને નિભાવે છે, તેમ છતાં ભટકી ગયેલાઓને, જ્યારે તે પાછા લાવવા ચાહે છે, ત્યારે તે પોતાના પ્રબોધકો અને પ્રેરિતોની મારફતે તેમની સાથે બોલે છે, અને આ છેલ્લા કાળમાં સમયની સંપૂર્ણતાએ, તે દેહમાં પ્રગટ થયો, માણસજાત સાથે બોલ્યો અને તેમને માટે તેણે તારણનું કામ સંપૂર્ણ કર્યું.

કેટલાક માણસો ખોટી રીતે ધારે છે, તેમ જાગૃત રહી શાંત ચિત્તે પ્રાર્થના કરવી, તેનો અર્થ પ્રમાદ કે બેદરકારી એવો થતો નથી. પણ ખરી રીતે જોતાં તો તે જે દૈવી સત્યોરૂપી કીમતી મોતી વાસ્તવિકતાના સાગરના પેટાળમાં ઊંડે છુપાયેલાં પડયાં છે, તેમને માટે ડૂબકી મારવા જેવું છે, જે પેલા ડૂબકી મારનાર એકલાને જ નહિ, પણ અન્યને પણ ધનવાન કરે છે. ડૂબકી મારતી વખતે જેવી રીતે પેલો ડૂબકી મારનાર પોતાનો શ્વાસ ઘૂંટી રાખે છે, તે જ રીતે, પ્રાર્થના અને ચિંતનવાદી માણસ પણ, આ ધમાલિયા જગતની વ્યગ્રતાઓથી બચવા માટે, પોતાને મૌનરૂપી ઓરડામાં પૂરી રાખે છે. પણ આ દુનિયારૂપી મહાસાગરના ઘોંઘાટમાં ડૂબકી મારવા માટે પ્રાર્થનાની જરૂર છે, જેના વડે તે ઉપરથી મળતા પવિત્ર આત્મામાં, પ્રાર્થનાનો શ્વાસ ઘૂંટવા હમેશાં શકિતમાન થાય છે, અને જેના વિના આત્મિક જીવન ટકાવી રાખવું અશકય છે.

**તત્ત્વવેત્તા :** મારા પોતાના અંગત અનુભવ પરથી હું પણ એ વાતની સાક્ષી આપી શકું છું કે જ્યાં સુધી હું કોઈ પણ વિષય પરમારું ધ્યાન અને વિચારો શાંત રીતે કેન્દ્રિત કરતો નથી, ત્યાં સુધી હું તે વિષે તર્કશુદ્ધ વિચારી શકતો નથી, અને યોગ્ય તાર્કિક સમજ વિના, હું

યથાર્થ અનુમાન પર આવી શકતો નથી. આ બધી વિચારસરણી છતાં, તમારો શાંત ઈશ્વર, જેને તમે વાસ્તવિકતાનો મહાસાગર પણ કહો છો, તેના અસ્તિત્વ વિષે હું પૂરેપુરું સમજી શકતો નથી. ઈશ્વરના અસ્તિત્વ વિષેની ખાતરીપૂર્વકની દલીલ આપ રજૂ કરી શકો છો ?

**સંત :** મારી પોતાની અંદર અને બહારથી તો મને મારા પોતાના અસ્તિત્વ જેટલી જ સ્પષ્ટ, બલ્કે તેથી વિશેષ ઈશ્વરના અસ્તિત્વની સાબિતી જણાય છે. પણ પ્રથમ આપણે ઈશ્વરને ઓળખવાનો પ્રયત્ન કરીએ, તે પહેલાં આપણે પોતાને ઓળખવાની જરૂર છે. ત્યાર પછી જ જેણે માણસને તેની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે ઉત્પન્ન કર્યું છે, તે ઈશ્વરને જાણી અને સમજી શકીશું. પણ આપણે એ યાદ રાખવું જોઈએ કે તે સર્વ જ્ઞાન અને સમજણથી પર છે કારણ કે જો માનવી બુદ્ધિ ઈશ્વરનો તાગ પામી શકે, તો તે ઈશ્વર નથી, પણ કેવળ માનવી છે. આજે કરોડો લોકો એવા છે, જેઓ તેમના અંગત અનુભવથી એવી સાક્ષી આપવા તૈયાર છે કે ઈશ્વર હમેશાં એવા હૃદયમાં નિવાસ કરે છે. જે બાળકના જેવા વિશ્વાસ અને દૈવી પ્રેમથી ભરપૂર હોય છે, દેવતાની ઝાળ પર હાથ ધરવાથી અગ્નિની હયાતી સાબિત કરે છે, તે જ રીતે ઈશ્વરની મધુર અને જીવનપ્રદ સંગત ને સંપર્કનો આપણને જે આત્મિક અનુભવ થાય છે, તે જ તેના અસ્તિત્વનો દ્રઢ અને મજબૂત પુરાવો છે.

વળી દુન્યવી ને બાહ્ય જ્ઞાન વિના પણ આપણે ઈશ્વરનેજાણી ને અનુભવી શકીએ છીએ. દાખલા તરીકે હું એક અંધ, બહેરા અને મૂંગા માણસને ઓળખું છું. પંદર વર્ષની ઉંમરે જ્યારે તેને સ્પર્શ દ્વારા પૂછવામાં આવ્યું કે તું ઈશ્વરને જાણે છે કે કેમ, ત્યારે તેણે ઈશારતથી આ પ્રમાણે જવાબ આપ્યો, ‘‘આ દુનિયાની બાહ્ય સ્થિતિ વિષે હું ભાગ્યે જ કશું જાણું છું, પણ હું મારી સમજશક્તિ અને જરૂરત મુજબ, મારા સરજનહાર અને સ્વામીને સારી રીતે ઓળખું છું. મારી આંતર ચક્ષુ દ્વારા હું તેને હમેશાં જોઉં છું, અને તેની મધુર સંગતથી મને અનહદ આનંદ થાય છે (રૂમી ૧; ૧૯). બોસ્ટન

શહેરની હેલન કેલર નામની પેલી પ્રખ્યાત વ્યક્તિને પણ એવો જ અનુભવ થયો હતો. જ્યારે તે બાર વર્ષની વયની હતી, અને ડો. બ્રૂક્સ તેના જીવનમાં પહેલી જ વાર ઈશ્વર અને તેના પ્રેમ વિષે શીખવતા હતા, ત્યારે તેણે કહેલુંકે ''હા, આ બધું હું આ અગાઉ જાણતી હતી, પણ તેના નામની મને ખબર નહોતી.''

**તત્વવેત્તા:** વારૂ, આ વિષય પર હું આપની સાથે વાદવિવાદમાં ઊતરવા ઇચ્છતો નથી, પણ દુનિયાનો ત્યાગ કરવો તેનો શો અર્થ થાય છે, તે આપ મને મહેરબાની કરી જણાવશો? શું તમારું કહેવું એવું છે કે તમે દુનિયાને ધિક્કારો છો યા તો પોતાને અન્ય કરતાં શ્રેષ્ઠ ગણો છો? આપે શા માટે દુનિયાનો ત્યાગ કર્યો છે?

**સંત:** મને પોતાને પણ વાદવિવાદ કે ચર્ચા ગમતાં નથી. આ તો આપણી પરસ્પરની વાતચીત છે. હવે આપે મને જે પ્રશ્ન પૂછયો તે વિષે જણાવું હું. આપને ખાતરીપૂર્વક કહું છું કે હું દુનિયાને ધિક્કારતો નથી, યાતો, હું પોતાને બીજાઓ કરતાં ચડિયાતો ગણવાની ધૃષ્ટતા પણ કરતો નથી-એવું જો હું વિચારતો હોઉં, તો ઈશ્વર મને ક્ષમા કરે! બીજા માણસોની જેમ, હું પણ એક નબળો અને પાપી માણસ છું. પણ ઈશ્વરની તારણસાધક કૃપા મને તારે છે, ને સહાય કરે છે. મેં સંસારનો ત્યાગ કર્યો છે, તેવું વિચારવું ભૂલભરેલું છે. મેં કદી તેમ કર્યું નથી. ને તેમ કરવાનો વિચાર પણ નથી, આ દુનિયામાં જે કંઈ ભૂંડું છે, તેને હું ધિક્કારું છું ને તેને ત્યજી દેવા પ્રયત્ન કરું છું; વળી મારા આત્મિક જીવનની આડે આવતા જે અવરોધો અને ઠોકરો છે, તે પણ ત્યજી દેવા હું પ્રયાસ કરું છું. બાકી તો આ દુનિયામાં આપણે છીએ ત્યાં લગી તેનો ત્યાગ કરવો અશકય છે, કેમ કે જોકે શહેરનો અથવા તેના કોઈ ભાગનો આપણે ત્યાગ કરીએ, ને વસવાટ માટે જંગલમાં જતા રહીએ, તોપણ એ જંગલ પણ દુનિયાનો એક ભાગ જ છે, આ પૃથ્વી પરના ઘરરૂપી માંડવામાં આપણે છીએ ત્યાં સુધી તેના ત્યાગનો વિચાર સરખો કરવો તે હાસ્યાસ્પદ છે, કારણ કે, ગમે ત્યાં રહેવા જઈએ, છતાં આપણાં

શરીરો સ્વાભાવિક રીતે દુનિયા સાથે સંબંધ ધરાવે છે. આ કુદરતી સંબંધ મરણ દ્વારા ન તૂટે ત્યાં સુધી કોઈ તેનો ત્યાગ કરી શકતો નથી, વાસ્તવમાં તો, જે ઈશ્વરે પોતે આપણને આ અવનિ પર મૂકયા છે, ને જેમાં આપણે રહીએ છીએ, હરીએ ફરીએ છીએ, ને શ્વાસોશ્વાસ લઈએ છીએ, તે પણ એવું ચાહતો નથી કે તેની સાથેનો આપણો સંબંધ ન રહે, નહિ તો તેણે આપણને તેમાં મૂકયા જ ન હોત. પણ તેની પવિત્ર ઇચ્છા તો એ છે કે આ દુનિયાની બધી વસ્તુઓનો આપણે યોગ્ય રીતે ઉપભોગ કરીએ અને તેમાં વસીએ ત્યાં લગી પોતાને તૈયાર કરીએ, કારણ કે તેના પવિત્ર સંકલ્પ પ્રમાણે આ તો સ્વર્ગીય ઘર માટેની આપણી તૈયારીનો કસોટી કાળ છે.

**તત્ત્વવેત્તા :** વારૂ, આપના કથન મુજબ જો આપ પોતાને અન્ય કરતાં ચડિયાતા માનતા ન હોય પણ તેથી ઊલટા એ બાબતનો સ્વીકાર કરતા હો, કે આપ પણ બીજા પાપીઓના જેવા જ નબળા અને પાપી છો, તો આપનામાં ને દુનિયાના બીજા માંણસોમાં હું કશો તફાવત જોતો નથી. લોકો આપને સંત શા માટે કહે છે!

**સંત :** આપને એ કદાચ યાદ હશે, કે સોક્રેટીસે એક વખત જરા પણ સંકોચ વિના કબૂલ કરેલું, કે મારા આખા જીવન દરમિયાન હું જે એક અને એક જ પાઠ શીખ્યો છું, તે એ કે હું કશું જાણતો નથી. તે પરથી બીજા લોકોએ તેને પૂછયું કે તમે તત્ત્વજ્ઞાની છો, છતાં કશું જાણતા નથી તો તમારામાં અને અન્ય લોકોમાં શો ફરક? તેણે જવાબ આપ્યો કે એક જ બાબતમાં અમે જુદા પડીએ છીએ. હું કશું જાણતો નથી એનું મને ભાન છે, જ્યારે બીજાઓ પોતે કશું જાણતા નથી, એનું તેમને ભાન પણ હોતું નથી.

મારી બાબત પણ સોક્રેટીસ જેવી જ છે, હું જાણું છું કે હું નિર્બળ અને પાપી છું જ્યારે બીજાઓ પોતે પાપી છે એવું પણ જાણતા નથી. એ રીતે પાપના ઈલાજ વિષે અજ્ઞાન હોઈને તેઓ પોતાનાં પાપમાં જ મરે છે.

જો લોકો મને સંત કહેતા હોય તો તે તેમનો દોષ છે, ને તેઓ ભૂલ કરે છે. ખરી રીતે તો હું મારા પવિત્ર ઈશ્વરની જાથુ સંગતમાં રહીને સંત થવાનો પ્રયત્ન કરું છું. પણ હું પોતે તો એવું કદી કહી ન શકું કે હું સંત થઈ ગયો છું. અલબત્ત, આ પ્રકારની શાહેદી જાહેરમાં અને ભારપૂર્વક આપવા હું હંમેશાં તૈયાર છું કે મારા પ્રિય અને પવિત્ર ઈશ્વરની સંગતમાં જે શાંતિ સર્વ સમજણ કરતાં અધિક છે, તેનો આસ્વાદ હું માણું છું; અને જેવી રીતે આ સ્વર્ગીય આનંદ દુનિયાની કોઈ પણ ભાષા દ્વારા વર્ણવી શકાય તેમ નથી, તે જ રીતે દુનિયાઈ માણસો પણ તેને જરાએ સમજી શકતા નથી.

**તત્ત્વવેત્તા :** હું આપને બીજો પ્રશ્ન પૂછવાની હિંમત કરું છું કે જો આ આનંદ અને આત્મિક અનુભૂતિ કોઈ માનવી ભાષામાં વર્ણવી ન શકાય, તો પછી માણસ અને પશુમાં શો ફેર? પશુ, ખચીત તેમને થતી લાગણીઓ જણાવી કે વર્ણવી શકતાં નથી; પરંતુ માણસ જેને ઈશ્વરે વાચાની શક્તિ બક્ષી છે, તે ઢોરની પેઠે વર્તે, તો તો મને લાગે છે કે માણસ અને પશુમાં કશી ભિન્નતા કે વિશિષ્ટતા નથી. તેથી મારા મતે તો તમારા આ બધા આત્મિક અનુભવો કેવળ કાલ્પનિક છે.

**સંત :** મહેરબાની કરી આ બધી બાબતોનો શંભુમેળો ના કરો, પણ એ યાદ રાખો, કે આત્મિકજીવનના અનુભવો તે જરાયે કાલ્પનિક નથી, તે સાચા છે, જે આત્મિક મહાનુભાવો થઈ ગયા છે, તેમનાં વ્યવહારિક જીવનો શું એ બાબત સાબિત કરતાં નથી? આત્મિક બાબતો, આત્મિક રીતે દર્શાવવામાં અને નિરૂપવામાં આવે છે (૧ કોરિંથી. ૨;૧૩-૧૫) હવે માણસ અને પશુ વચ્ચેના તફાવત બાબતમાં કહેવાનું કે તે ઘણી રીતે દષ્ટિગોચર થાય છે. ઊંડા આત્મિક વિચારો અને અનુભવો, જે કેવળ આત્મિક ભાષામાં જ દર્શાવી શકાય તે સિવાય મનુષ્ય તેની શક્તિ અનુસાર પોતાની બીજી બધી લાગણીઓ ને પ્રેરણાઓ માનવી બોલીમાં કે ભાષામાં અભિવ્યક્ત કરે છે. પણ બીજી બાજુએ, પશુ તેના મોંમાં જીભ હોવા છતાં, તે પ્રમાણે કરી શકતું

નથી. જરા વિચાર કરો. જીભ હોવા છતાં તે મૂંગુ છે, તેનું કારણ એ છે કે પશુને બોલવાની શક્તિ નથી, તેમ જ તેને કંઈ કહેવાનું હોતું નથી.

આ ઉપરાંત એક બીજો પણ મોટો તફાવત છે, જે માણસને પશુથી એકદમ જુદો પાડે છે. પશુઓને કેવળ પ્રકૃતિજન્ય સહજ બુદ્ધિ હોય છે, જ્યારે મનુષ્યને વિચાર કરવાની, ખરું ખોટું પારખવાની શક્તિ ઈશ્વરે બક્ષી છે. દાખલા તરીકે, સુગરી પોતાનો માળો સૈકાંઓ પૂર્વે બંધાતો હતો, તે જ રીતે આજે પણ આબેહૂબ બાંધે છે. માળાની રચના કે તેની યોજનામાં કશો સુધારો કે વિકાસ આપણે જોઈ શકતા નથી. તેની રચના ને આકૃતિ હૂબહૂ કારબન કૉપી જોઈ લ્યો. હવે મનુષ્ય, બીજા હાથ પર, પ્રાકૃતિક રીતે જ પ્રગતિશીલ પ્રાણી છે; પણ જો તે શીખે નહિ, અને પ્રયત્ન કરે નહિ તો તે પણ જ્ઞાન સંપાદન કરી શકે નહિ, અને પ્રગતિ પણ સાધી શકે નહિ, જ્યારે પશુ તો તેનું નિયત કામ શિક્ષણ કે પ્રયત્ન વગર કર્યા કરે છે. મધમાખીઓ પોતાનો મધપૂડો કેવી રીતે બનાવે છે અને ફૂલોમાંથી મધનો સંચય કરે છે તેનો જરા વિચાર કરો. આ બધી પ્રવૃત્તિઓ જન્મસિદ્ધ, ગતાનુગતિક કે ગાડરિયા પ્રવાહ જેવી છે, એટલે કે નિશ્ચલ અને જડવત અને તેમની પ્રક્રિયાઓમાં અસ્થિતિસ્થાપક છે, ને તેથી જ તેમાં કશા સુધારા કે પ્રગતિ માટે અવકાશ નથી. પણ મનુષ્ય તો વર્ષોના પ્રયત્ન ને ઝુંબેશ બાદ, હરેક વસ્તુ મેળવી શકે છે. ઈશ્વરનો એ ખાસ હેતુ છે, કે મનુષ્ય તેના દીર્ઘ અને સખત પ્રયત્ન ને પરિશ્રમ બાદ જ સાર્વકાળિક જીવનમાં વૃદ્ધિ પામે, એ માટે કે તેના સર્જનહારની મધુર અને ગાઢ સંગત તે ભોગવી શકે, જેને તેણે પોતાની પ્રતિમા ને સ્વરૂપ પ્રમાણે ઉત્પન્ન કર્યો છે તેના જેવો તે નિરંતર ને સપ્રમાણ થતો જાય, ને તેના આશીર્વાદિત રાજ્યમાં સદા સર્વદા આનંદ સહિત રહે, અને એ રીતે જેનો અંત નથી, એવા સ્વર્ગીય જીવનના ઉલ્લાસનો તે સહભાગીદાર બને.

આ પારસ્પરિક વાતચીતને અંતે, પેલો તત્ત્વવેત્તા ને સંત

એક બીજાને હેતથી ભેટયા. તત્ત્વવેત્તાએ પોતાના મિત્રને પ્રેમી સલામ અને શુભેચ્છા પાઠવી, અને 'હું ફરી આપને મળવા આવીશ' એમ કહી તે ચાલતો થયો. પેલો સંત પણ ઘૂંટણીએ પડીને થોડો વખત પ્રાર્થનામાં ગાળ્યા બાદ, પોતાના નિત્ય કર્મમાં લાગી જવા માટે, નિયત સમયે ગુફા છોડીને ચાલ્યો ગયો.

## પ્રકરણ ૬

# એક શોધક અને જીવંત ખ્રિસ્ત

એક વખતે એક શ્રીમંત માણસ હતો, જેને એશઆરામ અને સુખચેનનાં તમામ સાધનો હતાં, ને તે વિપુલતા ને વૈભવવાળું જીવન ભોગવતો હતો. પણ દુર્ભાગ્યે તેને પુત્ર નહોતો. તે પોતાના મિત્રો અને સ્ત્રીને કહ્યા કરતો ''અરે, મારે માટે તમે ઈશ્વરને નિરંતર પ્રાર્થના કરો, કે તે કૃપા કરી મને એક પુત્ર આપે, જે મારી માલમિલકતનો વારસદાર થાય. ને મારા કુંટુંબનું નામ અને નાક જાળવી રાખે.'' કેટલાક વખત પછી ઈશ્વરે આ તેના કાલાવાલા સાંભળ્યા, ને તેને એક સુંદર અને આશાસ્પદ પુત્ર આપ્યો.

તેનાં માબાપે, આ નવા જન્મેલ બાળક માટે મોટી મોટી આશાઓ ને હવાઈ કિલ્લાની યોજનાઓ કરવા માંડી. ને તેમની આકાંક્ષાઓ ને અરમાનો બેસુમાર હતાં. જ્યારે આ છોકરો છ વર્ષનો થયો, ત્યારે તેના બાપે તેના ભણતર માટે ખાસ વ્યવસ્થા કરી, જે તે પંદર વર્ષનો થયો ત્યાં સુધી ચાલુ રહી, વળી તેને ગૃહ વિજ્ઞાનનું શિક્ષણ પણ આપવામાં આવ્યું, ને તે અઢાર વર્ષનો થયો એટલે તેને પરણાવી દીધો. હવે આ યુવાન દંપતિ, તેમનું જીવન એવી શાંતિ ને એશઆરામમાં વિતાવવા લાગ્યું કે પડોશમાં રહેતા લોકો પર તેની ભારે અસર થઈ ને તેઓ તેમને એક આદર્શ જોડા તરીકે જોવાલ્લાગ્યા.

અત્યાર સુધી તેમણે સંસારના મોજશોખનો બધો લહાવો લીધો હતો, અને માનવી જીવનનાં દુઃખ અને ચિંતાઓનો તેમને કશો અનુભવ નહોતો, પણ લગ્ન પછીના થોડા મહિનામાં, ધણીને માથે મોટું સંકટ આવી પડયું. તેનાં વહાલાં માબાપ જેમને તે અતિશય ચાહતો હતો; તે કોલેરામાં મરણ પામ્યાં, અને પરિણામે તેની બધી આશાઓના મિનારા તૂટી પડયા. દુર્ભાગ્ય કદી એકલું આવતું નથી. એક બાજુએ તે માબાપના મરણના વિયોગને લીધે દુઃખ ને શોકમાં

ડૂબેલો હતો, ત્યારે બીજી બાજુએ ચોરોએ તેના ઘરમાં ખાતર પાડયું, ને તેનું તમામ ધન અને કીમતી ચીજો ચોરી ગયાં. સંપતિમાં મિત્રો થાય છે, ને આપત્તિમાં તેમની કસોટી થાય છે, આવી વિષમ પરિસ્થિતિમાં તેના બધા તકસાધુ મિત્રો, ને સ્વાર્થી શુભેચ્છકો, એક પછી એક, તેને છોડી ચાલતા થયા.

નિરાશામાં તે આ પ્રમાણે બોલ્યા સિવાય રહી શકયો નહિ કે ''હવે હું શું કરું? કયાં જાઉં? થોડા વખતમાં, કુંટુંબમાં બાળકનો જન્મ થવાનો છે. મારા જન્મ વખતે, મારાં માબાપને જેટલો આનંદ અને સુખ થયાં હતાં, તેવું અરેરે, આ બાળકના જન્મ પ્રસંગે મને થશે નહિ, યાતો મારાં માબાપે મારે માટે તે પ્રસંગે જેટલું કર્યું હુતું, તેટલું એ આ નવા આવનાર બાળક માટે હું કરી શકવાનો નથી. અરે! આ બધું શું થવા બેઠું છે, અને અમે કેવાં દુર્ભાગી છીએ!'' તેની ભલી પત્નીએ જ્યારે તેના દયાર્દ્ર ને હૃદયભેદક શબ્દો સાંભળ્યાં, ત્યારે તેને દિલાસો આપ્યો, ને પોતાના નાજુક અને પ્રેમાળ હાથ વડે તેનાં આંસુ લોહી નાંખ્યાં, ને તેને ઉત્તેજન આપતાં આ પ્રમાણે બોલીઃ ''વહાલા પ્રાણનાથ, રડશો નહિ, અને મૂંઝાશો નહિ. કેવળ ઈશ્વર પર શ્રદ્ધા રાખો. તેણે જે કર્યું છે તે આપણા ભલા માટે કર્યું છે; અને ભવિષ્યમાં પણ આપણા પર જે કંઈ આવી પડશે તે સર્વ નિશ્ચે આપણા ભલા-સુધારા માટે જ હશે. માટે હિંમત હારશો નહિ, અને પુરુષાર્થ કરો.''

કેટલાક દિવસ પછી, આવા વિષમ સંજોગોમાં બાળકનો જન્મ થયો. પતિએ, તેની પત્ની ને બાળકની બને તેટલી સેવા-શુશ્રૂષા કરી, પણ દુર્ભાગ્યે બાળક બીજે દિવસે મરણ પામ્યું. આ બાળકને દફનાવવા તે લઈ ગયો, અને ત્યાંથી પાછો ફર્યો, ત્યારે તેણે પત્નીને બેભાન અવસ્થામાં પડેલી જોઈ. તેણે તેનામોંમા થોડું ઠંડુ પાણી રેડયું, ને પોતાના ખોળામાં માથું મૂકીને, તેના ખાટલા પર બેઠો. થોડા વખત પછી સ્ત્રીને ભાન આવ્યું, ને આંખો ઉઘાડી. ધણી તો શોક ને વિયોગના દુઃખમાં પુષ્કળ શ્રમિત થઈ ગયો હતો, ને તેની સ્ત્રી પણ તદ્દન નબળી

અને નંખાઈ ગઈ હતી. એટલે બંને એકબીજા તરફ, પ્રેમાળ અને આતુર નયને કેવળ ટગર ટગર જોઈ રહ્યાં, પણ એકે શબ્દ ઉચ્ચારી શકયાં નહિ ! થોડી વાર પછી પત્નીની આંખો સદાને માટે મીંચાઈ.

બિચારા ધણી માટે તો આ ઘા અસહ્ય હતો. તે મૂર્છા ખાઈને જમીન પર ઢળી પડયો, ને ઈશ્વર જાણે, કયાં સુધી તે એજ દશામાં પડી રહ્યો. તેનો એકાદ પડોશી ત્યાં થઈને જતો હતો, તેણે પોતાના આ મિત્રને નિરાધાર ને બેશુદ્ધ અવસ્થામાં ખુલ્લી ને સખત જમીન પર પડેલો જોઈને, પડોશમાંના પોતાના મિંત્રો ને ઓળખીતાઓને ખબર આપી, તેઓ બધા એકદમ સ્થળ પર દોડી આવ્યા, અને પેલા ભાઈની અવસાન પામેલી પ્રિય પત્નીના દફનની વ્યવસ્થા કરી. શબની પેટી લઈને જ્યારે તેઓ પાસેના કબરસ્તાનમાં જતા હતા, ત્યારે તે પણ તેમની પાછળ પાછળ ગયો, ને કબર આગળ ઊભા રહીને છાતીફાટ રૂદન કરતાં કરતાં બોલવા લાગ્યો, ''અરે ઓ મારી વહાલી સ્ત્રી, તારે બદલે હું કે આ મારા શોક ને સંતાપ આ કબરમા દટાયાં હોત તો કેવું સારું! મારો પરમ સાથી, મારી સાચી શુભેચ્છક, મારી વહાલી, મને આ ઠંડીમાં ઝૂરતો મૂકીને ચાલી ગઈ ! હાયહાય ! હું કેવો દુ:ખી ને દુર્ભાગી માણસ છું ! દુનિયામાં હું હવે એકલો અટૂલો છું!''આમ બોલીને પાછો તે બેશુદ્ધ બની જમીન પર ઢળી પડયો. જેઓ કબર આસપાસ એકઠા મળ્યા હતા, તે બધા આ કરૂણ અને હૃદય વિદારક દૃશ્ય જોઈને આંસુ સારવા લાગ્યાં. તેઓએ તેને ધીમેથી ઊભો કર્યો, ને તેને ઘેર પહોંચતો કર્યો. થોડો આરામ લીધા બાદ તેઓ તેને આશ્વાસન ને ધીરજ આપતાં કહેવા લાગ્યા ''ભાઈ બનવાકાળ હતું તે બની ગયું. હવે શોક કરવો વ્યર્થ છે. વહેલા કે મોડા આપણ દરેકને વખત આવ્યે દુનિયા છોડીને ચાલ્યા જવાનું છે''

હવે, ખરેખર, આ દુનિયાની અનિશ્ચિતતાએ આ માણસમાં અદ્દભુત પરિવર્તન કર્યું, કેટલીક મુદત વિત્યા બાદ તે એક ધાર્મિક નેતા

પાસે ગયો, ને તેની પાસેથી ધાર્મિક સત્યો શીખવામાં ઊંડો રસ દાખવવા લાગ્યો. પણ આ બધાથી તેના ક્ષુબ્ધ જીવનમાં તેને શાંતિ કે સંતોષ કશું મળ્યું નહિ. તેથી તે જંગલમાં ગયો ને ત્યાં એક ગુફામાં એકલો રહેવા લાગ્યો, અને એકચિત્તે ને આતુરતાથી ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો કે "હે મારા સ્વામી અને સર્જનહાર કાંતો આ દુનિયામાંથી મને લે, કાંતો મુજ જેવા અધમ પાપી પર કરૂણા કર, ને તારા દૈવી સત્ય કે વાસ્તવિક ગૌરવની મને ઝાંખી કરાવ, કે જેથી મને નૂતન જીવન પ્રાપ્ત થાય." દિવસો સુધી તેણે ઈશ્વરની ઉપાસના સહિત એકધારી અને આતુરતાથી પ્રાર્થના કરી ને છેવટે "જે શોધે છે તેને જડે છે" (માત્થી ૭:૮) એ દૈવી વચન પ્રમાણે તેની પ્રાર્થનાનો પ્રત્યુત્તર તેને મળ્યો.

એક દિવસ, પરોઢિયે જ્યારે તે ગુફાના પ્રવેશદ્વાર આગળ બેસીને પોતાની દુર્દશાના વિચારમાં તલ્લીન થઈ ગયો હતો, તેવામાં તેને એક માણસ ગુફા તરફ આવતો જણાયો. જ્યારે આ નવો આગંતુક તેની દૃષ્ટિએ પડયો, ત્યારે અનેક પ્રકારના તર્કવિતર્ક તેના મગજમાં ઉદ્દભવવા લાગ્યા, અને તે સ્વગત વિચારવા લાગ્યો કે "આ માણસ પણ મારા જેવો જ દુખિયારો લાગે છે, કદાચ સંસારથી કંટાળી ગયો છે અને આ જંગલમાં આશ્રય અને શાંતિની શોધમાં આમતેમ ભટકે છે; અથવા તો કદાચ એ પણ બનવાજોગ છે, કે તે કોઈ સાચો ઈશ્વરભક્ત હોય, ને ઈશ્વરની જ આરાધના ને ધ્યાનમાં નિમગ્ન રહેતો હોય. કદાચ આ ગુફા જયાં હાલ મારો નિવાસ છે, તે તેની માલિકીની હોય અથવા કદાચ તે કોઈ ભૂલો પડેલો વટેમાર્ગુ પણ હોય, યાતો કદાચ પોતાનું ઘેટું-બકરું ગૂમ થયું હોય, તેની શોધમાં ફરતો તે કોઈ ભરવાડ પણ હોય! માનો, ન માનો આ માણસની આસપાસ કંઈ ભેદ કે રહસ્ય રહેલું છે." થોડી જ પળોમાં પેલો માણસ ગુફા આગળ આવી પહોંચ્યો, અને પેલા હૃદયભંગિત સંન્યાસીને ઘણા વહાલ અને સહાનુભૂતિપૂર્વક પ્રણામ કર્યા. પેલો સંન્યાસી એકદમ સન્માનપૂર્વક

ઊભો થયો, અને તેને માટે પોતે ભોંય પર પાથરેલી કામળ પર બિરાજમાન થવા, પેલા અજાણ્યા પુરુષને આગ્રહ કર્યો.

**શોધક :** મહેરબાની કરીને, આપ આપનું નામ જણાવવા કૃપા કરશો, ને આપ અહીં શા માટે, ને કયાંથી પધાર્યા છો, તે હું જાણી શકું?

**અનંત ખ્રિસ્ત :** મારા નામનો અર્થ અને તેનું મહત્વ તમે સમજી શકવાના નથી. હું ઉત્તમ ઘેટાંપાળક છું, ને મારાં ખોવાયેલાં ઘેટાંને શોધવા તથા તારવા સારુ હું ''સ્વર્ગમાંથી ઊતરી આવ્યો છું'' (યોહાન૩; ૧૩).

જોકે આ સત્ય શોધક આ વિધાનનો પૂરેપૂરો અર્થ સમજી શકયો નહિ, છતાં અનાદ્યન્ત ખ્રિસ્તના વ્યક્તિત્વે અને શબ્દોએ, તેના મગજ પર બહુ ઊંડી અને આશ્ચર્યજનક અસર કરી, જાણે તેનું તિમિરમય હૃદય પેલા અજાણ પુરુષની ગૌરવી ને પ્રકાશિત હાજરીથી ઝળહળી ઊઠયું ન હોય ! ને તેને પોતાને પણ એવું ભાન થયું કે જાણે તે પોતે ખોવાયેલું ઘેટું છે, અને તેને પોતાને સાચા ભરવાડની અતિ જરૂર છે, તેની સંગત અને હાજરીથી પેલો સત્ય શોધક એટલો બધો પ્રભાવિત થયો, કે તેણે બહુ વિવેકસર, અનંત ખ્રિસ્તને નીચેનો પ્રશ્ન પૂછયો :-

**શોધક :** આપ કેટલા વખતથી આ કામ કરો છો ?

**અનંત ખ્રિસ્ત :** જગતની ઉત્પત્તિથી.

**શોધક :** સાચે જ? ત્યારે તો મને લાગે છે કે આપ પ્રબોધક છો. મહેરબાની કરી, મને આપના વિષેની તમામ હકીકત જણાવો, મને આશિષ આપો, અને મને આપનો શિષ્ય બનાવો.

**અનંત ખ્રિસ્ત :** માનવજાતના ઉદ્ધાર માટે હું દેહધારી થઈને આવ્યો, તે વાતને જોકે પૂરાં બે હજાર વર્ષ હજી વિત્યાં નથી, તેમ છતાં તે પહેલાંનું મારું અસ્તિત્વ હતું, અને હું અનંત અને ''સાર્વકાળિક પિતા'' છું (યશાયાહ ૯ ; ૬ : યોહાન ૧૪ ; ૯) હું '' ન્યાયીપણા ને શાંતિનો રાજા'' અને 'યાજક' છું . મારી પેઠે કોઈ રાજા અને યાજક

બંને હોઈ શકે નહિ. દુનિયાદારીની દષ્ટિએ મારી કોઈ ''વંશાવળીનો ઇતિહાસ નથી'' (હેબ્રી. ૭; ૨, ૩: લુક ૧; ૩૦-૩૬) હું દેહધારી થયો તે પહેલાં જેઓ મારા પર પ્રેમ રાખતા હતા, તે સર્વને મેં દર્શન દીધેલા. મેં તેમને સહાય અને આશીર્વાદ આપેલાં (ઉત્પત્તિ ૧૪; ૧૮, ૧૯: યોહાન ૮; ૫૬-૫૯ અને દાનિયેલ ૩; ૨૫), અને આજે તારી પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં તને શાંતિ, વિશ્રાંતિ, અને અનંતજીવન બક્ષતા મેં તને દર્શન દીધું છે.

(આ વાસ્તવિકતાનો ભરપટે આસ્વાદ અને અનુભવ કરી ચૂકેલ આ સત્યશોધક એકદમ અનંત ખ્રિસ્તના ચરણ આગળ નમી પડયો, ને તે નીચેના ઉદગાર કાઢયા સિવાય રહી શકયો નહિ.)

**શોધક:** હે મારા ઈશ્વર અને બાપ, તારામાં આજે મને મારી જિંદગીનો કિરતાર અને સ્વામી મળી ગયો છે, હવે હું મારી દુનિયાઈ ખોટ કે ખાધ વિષે જરાયે વ્યથિત થતો નથી, કારણ કે મને હવે સર્વસ્વ મળી ગયું છે. આજથી હું તારું બાળક અને તારો ગુલામ છું. આ દુનિયામાં તું જ મારું સર્વ કાંઈ છે, અત્યાર સુધી તું શા માટે, આ તારા નાલાયક અને દુર્ભાગી સેવકથી છુપાઈ રહ્યો હતો?

**અનંત ખ્રિસ્ત:** દેખીતી રીતે જ, અત્યાર સુધી મેં પોતાને પ્રગટ કર્યો નહોતો, કારણ કે આ પૂર્વે તું તેવા પ્રકટીકરણ માટે તૈયાર નહોતો. પણ વાસ્તવમાં તો હું હંમેશાં તારી સાથે જ હતો. વળી તે ઉપરાંત મારા બાહ્ય દર્શન કરતાં, માણસના હૃદય અને આત્મામાં મારું આંતરિક પ્રકટીકરણ થાય એ વધુ આવશ્યક અને જરૂરી છે. વળી તારા પર અનેક સંકટોની ઝડી વરસી, એ બાબતે પણ તને ખાસ રીતે તૈયાર કર્યો, કારણ કે શોક અને દુઃખો દ્વારા જ સત્યના શોધકો મારી સમીપ આવી શકે છે. એ રીતે માનવા આત્માની શક્તિ, દૈવી આશીર્વાદની ઉત્સુકતા, અને ઉપભોગ માટે, મારી હાજરીથી અજાયબ રીતે વિસ્તૃત અને જાગૃત થાય છે. પીડા અને દુઃખો ઘણી વખતે, માણસને તેની નબળાઈઓ જાણવાનું અને તેની પોતાની જરૂરિયાતોનું એટલી હદ સુધીનું ભાન થાય છે, કે તે સંતોષની શોધમાં પડે છે, ને છેલ્લે

મારામાં, તેની બધી જરૂરિયાતો પૂરી પડેલી જુએ છે.

**શોધક :** હાશ હું કેટલો બધો સુખી છું ! મારા શરીરનાં તમામ છિદ્રો જો મોં બને, તોપણ હે મારા તારણહાર ,તારા પ્રત્યેનો ; મારે જેટલો માનવો જોઈએ તેટલો આભાર હું દર્શાવી શકત નહિ. હવે હું એ પણ જાણું છું કે તું કેવળ હોઠોની સ્તુતિ માગતો નથી, પણ અંતરનો આભાર માગે છે, અને જે અંતઃકરણમાં તારો વાસો છે, તે તારી સ્તુતિ ગાયા સિવાય રહી શકતું નથી, કારણ કે તે તો આનંદના અતિરેકથી છલકાઈ જાય છે, હવે હે મારા સર્જનહાર અને પ્રભુ, તને એક પ્રશ્ન પૂછવાની હું હિંમત કરું તો મારી ધ્રુષ્ટતા અને આડાઈની ક્ષમા આપજે, આ દુનિયાના બુદ્ધિવાદીઓ વારંવાર કહે છે તે પ્રમાણે મારા જીવનમાં આ જે અમોલ તક મને સાંપડી છે તે શું કેવળ આત્મલક્ષી છે ? હું તો સંપૂર્ણપણે એમ માનું છું કે આ પ્રકટીકરણ તો પરલક્ષી ને વાસ્તવિક છે.

**અનંત ખ્રિસ્ત :** બેટા આ દુનિયાના વિદ્વાનો જે કહે છે તે વિષે ચિંતા ન કર, કારણ કે મોટા ભાગના વિદ્વાનો નાસ્તિક અને સ્વાર્થી હોય છે. તેથી જ તેઓ ખોટી રીતે વિચારે છે, અને આંધળાને દોરનાર અંધ નેતાઓ છે. જોકે સર્જનહારે આખી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે, જે તેનામાં ને તેની મારફતે હસ્તી ધરાવે છે, છતાં આ સૃષ્ટિ પોતે ઈશ્વર નથી, યાતો ઈશ્વરના અસ્તિત્વનો એક ભાગ પણ નથી. તેમ છતાં તે સ્વતંત્ર રીતે કે ઈશ્વરના વ્યક્તિત્વથી ભિન્ન રીતે વિદ્યમાન નથી. ત્યારે તેનો અર્થ શું એવો થાય કે સૃષ્ટિનું પરલક્ષી સ્વરૂપ નથી પણ કેવળ આત્મલક્ષી જ છે ? ના, બિલકુલ નહિ. વસ્તુત : તો મારા લોકને થતાં તમામ નિદર્શનો અને આત્મિક અનુભવો આત્મલક્ષી કે કાલ્પનિક નથી પણ પરલક્ષી અને વાસ્તવિક હોય છે, અને તે નિઃશંક રીતે મારી સાથેની તેમની નિકટ સંગતની ફલશ્રુતિ રૂપે છે.

**શોધક :** હે ઈશ્વર, જે આશીર્વાદ આજે મને પ્રાપ્ત થયો છે તે મારી કોઈ નબળાઈ કે બેકાળજીને લઈને ગૂમ ન થાય એવું કર, અને અંત સુધી હું વિશ્વાસુ રહી શકું એવી કૃપા બક્ષ. હું હમેશાં તારો સાચો સેવક થઈને રહું અને તારામાં અને તારા માટે હું જીવું એવું થવા દે.

**અનંત ખ્રિસ્ત :** તારે હંમેશાં જાગૃત રહીને પ્રાર્થના કરવી જોઈએ એ અત્યંત જરૂરી છે, લૌકિક ધન તારું ગૂમ થયું છે, તેની ચિંતા કરતો નહિ. એ તો વહેલું કે મોડું બનવાનું જ હતું પણ હવે તારી પાસેથી તે કદી છીનવી લે તેમ નથી. હવે તો તું પેલા એક માણસના જેવો છે, જે પૂરને કારણે બંને કાંઠે છલકાતી ભયંકર નદીની સપાટી પર હોડીમાં બેસીને મુસાફરી કરતો હતો ! તોફાની પવન અને મોજાં તેને અથડાયાં ને હોડી ડૂબી ગઈ. પેલો માણસ તરફડીયાં મારીને સહિસલામત કાંઠે આવ્યો, પણ તેનું સર્વસ્વ-માલમિલકત વગેરે પેલી સરિતાના પ્રચંડ વહેણમાં તણાઈ ગયું, ને તેના ખિસ્સામાં જે થોડા ઘણા પૈસા હતા, તે જ રહ્યા. કાંઠે પહોંચ્યો ત્યારે તેને કેટલાક ચોર-ડાકુઓ મળ્યા, જેમણે પેલા રહ્યાસહ્યા પૈસા, ને જે કંઈ હતું તે તમામ, પડાવી લીધું. ટૂંકમાં તેણે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું. પણ તે જરાયે ચિંતાતુર કે વ્યથિત થયો નહિ, કારણ કે કોઈ પણ માણસ કદી છીનવી ન લઈ શકે, એવું સાચું ધન અને શાંતિ તેના મનમાં હતાં (યોહાન ૧૪;૨૭) તેથી તેણે ઈશ્વરને મહિમા આપ્યો, અને તેની અજાયબ જેવી ભલાઈનાં ગુણગાન ગાતો ચાલી નીકળ્યો, ને પોતાના નિયત કાર્યમાં લાગી ગયો.

હવે, તારે પણ આભાર માનવો જોઈએ, કે દુનિયાઈ સંપત્તિ અને માન આબરૂ જવાથી, તારું હૃદય સાચા અને શાશ્વત ટકી રહે, તેવા દ્રવ્યના સ્વીકાર માટે ખાલી થયું. ''જુઓ હું સદા સર્વકાળ તમારી સાથે છું.'' તેથી જઈને ''મારાં ઘેટાંને પાળ'' (યોહાન ૨૧;૧૫).

સત્ય શોધકે, પૂજ્યભાવ અને આભાર સહિત પોતાનું મસ્તક નમાવ્યું, અને અનંત ખ્રિસ્તને ચરણે પડયો, જે તેને આશીર્વાદ આપી અંતર્ધાન થયો. પછી તે ઊઠયો, ને પોતાના ખરા તન મનથી સ્વામીની સેવામાં લાગી ગયો.

## પ્રકરણ ૭

# ઈશ્વર અને પોતા વિષેનું જ્ઞાન

પોતે કોણ ને કેવો છે, તે જો મનુષ્ય જાણતું હોય તો જે ઈશ્વરની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે તે ઉત્પન્ન કરાયું છે, તે તેને ઓળખી શકત, કારણ કે ''દેવ વિષેનું જે જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તે તેઓમાં પ્રસિદ્ધ છે'' (રૂમી. ૧; ૧૯) પણ, એ યાદ રાખવું જોઈએ, કે ઈશ્વર અને પોતા વિષેનું જ્ઞાન તે દુન્યવી ડહાપણ અને વિદ્યા પર અવલંબિત નથી, કારણ કે વિવિધ 'વાદો' અને 'વિદ્યાઓ' આપણને સત્ય પ્રતિ લઈ જવાને બદલે તેનાથી દૂર લઈ જાય છે. કેવળ ઐહિક જ્ઞાન અને અંતરાત્માના અવાજ અને લાગણીઓને ગૂંગળાવી દે, ને પછી એક પ્રકારનો કૃત્રિમ અવાજ ઉત્પન્ન થાય જે હમેશાં ગેરરસ્તે દોરી જનાર હોય છે. પણ ખરું જ્ઞાન તો પ્રાર્થના અને મનન દ્વારા પ્રાપ્ત થાય છે; કારણ કે ત્યારે તો '' એકેશ્વર તરફ એકાકીનું ઉડ્ડયન'' શરૂ થાય છે, અને ઈશ્વર અંતઃકરણના ગર્ભદ્વારની મારફતે બોલે છે, બીજા શબ્દોમાં કહીએ તો આ દુનિયાનું જ્ઞાન આપણને શિક્ષણથી મળે છે, જ્યારે આત્મિક જ્ઞાન તો ઈશ્વર પ્રેરિત પ્રેરણા દ્વારા પ્રાપ્ત થાય છે.

આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આત્માની શક્તિઓ, અને આંતરિક ઈંદ્રિયો, જે પાપને લીધે બહેર મારી ગયેલી, ને મૃતપ્રાય થઈ ગયેલી હોય છે, તે જાગૃત થવી જોઈએ, એક વખત એક આંધળો માણસ હતો, તે બ્રેઈલ પદ્ધતિમાં લખાયેલા બાઈબલ વાંચવાનો હતો, પણ સખત ઠંડીને લઈને તેની આંગળીનાં ટેરવાં એવાં તો ઠરી ગયાં હતાં કે તે એક હરફ વાંચી શકયો નહિ. પછી તે દેવતા પાસે બેઠો, અને પોતાના હાથને ગરમી આપવા લાગ્યો. થોડી જ પળમાં તેનાં આંગળાં ગરમીથી લાલચોળ થયાં, ને તે સહેલાઈથી વાંચી શકયો. એ જ રીતે પ્રાર્થના અને મનનથી, ન્યાયીપણાના સૂર્યનાં કિરણો (માલાખી ૪; ૨) અને પવિત્ર આત્માનો અગ્નિ હૃદયમાં કામ કરતાં થાય છે, ને એ રીતે

આપણને ચેતનવંત કે જાગૃત કરે છે. આ પ્રમાણે ઈશ્વરને, અને આપણ પોતાને ઓળખીને, આપણે સદા માટે ઈશ્વરની આશીર્વાદિત જીવંત હાજરીનો આસ્વાદ લઈ શકીએ છીએ.

''પુનર્જન્મ'' પામીને આપણે જ્યારે ઈશ્વરના દીકરાઓ થઈએ છીએ, ત્યારે ઈશ્વરનો પવિત્ર આત્મા, ઉચ્ચારેલા શબ્દો, અને લૌકિક ભાષા વગર પણ આપણી સાથે પ્રત્યક્ષ બોલે છે, આધ્યાત્મિક જીવનનાં રહસ્યો શીખવે છે અને પ્રગટ કરે છે. જ્યારે આપણે આત્માથી પુનર્જન્મિત થઈએ છીએ, ત્યારે આત્મિક ભાષા આપણી માતૃભાષા બનીજાય છે, ને જેમ બાળક તેની માની ભાષા સહજ અને સ્વાભાવિક રીતે શીખી જાય છે, તેમ કશી મુશ્કેલી વિના આત્મા જે શીખવે છે, તે આપણે ગ્રહણ કરીએ છીએ, લૌકિક ભાષા અને શબ્દો તો આપણો અર્થ સમજવાનું કેવળ બાહ્ય સાધન છે, પણ આત્મિક માણસ, પેલા બાળકની જેમ, જે અર્થ ઈશ્વર સમજાવવા ચાહે છે, તે શબ્દો વિના પણ સમજી શકે છે. દાખલા તરીકે, જે બાળકની માતૃભાષા અંગ્રેજી છે તેને આપણે સંસ્કૃત શબ્દ 'ઈશ્વર' નો અર્થ શીખવવા ચાહીએ તો આપણે તેને કહીએ છીએ કે 'ઈશ્વર' એટલે 'God'; પણ 'God'' એટલે ઈશ્વર એવું, તે અગાઉ કઈ ભાષામાં શીખ્યો હશે? તે તો શબ્દો વિના પ્રત્યક્ષ રીતે તેના મનમાં ઠસાવવામાં આવેલો.

સૂર્ય તેના પોતાના પ્રકાશમાં જ જોઈ શકાય છે; એ જ રીતે 'ન્યાયીપણાનો સૂર્ય' યા તો 'જગતનું અજવાળું' પણ તેના પોતાના પ્રકાશમાં જોઈ શકાય. આ વાસ્તવિક પ્રકાશમાં જ માણસ પોતાને ઓળખીને જોઈ શકે, પણ તે માટે તેને દિવ્ય ચક્ષુની જરૂર છે, કારણ કે જેઓ આંધળા છે ને 'જોઈ શકતા નથી,' તેઓ આ સત્ય સમજી શકતા નથી (માત્થી ૧૩; ૧૩).

ખ્રિસ્તના દેવત્વને ઓળખવા માટે, આપણે મનુષ્યના સાચા અર્થમાં મનુષ્ય થવું જોઈએ, કારણ કે પ્રાણી જીવન ગમે તેટલું પરિપૂર્ણ

હોય, છતાં આ સમજવા માટે પૂરતું નથી. પાપી અને પતિત માણસ ઈશ્વરને ઓળખી શકતો નથી. 'પણ નવું માણસ' અને 'નવી ઉત્પત્તિ' (કોલોસી ૩;૧૦) 'જે અદૃશ્ય દેવની પ્રતિમાં' (કોલોસી ૧ ; ૧૫) છે તેને, તેમ જ તે પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરાયેલ એવા પોતાને પણ ઓળખવા માટે આવશ્યક છે. પાપને લીધે માણસની પ્રતિમા કુરૂપ અને કલુષિત બની છે ને તેથી તેને ફરી નવે નામે બનાવવાની છે, અને ત્યારે જ તે પોતાના સ્વામી અને તારણહારને ઓળખી શકે.

પાપને લીધે માણસ તેની માણસાઈ અને સાચા મોભામાંથી પતિત થયો છે, એટલું જ નહિ પણ તે મરેલો છે; ને તેથી જ તે ઈશ્વરની હાજરી અનુભવી શકતો નથી, જોકે ઈશ્વર તો હવાની પેઠે સર્વત્ર હાજર છે; અને મૃત માણસની પેઠે હવા તેની ચોમેર વ્યાપ્ત હોવા છતાં તેને તેની કંઈ અસર થતી નથી કે તે વડે શ્વાસોશ્વાસ લઈ શકતો નથી. તે જ રીતે, જેઓ પાપમાં મરેલા છે, તેઓ ઈશ્વરને ઓળખી શકતા નથી, પ્રાર્થનારૂપી શ્વાસ લઈ શકતા નથી, અને આત્મા તથા સત્યતાથી તેનું ભજન પણ કરી શકતા નથી. ઈશ્વરે આદમમાં 'જીવનનો શ્વાસ' ફૂંકયો (ઉત્પત્તિ ૨ ;૭) અને તે 'જીવંત આત્મા' બની ગયા, પણ પાપને લીધે તે જીવંત આત્મા મરી ગયો; અને તેથી એ અગત્યનું હતું કે સાર્વકાળિક એવા નવા જીવનનો શ્વાસ, ઈશ્વર ફરી માણસો પર ફૂંકે (યોહાન ૨૦; ૨૨) માણસ ખરો પશ્ચાત્તાપ કરીને, ઈશ્વરની ગમ પાછો ફરે, અને તેના સાંનિધ્યમાં પોતે જેવો છે, તેવો જ પોતાને જુએ તે જરૂરનું છે, નહિ તો બે પ્રકારનું જોખમ છે. એક તો ઈશ્વરની હાજરીનું સુખ તેની પાસેથી છીનવી લેવાશે યા તો એ જ હાજરી અને ઈશ્વરની શાંતિથી ભરપૂર થઈને પોતે જ ઈશ્વર છે એવી કલ્પના કરતો થઈ જાય!

ઈશ્વર અને પંડને વાસ્તવિક રીતે ઓળખવામાટે તેમ જ સાચું જીવન પ્રાપ્ત કરવા માટે, માણસે પોતાનો સ્વનકાર કરવો આવશ્યક છે (લૂક ૯ ; ૨૩, ૨૪) ; કારણકે ઈશ્વરની ઇચ્છા પૂર્ણ કરવા માટે જે

પોતાની તૃષ્ણાઓનો નકાર અને ઈચ્છા શક્તિનું દમન કરે છે, તે સંપૂર્ણ રીતે સંતુષ્ટ થશે, અને જે ઈચ્છાશક્તિએ તેને ઉત્પન્ન કર્યો, તેનાથી જ તેના આત્માની તમામ ઉત્કટ ઈચ્છાઓ સંતોષાશે. નહિ તો પોતાને આનંદ આપવા, પોતાની સ્વેચ્છા મુજબ ચાલવાથી પેલી ઈચ્છાશક્તિ નાશ થશે એટલું જ નહિ પણ તેને સંતોષવાની શક્તિનો પણ હ્રાસ થશે. બીજા શબ્દોમાં કહીએ, તો જે પોતાનો નકાર કરે છે, તેને ઈશ્વર, પંડ અને તે સાથે તેની બધી જરૂરિયાતો મળશે, પણ જે કોઈ સ્વનકાર કરતો નથી તે વસ્તુત;આત્મિક આપઘાત કરે છે.

ઈશ્વરની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે સૃજાયેલું માનવી જો પોતાના અનઆજ્ઞાંક્તિપણા ને મૂર્ખાઈ ના કારણે એ પ્રતિમાને ખંડિત કરે તો તે પેલા ઉડાઉ દીકરાની પેઠે, પોતાને જ નુકસાન કરે છે, માણસ જ્યારે, પોતાનું અંતઃકરણ અને લાગણીઓ મરી જાય એટલી હદે પોતાને નુકસાન કરે છે, ત્યારે તે બીજાઓને પણ હાનિ પહોંચાડે છે. પોતે મરેલો હોઈને બીજાઓને નુકસાન કરે છે તે, તે પોતે જાણી કે અનુભવી શકતો નથી (જુઓ ૧લું કોરીથી. ૧૨; ૧૨ અને ૨૬) જો તે પોતે જીવતો અને જાગૃત હોત તો, પોતાને અને અન્યને નુકસાન અને હાનિ પહોંચાડવાને બદલે તેણે પોતાની અને બીજા ઓની આત્મિક જિંદગી સુધારવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો હોત, ને એ રીતે પોતાના જીવનમાં ઈશ્વરની શી ઈચ્છા અને હેતુ છે, તે તેણે પૂર્ણ કર્યાં હોત.

આ દુનિયામાં કોઈ પણ માણસ, દુઃખ અને વધસ્તંભની વેદનામાંથી છટકી જઈ શકતો નથી; ટૂંકા કે લાંબા સમય માટે પણ તેને મરણની છાયાની ખીણમાંથી પસાર થવાનું અનિવાર્ય છે. (ગીતશસ્ત્ર ૨૩; ૪). પણ સાચા ખ્રિસ્તીઓ, જેઓ પોતાનો વધસ્તંભ ઊંચકીને ચાલે છે, તેઓ 'મરે છે' છતાં 'જીવે છે' અને સતાવણીના પ્રસંગોમાં, તેઓ વૃક્ષનાં પાંદડાં જેવા છે, જે શિયાળામાં ખરી પડે છે ને ફરી પાછાં વસંતઋતુમાં નવીન જોમ અને તાજગી સાથે ફૂટી

નીકળે છે, અને પોતે ખરેખર જીવંત છે, તેની પ્રતીતિ કરાવે છે (૨ કોરીંથી ૪; ૮-૧૦: ૬; ૪-૧૦) શોક અને સંતાપ છતાં તેમનાં જીવન ખ્રિસ્તમાં ગુપ્ત રખાયેલાં છે, જેવી રીતે ગલ્ફસ્ટ્રીમ, મહાસાગરમાં વહેતા, તેના પાણીના ગરમ પ્રવાહો વડે, ઉત્તરના પ્રદેશોને કારમી ઠંડીમાં રક્ષણ આપે છે, તે જ રીતે ઈશ્વરી પ્રેમનો ગુપ્ત ઝરો, અને પવિત્ર આત્માનો પ્રવાહ, તેના લોકોને રક્ષે છે અને તેમને પ્રસન્ન અને સંતૃષ્ટ રાખે છે.

જ્યારે કોઈ ઈશ્વરભક્ત પોતે જેવો છે તેવો જ પોતાને ઓળખે છે, ત્યારે તેને ભાન થાય છે કે તે બધું ઈશ્વરી કૃપાને લીધે જ છે, અને જોકે પોતે બીજાઓ કરતાં વિશેષ સારો હોય, તેમ છતાં તે અભિમાની અને ગર્વિષ્ટ થશે નહિ.

માણસનો આત્મા, જે કેવળ શરીર કરતાં અતિ ઘણો ચઢિયાતો છે, તે મગજ કે જે વિચારવા અને કાર્ય કરવા માટેનું એક સુંદર ઊર્મિલ સાધન છે, તે દ્વારા જ કામ કરીને, પોતાનું નિદર્શન કરી શકે છે. તે જ રીતે બીજાઓના તારણ માટેના ઈશ્વરી હેતુઓનો અમલ કરવા માટે, પવિત્ર આત્મા પણ કોઈ પુનર્જન્મિત અને સમર્પિત જીવનદ્વારા કામ કરે છે, અને પોતાને પ્રગટ કરે છે.

ન્યાયીપણાનો સૂર્ય પણ એવા માણસોની મારફતે પોતાને પ્રગટ કરે છે અને કાર્ય કરે છે, પણ કરૂણ બીના તો એ છે કે તેના સેવકો ઘણી વાર ચંદ્ર જેવા બની જાય છે, જે ઘોર અંધારી રાતને પ્રકાશ આપવા માટે સૂર્યમાંથી ઉછીના લીધેલા અજવાળાનું કેવળ પ્રતિબિંબ પાડે છે, અને તે પણ હંમેશાં તો નહિ. વળી તે એટલે ચંદ્ર ઘણી વાર પૃથ્વી અને સૂર્ય વચ્ચે આવીને ગ્રહણ ઉપજાવે છે. તે જ રીતે આપણે પણ કેટલીક વાર ન્યાયીપણાના સૂર્ય અને આ પૃથ્વીના લોકની વચ્ચે આવીએ છીએ. અને એ રીતે તેમને અંધકારમાં રાખીને ઈશ્વરના નામને કલંક પણ લગાડીએ છીએ. આપણે તેથી ખંતીલા અને

પ્રાર્થનાવાદી થવું જોઈએ, કારણકે આપણા પ્રભુએ કહ્યું છે કે ''તારામાં જે અજવાળું છે, તે જો અંધકારરૂપ હોય તો તે અંધકાર કેટલો મોટો !'' (માંથી ૬; ૨૩) આપણી આંખો, જે આપણા શરીરનો દીવો છે, તે ઘણી નાની હોવા છતાં નાની ને મોટી, નજીકની ને દૂરની ઘણી વસ્તુઓ જોઈ શકે છે, આંખની આ નાની કીકીમાં, જો મોતિયો થઈ આવે કશું ન દેખાય તો તે અંધકાર ઘણો મોટો હોવા ઉપરાંત, આપણી ચોમેર અંધકાર ને અંધકાર સિવાય બીજું કશું હશે નહિ ને કશું જ દેખાશે નહિ. તેથી આપણામાં જે દૈવી પ્રકાશ છે, તે અંધકારરૂપ ન બને માટે, આપણે સાવધાન રહેવું જોઈએ (માંથ્થી ૫; ૧૬) ; અને તે અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દેવું જોઈએ કે તેઓ આપણી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના આપણા બાપની સ્તુતિ કરે.''

વળી એ પણ જરૂરનું છે કે આપણે, પેલા મોતી માટે ડૂબકી મારનારના જેવા થવું જોઈએ, જે સમુદ્રમાં ઊંડે ઊતરે છે, પોતાનો શ્વાસ ઘૂંટી રાખે છે, યા તો પાણીની સપાટી ઉપરની સ્વચ્છ હવા સાથે જોડાયેલી નળી વાટે હવા કે શ્વાસ લે છે. એ જ રીતે આપણે દુનિયામાં રહેનાર છતાં 'દુનિયાના નહિ' એવા થવું જોઈએ. આ દુનિયાનો શ્વાસ આપણે ન લેવો જોઈએ, એટલે જેમ પાઉલ કહે છે તેમ આપણે 'જગત વિષે મરેલા' અને 'ઈશ્વર સંબંધી જીવતા' એવા થવું જોઈએ. પ્રાર્થનારૂપી નળી વાટે આપણે પવિત્ર આત્મારૂપી શ્વાસ લેવો જોઈએ, અને એ રીતે હમેશાં જીવંત રહેવું જોઈએ.

આ પ્રમાણે, આપણે પોતાને **ઓળખવા** જોઈએ; અને જ્યારે આપણે પોતાને ઓળખીશું ત્યારે આપણી જરૂરિયાતોને પણ જાણીશું, અને જેનામાં આપણી સર્વ જરૂરિયાતો પૂરેપૂરી અને સંપૂર્ણ રીતે સદાને માટે સંતોષાય તેમ છે, તેને સહૃદયતાથી ઓળખવા માટે બધા પ્રયત્ન કરીશું. 'જગતે તો ઈશ્વરને ઓળખ્યો નથી.' અને ઓળખતું પણ નથી; પણ ''તેઓ'' તેમ જ બીજા જેમને પ્રેમાવતાર ખ્રિસ્ત તેને પ્રગટ કરશે તેઓ, ઈશ્વરને ઓળખે છે (યોહાન ૧૭ ; ૨૫ : માથ્થી ૧૧ ; ૨૭).

## પ્રકરણ ૮

## પ્રકીર્ણ

### કુદરત ઈશ્વરનાં ગુણગાનથી ભરપૂર છે, પણ માણસ નથી

તત્ત્વવેત્તાઓ અને વિદ્વાન પુરુષોનાં લખાણો અને પ્રવચનો સમજવા માટે પ્રથમ એ જરૂરનું છે કે આપણે તેમના પારિભાષિક શબ્દો જાણવા જોઈએ. પરંતુ કુદરત, જે ઈશ્વરનું પુસ્તક છે, તે સમજવા માટે દૃષ્ટિ એકલી પૂરતી છે. ''અરે ઓ વિચક્ષણ માનવી, તારી આંખને પેલાં લીલાંછમ દેખાતાં વૃક્ષોનાં પાંદડાં તો વસ્તુતઃ ઈશ્વરના પ્રકટીકરણના પુસ્તકનાં પૃષ્ઠ છે.'' નદીઓ, નાળાં, ઝરાઓ, પહાડો, ફળો અને ફૂલોની શકિતશાળી ભાષા વજ્ર હૃદયના માનવીને પણ પિગળાવી દે છે, પણ શરત એટલી કે તેમણે તેમના કાન ઉઘાડા રાખવા જોઈએ, આખી સૃષ્ટિ, બુલંદ અવાજે ઈશ્વરની પ્રશસ્તિ કરતી જણાય છે. એ સાંભળીને, હતભાગી માનવજાતની સ્થિતિ માટે કોઈ કોઈ અફસોસ વ્યક્ત કરે છે કે જ્યારે આ મૂક સૃષ્ટિ, હાસ્ય વેરતી અને આભારવશતાથી ઈશ્વરનાં ગુણગાન ગાય છે ત્યારે પેલો મનુષ્ય જેને ઈશ્વરે અર્ધો ફૂટ લાંબી જિહવા બક્ષી છે, તે જાણે મૂનિવ્રત લીધું ન હોય તેમ મૂંગોમંતર બનીને બેસી રહે છે ! અરે ઓ કાતિલ જબાનના માનવી, નકામા ગપાટા મારવામાં તું અતિ વાચાળ અને શૂરો છે પણ તારા સર્જનહાર અને સ્વામીની સ્તુતિ કરતાં, તારા હોઠ સિવાઈ જાય છે? ધિક્કાર છે તને, એક વાર નહિ પણ સો સો વાર ધિક્કાર !

### ઈશ્વરનું વચન આત્મા તથા જીવન છે

આ અમૂલ્ય પુસ્તકની, તેના કર્તાએ મને ઓળખ કરાવી, તેને આજકાલ કરતાં લગભગ ૨૫ વર્ષ થયાં છે, અને તે બધા સમય દરમિયાન મને મારો તારનાર તે પુસ્તકમાં જેવો વર્ણવ્યો છે તેવો જ હૂબહૂ જણાયો છે. ત્યાં તેના વિષે જે વાંચીએ છીએ, તેવો જ તે મારા પ્રત્યે થયો છે, ''દેવનું વચન આત્મા તથા જીવન છે'' એ શબ્દોને

લીધે, ભાષાકીય મુશ્કેલીઓ, અને શાસ્ત્રીય ટીકા ટિપ્પણોએ, પુસ્તકમાંનાં સત્યોને મારાથી ગુપ્ત રાખ્યાં નથી, યા તો તેઓ મારા હૃદયમાં, તેની પ્રાણદાયી અસર ઉપજાવવામાં તલભાર બાધક નીવડયાં નથી.

બાઈબલ વાંચતાંવાંચતાં, અગાઉ જેનો મને કદી સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહોતો, એવી સંપત્તિનો અકથ્ય, અને અનંત ખજાનો મને મળી આવ્યો છે અને હવે તેમાંનો સંદેશો બીજાઓને પહોંચાડતાં અને તેમની સાથે તેમાં સહભાગી બનતાં, મને અને તેમને પ્રાપ્ત થતો તેનો આશીર્વાદ નિરંતર વૃદ્ધિ પામતો જાય છે.

## જીવનનું પાણી

૧૯૨૨માં એક મિત્રની સાથે, પાલેસ્ટાઈનમાં મુસાફરી કરતાં કરતાં, ત્યાંના એક પ્રસિદ્ધ કૂવાનું (યાકૂબનો કૂવો) મધુર અને શીતળ જળ પીવાથી મને પુષ્કળ તાજગી મળી હતી. બે એક કલાક પછી, ફરી મને તરસ લાગી અને આપણા પ્રભુના પેલા શબ્દો મને જોરશોરથી યાદ આવ્યા; ''જે કોઈ આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે; પણ જે પાણી હું આપીશ તે જો કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ પણ જે પાણી હું તેને આપીશ, તે તેનામાં પાણીનો ઝરો થશે, અને તે અનંતજીવન સુધી ઝર્યા કરશે'' (યોહાન ૪; ૧૩-૧૪.) માણસના હાથે ખોદાયેલા એવા એક કૂવાનું પાણી મેં હમણાં જ પીધું હતું, ને મને ફરી તરસ લાગી. સંપૂર્ણ નમ્રતા અને કૃતજ્ઞતાપૂર્વક હું કહી શકું છું, કે મેં મારું અંતઃકરણ ખ્રિસ્તને સમર્પિત કર્યું, અને તેણે આપેલું પાણી પીધું, ત્યારથી માંડીને આજ આ બે દાયકા દરમિયાન, મને પણ કદી તૃષા લાગી નથી, કારણ કે નિશ્ચે તે જીવનનો ઝરો છે.

૫૭

## પ્રેરિત યોહાનની સુવાર્તા એ જીવનની રોટલી છે

મધ્ય પ્રાંતમાં, હું જ્યારે મુસાફરી કરતો હતો, ત્યારે ત્યાંના કેટલાક બિનખ્રિસ્તીઓ સાથે હું આપણાં જીવંત તારનાર વિષે વાત કરતો હતો. હું બોલી રહ્યો, એટલે મેં લોકોને પૂછયું કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે વધુ જાણવાની જિજ્ઞાસાથી, તમારામાંથી કોઈ ને બાઇબલ વાંચવાની ઇચ્છા છે કે કેમ? ત્યાં એક માણસ હતો, તે ખ્રિસ્તી ધર્મનો કટ્ટર વિરોધી હતો. તેણે યોહાનની સુવાર્તાની એક નકલ લીધી. તેમાંના બે ત્રણ વાકયો તેણે વાંચ્યાં, અને પછી લાગલા જ તેને ફાડીને ચૂરેચૂરા કરીને ફેંકી દીધી. રેલગાડીના એક ડબામાં આ ઘટના બનેલી. બે વર્ષ પછી એક અજાયબ જેવી વાત મારા સાંભળવામાં આવી. જે દિવસે પેલા માણસે યોહાનની સુવાર્તા લીધી, ને તેને ફાડીને બારીમાંથી બહાર ફેંકી દીધી, તે જ દિવસે એક સત્યશોધક રેલના પાટાના રસ્તે થઈને જતો હતો. સુવાર્તાના ચિરાયેલા ટુકડા તેના જોવામાં આવ્યા, તેણે તે ઉઠાવી લીધા ને વાંચવા લાગ્યો. 'અનંત જીવન' એ શબ્દો તેની દષ્ટિએ પડયા. હિંદુધર્મની માન્યતા મુજબ આપણે મરતા નથી પણ લખચોર્યાશીનો ફેરો પૂરો કરી, ફરી પાછા આ દુનિયામાં આવીશું, એ વાત કદાચ સાચી હોય. પણ ''અનંત જીવન''! પછી સુવાર્તાના બીજા એક ટુકડામાં તેણે ''જીવનની રોટલી'' એ શબ્દો જોયા. તે વિષે વધારે જાણવાની તેને જિજ્ઞાસા થઈ. આ જીવનની રોટલી એટલે શું ? તેણે આ કકડાઓ બીજા એક માણસને બતાવ્યા, ને તેને પૂછયું '' આ કયું પુસ્તક છે, તે મને કહી શકશો ? '' પેલા માણસે કહ્યું કે ''તે એક ખ્રિસ્તીધર્મનું પુસ્તક છે, તમારે તે વાંચવા જોઈએ નહિ તમે અભડાશો. આવાં પુસ્તકો તમારે વાંચવાં જોઈએ નહિ. '' છેલ્લે પેલા શોધકે કહ્યું ''મારે આ વિષે કંઈક વધારે જાણવું જોઈએ. આ બાબતો વિષે વધારે જાણવામાં કંઈ જોખમ નથી.'' જઈને તેણે નવા કરારનું પુસ્તક ખરીદ્યું, ને વાંચવા લાગ્યો, ને તેને આપણો તારનાર મળ્યો. ખરેખાત, પ્રેરિત યોહાનની સુવાર્તાનાં ફાડી નાખેલાં

પાનાં તેને માટે જીવતી રોટલી ટુકડા જેવાં અર્થાત જીવનની રોટલી સાબિત થયાં.

## જો કે આપણે જોતા નથી, છતાં વિશ્વાસ કરવો જોઈએ

હિંદુસ્તાનની ટેકરીઓમાં મુસાફરી કરતાં એક વખત હું એક ખડક પર આરામ લેવા બેઠો. ખડકની નીચે એક ઝાડવું હતું, જેના જાળામાં એક માળો હતો, ને તેમાંથી નાનાં બચ્ચાંઓનો અવાજ આવતો હતો. માદા ખોરાક સાથે પાછી આવી હતી, ને પેલાં બચ્ચાંએ, જેવો તેની પાંખોનો ફફડાટ સાંભળ્યો, કે તરત તેમણે બુમરાણ મચાવ્યું. માદાએ જ્યારે તેમને ખોરાક આપ્યો ને પછી ઊડી ગઈ, ત્યારે બચ્ચાં ફરી શાંત થઇ ગયાં. મેં માળાને તપાસ્યો, તો મારી અજાયબી વચ્ચે મને જણાયું કે તેમની આંખો ઊઘડે એટલાં મોટાં તેઓ હજી થયાં નહોતાં, છતાં પણ માદાને જોયા વિના તેના આગમન પ્રસંગે, તેઓ પોતાની ચાંચ ઉઘાડતાં હતાં. તેઓ એવું બોલતાં નહોતાં કે ''અમારી માને કે ખોરાકને ન જોઈએ ત્યાં સુધી અમે અમારાં મોં ખોલવાનાં નથી, કારણ કે આવનાર તે ખરેખર અમારી મા જ છે કે કોઈ દુશ્મન, યા તો તે અમારે માટે ખોરાક જ લાવે છે કે ઝેર તે અમે જાણતાં નથી.'' આ સિદ્ધાંત અનુસાર તેઓ વર્ત્યાં હોત, તો તેમને વસ્તુત: ખાવાની કે જોવાની કોઈ તક મળી જ નહોત, કારણ કે આંખો ઊઘડયા પહેલા જ તેઓ ભૂખે મરી ગયાં હોત. તેમની માના પ્રેમ વિષે તેમને શંકા નહોતી, પણ તે જે કંઈ લાવતી, તેનો તેઓ શ્રદ્ધાથી સ્વીકાર કરતાં હતાં. થોડા દિવસ પછી જ્યારે તેમની આંખો ઊઘડી, ત્યારે પોતાની વહાલી માને જોઈને તેમને આનંદ થયો હશે, ને તેના સ્વરૂપ પ્રમાણે દિન પ્રતિદિન મોટા ને બળવાન થઈને થોડા વખત પછી ઊડી જવા શક્તિમાન થયાં હશે. માણસો જે ઈશ્વરની સર્વોચ્ચ કૃતિ છે, તે શું આ નાનાં ને નજીવાં બચ્ચાં કરતાં ઊતરતી કક્ષાનાં નથી, કારણં કે ઘણી વખત, આપણને આપણા આકાશવાસી પિતાના અસ્તિત્વ અને પ્રેમ વિષે સંદેહ આવે છે? ઈસુએ કહ્યું કે ''જેઓએ જોયા વિના વિશ્વાસ

કર્યા છે તેઓને ધન્ય છે'' (યોહાન ૨૦; ૨૯)

## જીવન હા, પુષ્કળ જીવન

એક માણસ એટલો બધો બીમાર હતો કે તે ખાટલામાં હરી ફરી શકતો નહોતો. હાથ પગ પક્ષાઘાતથી જકડાઈ ગયા હતા. પછી ત્યાં એક ઝેરી નાગ આવ્યો, અને પેલો માંદો માણસ નાસવાને અશક્ત હોઈને તેને ડસ્યો, ને પેલો માંદો મરી ગયો. કેટલાક ખ્રિસ્તીઓને જીવન છે ખરું, પણ પોતાને બચાવવા પૂરતું નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને એવું ભરપૂર જીવન દેવા આવ્યો, કે જેથી આપણે પાપમાંથી બચી જઈએ. આજીવનના સહભાગીદાર થવા માટે આપણે સર્વસ્વનો ત્યાગ કરવા, અને તેની પાછળ ચાલવા તૈયાર થવું જોઈએ.

## અનંતજીવન હ્યાં ને અત્યારે શરૂ થાય છે

સ્વામી કહે છે કે તેનાં વચનો આત્મા અને જીવન છે. દરેક સાચા ખ્રિસ્તીને, પોતાના વ્યક્તિગત અનુભવ અને નિરીક્ષણ પરથી લાગે છે, કે ઈશ્વરનું વચન, ખરેખર, હરેક પ્રકાર ને જાતના લોકના મૃત હૃદયોને સજીવન કરે છે. બીજા ધર્મોનાં પાક પુસ્તકો એવું શીખવે છે, કે જો હ્યાં આપણે પ્રાર્થનામય અને સંયમી જીવન ગાળીએ તો હવે પછી આપણને અનંતજીવન મળશે, પણ જો અત્યારેજ આપણને અનંતજીવન મળતું નથી તો ભવિષ્યની તેની આશા નિરર્થક છે. જે ઈશ્વર આપણને હ્યાં ને અત્યારે જ જીવન આપે છે એટલું જ નહિ પણ સ્વર્ગીય અનંતજીવન આપે છે, અને દરેક વિશ્વાસુના હૃદયને તેનો પવિત્ર આત્મા આપી સ્વર્ગ બનાવે છે, તેની સ્તુતિ થાઓ! ભવિષ્યમાં આપણને અનંતજીવન મળશે તેની આ સાબિતી છે.

## અનુભવ પછી જ સમજણ

હિમાલય પર્વત, જ્યાં કાયમ બરફ પડેલો રહે છે, અને જ્યાં

દરેક વસ્તુ હિમને કારણ થીજી જાય છે, ત્યાં મુસાફરી કરતાં હું કેટલાક ગરમ ઝરાઓ પાસે આવી પહોંચ્યો, અને તે વિષે હું એક માણસ સાથે વાત કરતો હતો. તેણે પાણીને સ્પર્શ કરી જોયો ત્યાં સુધી તે માનતો નહોતો; અને પછી તેણે કહ્યું કે પહાડ પર કોઈ સ્થળે દવ લાગ્યો હોવો જોઈએ. સમજવા માટે, તેનું મગજ તેને મદદ કરતું હતું. તેને અનુભવ થયો હતો. આપણને પણ આત્મિક અનુભવ ન થાય ત્યાં સુધી આપણે સમજી શકતા નથી, અને એ અનુભવ તો પ્રાર્થના દ્વારા પ્રાપ્ત થાય છે.

## પ્રાર્થના એ છૂપું મૂળ છે

જ્યાં પાણીનું નામ નિશાન નહોતું, તેવા એક રણમાં લીલા પાંદડાંવાળું, ને ફળથી લચેલું એક વૃક્ષ હતું. તેનું કારણ એ હતું કે એ ઝાડનાં લાંબાં મૂળિયાંને જમીનના ઊંડાણમાં પાણીનો એક ઝરો મળી આવ્યો હતો, તે દ્વારા તેમને રસકસ મળતાં હતાં. પ્રાર્થના આવું અદશ્ય મૂળ છે, જે ઈશ્વરરૂપી ગુપ્ત ઝરા સુધી પહોંચે છે. પ્રાર્થનાની મારફતે, આપણને, ઈશ્વર તરફથી જીવન અને ફળ આપવાની શક્તિ મળે છે.

## મૃત મંડળીઓ

પાલેસ્ટાઈનમાં, યરદન નદી પાસે ઊભો રહીને હું વિચારતો હતો કે " આ પાણી, આ તાજું મીઠું પાણી આખો વખત, સતત વહીને મૃત સરોવરમાં ઠલવાય છે, તેમ છતાં તે સરોવર મૃત રહે છે, કારણ કે તેમાંથી પાણીનો પ્રવાહ પાછો ઠેલાતો નથી. એજ રીતે કેટલીક ખ્રિસ્તી મંડળીઓ છે, જે નિર્જીવ કે મરેલી છે, પ્રભુ ઈસુ ખ્રિસ્તમાંથી મળતું તાજું પાણી તેમનામાં સતત વહ્યા કરે છે ખરું, છતાં તેઓ મરેલી છે. શા માટે? કારણ કે તેઓ આ પાણી બીજાઓને આપતી નથી.

## આપણને એક જ અંતઃકરણ છે; તે ઈશ્વરને આપો

આપણને એક જ અંતઃકરણ છે; જો બે હોત, તો તેમાંનું એક જગતને આપતઃ પણ એક જ હૃદય છે, તેથી તે ઈશ્વરને સોંપો અને

બદલામાં ઈશ્વર તમને મળશે, અને તેની સાથે સર્વસ્વ.

## તારા એકલાની જ મને તૃષ્ણા છે

હે મારા સ્વામી ને પ્રભુ, મારા સર્વસ્વ, મારા જીવનનું જીવન ને મારા આત્માના પરમાત્મા, મારા પર દયા દષ્ટિ કર, અને તારા પવિત્ર આત્માથી મને એવો ભર, કે જેથી મારા અંતરમાં તારા સિવાય બીજી કોઈ વસ્તુના પ્રેમનો અવકાશ ન રહે. તું કે જે મારો જીવનદાતા, અને જીવનના સઘળા આશીર્વાદો આપનાર છે, તે તારા સિવાય બીજા અન્ય વરદાનની મને અપેક્ષા નથી. તારી પાસેથી દુનિયા કે તેના ભંડારો હું માગતો નથી, અરે સ્વર્ગની પણ માગણી કરતો નથી. પણ તને એકલો જ હું ઇચ્છું છું, તારે માટે જ ઝંખું છું, અને જ્યાં તું છે, ત્યાં સ્વર્ગ જ છે. જે અંતઃકરણને તેં જન્મ આપ્યો છે, તેની ક્ષુધા અને તૃષા, કેવળ તારાથી જ સંતોષાય છે. હે મારા સર્જનહાર મારું હૃદય તેં તારે જ માટે બનાવ્યું છે, ને અન્ય માટે નહિ; તેથી મારું આ અંતઃકરણ જેને તેં જ બનાવ્યું છે, ને તે સાથે તેમાં આરામ માટેની તૃષ્ણા પણ મૂકી છે, તે તારા સિવાય બીજે ક્યાંથી આરામ કે ચેન પામનાર નથી. તેથી હવે તારી વિરુદ્ધનું જે કાંઈ હોય, તે આ અંતકઃરણમાંથી તું દૂર કર તેમાં પ્રવેશ કર, સદા રહે, અને તેમાં તારી ગાદી સ્થાપ. આમેન.

2BGV2

મૂળ કિંમત રૂ. ૨૦

સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ